Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ શ્રાવણ-ભાદરવો

## પર્યુષણ અંક

# ક્ષ•મા•પ•ના

જો ઉત્સૂત્ર પ્રરૂપણા પ્રગટમાં હોયે કદી આચરી,
શુદ્ધાશુદ્ધ લખેલ હોય કદી જો લેખો પ્રમાદે કરી.
વિરાધ્યા કદીયે ચતુર્વિધ મહા જો હોય શ્રી સંઘને,
મિથ્યા દુષ્કૃત સર્વ તે અમ હજો પર્યુષણારાધને.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૨ ] ઓગષ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૫ [ અંક : ૧૦-૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ...નુ...ક્ર...મ...ણિ...કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અધ્યાત્મિક આનંદ | અનંતરાય જાદવજી શાહ | ૧૬૩ |
| ૨. | તમે ગુણાનુરાગી બનજો ? | દેસાઈ જગજીવનદાસ જે. જૈન | ૧૬૪ |
| ૩. | અહિંસાત્મક આરાધના | પં. લાલચન્દ્ર ભગવાનદાસ | ૧૬૫ |
| ૪. | મહાવીરનો વિચાર સમન્વય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૬૮ |
| ૫. | આદર્શ વિભૂતિ | સાધ્વીજી મહારાજ શ્રી ૐકારશ્રીજી | ૧૭૩ |
| ૬. | પઢે પોપટ....પ્યારૂં અકારૂં | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૭૭ |
| ૭. | સુજાતાની ક્ષમાવૃત્તિ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૭૯ |
| ૮. | ત્યાગ-દાન અને આચરણ | ભાનુમતિ દલાલ | ૧૮૩ |
| ૯. | વાણીનો સંયમ | શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહ | ૧૮૫ |
| ૧૦. | બ્રહ્મદત્ત ચક્રવર્તી | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૮૯ |
| ૧૧. | સુખ અને શાંતિ | ઊપાધ્યાય શ્રી અમર મુનિ | ૧૯૩ |
| ૧૨. | સ્વાસ્થ્ય અને મનોવૃત્તિઓ | પૂ. સાધ્વીશ્રી કનકશ્રીજી | ૧૯૫ |
| ૧૩. | આત્માની ઝાંખી | મકરન્દ દવે | ૧૯૯ |
| ૧૪. | શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહનું નિવેદન | — | ૨૦૩ |
| ૧૫. | શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહના પત્ર ઉપરનો ઠરાવ | — | ૨૦૫ |



## આ સભાના નવા માનવંતા પેટ્રનો

## શ્રી વિજેન્દ્રભાઈ હીંમતલાલ-મુંબઈ

## શ્રી શાંન્તીલાલ બેચરદાસ (ભાવનગરવાળા) મુંબઈ

## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી નટવરલાલ એમ. શાહ મુંબઈ

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય : વિદ્યાર્થિની સ્કોલરશિપ : ૧૯૭૫

માર્ચ, ૧૯૭૫ માં લેવાએલ ગુજરાત અને મહારાષ્ટ્ર એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં શ્વેતામ્બર જૈન વિદ્યાર્થિનીઓમાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરી આગળ અભ્યાસ કરનાર કુ. માણીક દેવકરણજી જૈનને રૂપિયા ત્રણસોની સ્કોલરશિપ આપવામાં આવી છે. આ વિદ્યાર્થિની પૂના શ્રી એચ. એચ. સી. પી. હાઈસ્કુલમાંથી ૫૯૭/૭૦૦ (૮૫.૨%) માર્કસ મેળવી ઉત્તિર્ણ થએલ છે. અને પૂનાની ફરગ્યુસન કોલેજમાં પ્રિ. ડિગ્રિ સાયન્સમાં અભ્યાસ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. વિજેન્દ્રભાઈ હિંમતલાલ દલાલના

## જીવનની ટૂંકી રૂપરેખા



પાણીમાં તરવાની ક્રિયા જાણવા છતાં, તે ક્રિયા કરવામાં ન આવે તો પાણીમાં તરી શકાતું નથી, તે જ પ્રમાણે ભવસાગરને તરવાનો ઉપાય જાણવા છતાં, તે ઉપાયને આચરણમાં ન મુકાય તો ભવસાગર તરી શકાતો નથી. તેથી જ આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે કે, **सम्यग् ज्ञानक्रियाभ्यां मोक्षः** અર્થાત્ સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા–આચરણ એ બંનેનો સમન્વય થાય ત્યારે જ મોક્ષ સાધન શકય બને. આ રીતે સાચા જ્ઞાન અને સાચી ક્રિયાનો જેમના જીવનમાં મહદ્ અંશે સમન્વય થયેલો જોવામાં આવે છે, તે શ્રી. વિજેન્દ્રભાઈનો જન્મ પાટણ (ગુજરાત)માં ઈ. સ. ૧૯૨૨ માં શ્રી. હિંમતલાલ વસ્તાચંદ દલાલને ત્યાં થયો હતો. તેઓનું મૂળ વતન પાટણ, પણ પિતાનો વ્યવસાય મુંબઈમા એટલે શ્રી વિજેન્દ્રભાઈનો ઉછેર તો મુંબઈમાં જ થયો. મેટ્રીક સુધી અભ્યાસ કરી તેઓ વ્યવસાયમાં જોડાઇ ગયા. ઈ. સ. ૧૯૪૫ સુધી તેઓએ શેર બજારમાં કામ કર્યું. તે પછી તેમનો મુખ્ય વ્યવસાય એકસપોર્ટ–ઈમ્પોર્ટના કામનો હતો.

જૈન સમાજે જેમને મહારાષ્ટ્રના સિંહની ઉપમા આપેલી છે, તે શ્રી. પોપટલાલ રામચંદના બહેન શ્રી. સૌદામિનીબેન સાથે ઓગણીસ વર્ષની વયે તેમના લગ્ન થયા. તેમને બે સંતાનો છે એક પુત્ર અને એક પુત્રી. પુત્રી શ્રી. લોપામુદ્રાબહેન ડોકટર છે. ઇંગ્લાંડમાં મેડીકલ લાઈનમાં આગળ અભ્યાસ કરી તેઓ હાલ અમેરિકામાં પ્રેકટીસ કરે છે. તેમના પતિ પણ એફ. આર. સી. એસ. છે અને પતિ પત્ની બંને યુ એસ.માં પ્રેકટીસ કરે છે.

તેમના એકના એક પુત્ર શ્રી. વિક્રમભાઇનો જન્મ ઇ. સ. ૧૯૪૫માં થયો. શ્રી વિક્રમભાઇ મેટ્રીક સુધી અભ્યાસ કરી પોતાના ધંધામાં જોડાઇ ગયા. પી. દલાલ એન્ડ કંપની, ટેસ્ટીંગ મશીન કોરપોરેશન વિ. કંપનીઓનું સંચાલન કાર્ય શ્રી. વિજેન્દ્રભાઇ ઇ. સ. ૧૯૭૪ માં સક્રિય ધંધામાંથી નિવૃત્ત થતાં, શ્રી. વિક્રમભાઇ જ સંભાળે છે. સ્વીટઝરલેન્ડની મશીનરી ઇન્સ્ટ્રુમેન્ટની જગ વિખ્યાત કંપની ટેસાના તેઓ ભારત ખાતેના સોલ એજન્ટો છે.

આ રીતે ધંધાદારી ક્ષેત્રે શ્રી વિજેન્દ્રભાઇની અત્યંત સફળ કારકિર્દી હોવા છતાં, તેમનું મુખ્ય ધ્યેય અને લક્ષ તો આધ્યાત્મિક છે. વરસોથી તેમને ત્યાં ધાર્મિક શિક્ષક અભ્યાસ કરાવવા આવે છે. યોગ અને ધ્યાનમાં તેઓ ઊંડો રસ ધરાવે છે, અને આ વિષયમાં ઊંડા ઊતરી તેમણે તલસ્પર્શી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીના 'જ્ઞાનસાર'ના દરેક અધ્યયનનો મનન-પૂર્વક અભ્યાસ કરી હરહંમેશ ચિંતન કરે છે તેમણે જૈનધર્મનું પાયાનું જ્ઞાન મેળવ્યાં ઉપરાંત, આચારાંગ જેવા આગમસૂત્રમાં પણ ડુબકી મારી છે. સાધુ સંતોનો સમાગમ તેમનો પ્રિય વ્યવસાય છે. પૂજ્ય મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સમાગમમાં આવ્યા પછી, તેમના જીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માર્થી જીવના લક્ષણ બતાવતાં એક ગાથામાં કહ્યું છે કે —

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણ યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.

અર્થાત્ આત્માર્થી પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્ત થાય તેને પરમ ઉપકારનું કારણ માને છે અને મન–વચન–કાયાની એકતાથી આજ્ઞાંકિતપણે વર્તે છે-આ ગાથાનો ચરિતાર્થ શ્રી. વિજેન્દ્રભાઇમાં પ્રત્યક્ષરૂપે જોવાનો મળે છે. તેઓ અવારનવાર પૂ. ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના દર્શને જાય છે અને શંકાનું સમાધાન પ્રાપ્ત કરી આવે છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે **जं समंति पासह तं मोणंति पासह**–જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યાંજ મુનિપણું જાણવું. શ્રી. વિજેન્દ્રભાઇના સદ્‌ભાગ્યે અને પરમ પુણ્યોદયના કારણે આવા મહાન મુનિરાજનું માર્ગદર્શન તેમને પ્રાપ્ત થયું છે. શ્રી. વિજેન્દ્રભાઇને હાર્ટડીસીઝ છે, પણ વરસોથી પાંચ તિથિના બેસણાં કરે છે. બે વર્ષ પહેલાં ઉપલાં ઉપધાન તપ (અઢારીયું)નો પણ તેમણે લહાવો લીધો છે. ચૈત્ર-આસો માસમાં શક્ય હોય ત્યારે ઓળી પણ કરે છે.

યુવાવસ્થામાં પુરુષ જ્યારે આધ્યાત્મિક પંથે વળે છે, ત્યારે તેના પાયામાં તેની પત્નીનો ફાળો વિશેષ પ્રમાણમાં કામ કરી જતો હોય છે. શ્રી સૌદામિની બહેન પણ વૈભવ વચ્ચે રહેવા છતાં અત્યંત ધર્મનિષ્ઠ અને તપસ્વી છે. તેમણે પણ ઉપધાન તપનો લહાવો લીધો છે. વર્ધમાન તપ આંબેલની ઓળીનો પાયો નાંખેલો છે. તેમનામાં રહેલો વૈયાવચ્ચનો ગુણ ભારે પ્રશંસનીય છે. તીર્થયાત્રામાં જવાનું થાય ત્યારે સાધ્વીજીઓને વહોરાવવા જરૂરી સામગ્રી સાથેજ લઇ જાય અને ઉપાશ્રયોમાં જઈ પોતે જાતે અત્યંત ઉલ્લાસ અને ભાવપૂર્વક વહોરાવે. આપણે ત્યાં વૈયાવૃત્યનું બહુ મોટું માહાત્મ્ય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં તો સ્પષ્ટ કહ્યું છે કે **वेयावच्चेणं तित्थयर नामगुत्तं कम्मं निबंधइ** અર્થાત્ વૈયાવૃત્ય એવું મહાન તપ છે કે જેનાથી તીર્થંકર નામગોત્ર કર્મ બંધાય છે. મનમાં વસવસો હોય તો માત્ર એકંજ વાતનો–આવો ઉત્તમ માનવ જન્મ, શ્રેષ્ઠ ધર્મ અને તમામ સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થયા હોવા છતાં સાધ્વીજી થવાનું શક્ય ન બન્યું. વિચારો અને ભાવનામાં પણ એક પ્રકારની અદ્‌ભુત શક્તિ રહેલી છે. ગીતાના એક શ્લોક અનુસાર માણસનો જન્મ તેની ગત જન્મની અધુરી વાસના પૂરી થાય એવા વાતાવરણમાં થાય છે. સાધુ મુનિરાજો અને સાધ્વીજીઓ પાસે શ્રી. સૌદામિની બહેન જ્યારે વાસક્ષેપ નખાવતા હોય છે, ત્યારે તેના મનમાં આવતે જન્મે ત્યાગ ધર્મનો યોગ પ્રાપ્ત થાય એવીજ ભાવના રમતી હોય છે. હવે પછીના જન્મમાં તેમની આવી મનોકામના જરૂર સિદ્ધ થશે એમ વગર શંકાએ ચોક્કસ રીતે કહી શકાય.

શ્રી. વિજેન્દ્રભાઈ જેવા એક ધર્મનિષ્ઠ અને જ્ઞાનનિષ્ઠ મહાનુભાવ આ સભાને પેટ્રન તરીકે પ્રાપ્ત થયા, તે માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમને તન્દુરસ્ત દીર્ઘ આયુષ્ય ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ શ્રાવણ ∴ ઈ. સ. ૧૯૭૫ ઓગષ્ટ [ અંક : ૧૦-૧૧

## —: આધ્યાત્મિક આનંદ :—

દુનિયા મહીં વાતો ઘણી ચર્ચા થકી સમજાયના,
ચર્ચા બહુ કરવા છતાં પાર કાંઈ પમાયના.
લાડુ અને મિષ્ટાન્નની વાતો કર્યેથી શું વળે ?
વાતો કરો મોટી ભલે પણ સ્વાદ શું તેથી મળે ?
એવી રીતે અધ્યાત્મની ચર્ચા કર્યેથી શું વળે ?
અધ્યાત્મનો આનંદ કૈં ચર્ચા કર્યેથી ના મળે ?
અધ્યાત્મના આનંદને વાણી વર્ણવી ના શકે,
અધ્યાત્મનો આનંદ માણે તેજ તે જાણી શકે.
અધ્યાત્મમય જીવન જીવો અધ્યાત્મ સુખને જાણવા
અધ્યાત્મમય જીવન જીવો અધ્યાત્મ સુખને માણવા

—અનંતરાય જાદવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમે ગુણાનુરાગી બનજો !

તમે ગુણાનુરાગી બનજો
અંતરને નિરમળ કરજો—તમે
બીજાનાં અવગુણ નિહાળી
અંતર દષ્ટિ તમે કરજો—તમે

પરદુઃખને સમજી પોતાનાં
ઉપાય એનો કરજો
સહેજો દુઃખ તમારાં સઘળાં
પરપીડા હૈયે ધરજો—તમે

આ મારૂં આ તારૂં આવા
ભેદ મહિ નવ રાચો
મૈત્રી ભાવના તૂટયાં બંધન
હવે જરા તો જાગો—તમે

વારસદાર તમે વીર પિતાના
પેઢીનાં તેજ દિપાવો
સમય જાય છે સજ્જ બની સૌ
મૈત્રી ગાન રચાવો—તમે

સત્ય અહિંસા પ્રેમ વહાવી
જીવનનું મંગળ કરજો
ધર્મ તત્ત્વ આ અજબ અનેરૂં
એના શરણાં તમે ધરજો—તમે

ધર્મ કહે છે ધારણ કરવું
જીવનને "ધર્મ" બનાવો
માનવતાના દીપ ઝલાવી
તમે માનવતા પ્રગટાવો—તમે

દેસાઈ જગજીવનદાસ જે. જૈન
બગસરા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાત્મક આરાધના

(લે. પં. લાલચન્દ્ર ભગવાનદાસ–વડોદરા)

પ્રતિવર્ષ પર્યુષણા કલ્પનું આરાધન મુખ્યતયા સાધુઓ અને સાધ્વીઓ કરે છે, તેમને અનુસરીને, તેમના ઉપદેશાનુસાર, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ યથાશક્તિ ધર્મનું આરાધન કરે છે. શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે (વિક્રમ સંવત ૫૧૦ વર્ષે) શ્રીકલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું. લખાયું અને વીર નિર્વાણ પછી ૯૯૩ વર્ષે (વિક્રમ સંવત ૫૨૩ વર્ષે) પુત્રના મરણથી આર્ત મહારાજા ધ્રુવસેન અને પ્રજાના શોક–શમન આશ્વાસન માટે શ્રી શ્રમણસંઘે આનન્દપુરમાં સભા સમક્ષ શ્રી કલ્પસૂત્રને જાહેરમાં વાંચવાની યોજના કરી તે પ્રમાણે ત્યારથી હાલ પણ તે પ્રવૃત્તિ જૈન સમાજમાં ચાલુ છે. શ્રી કલ્પસૂત્રની રચના ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે, એથી એ વિશેષ માનનીય છે, અર્ધમાગધી–આર્ષ પ્રાકૃત ભાષામાં ગ્રં. ૧૨૧૬ (બારસો–બારસા) શ્લોક પ્રમાણ મહત્ત્વનો ગ્રન્થ છે. તેનું બહુમાન કરાય છે તેમાં મંગલ તરીકે વર્તમાન શાસનના અધિપતિ ૨૪મા તીર્થંકર શ્રી વર્ધમાન ભગવાન મહાવીરસ્વામીનું ચરિત્ર વિસ્તારથી છે, તથા ત્યારપછી ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું તથા ૨૨મા તીર્થંકર અરિષ્ટનેમિનું ચરિત્ર સંક્ષેપથી છે. તે પછી તીર્થંકરોના આંતરા સૂચવ્યા પછી આ અવસર્પિણી કાલમાં યુગની આદિમાં થયેલા પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનનું ચરિત્ર છે. તે પછી ભગવાન મહાવીરના ગણધરો, સ્થવિરોની આવલી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ (વલભીપુરમાં જૈન આગમોને મુખ્યતયા પુસ્તકારૂઢ કરાવનાર) સુધીનો સંક્ષિપ્ત પરિચય છે. તે પછી સાધુ–સમાચારી છે, જેમાં સાધુ–સાધ્વીઓના સમાચારની મર્યાદા દર્શાવી છે.

એ તીર્થંકરોના ચરિત્રોમાં વિવિધ કર્મોને કારણે કેવું કેવું સહન કરવું પટયું ભગવાન મહાવીરને પણ તીર્થંકર તરીકેના છેલ્લા ભવમાં પણ તેમને વિવિધ પરીષહો તથા અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગો થયા, દુષ્ટ દેવો, માનવો અને ચંડકૌશિક દૃષ્ટિવિષ સર્પ અને તિર્યંચોના અત્યન્ત ભયંકર પ્રાણાન્ત વિકટ ઉપસર્ગોના પ્રસંગમાં પણ તેઓ સમભાવમાં રહ્યા આત્મધ્યાનથી લેશમાત્ર ચલાયમાન થયા નહિ, ઉત્કૃષ્ટ પ્રકારની ક્ષમા, માર્દવ, આર્જવ વગેરે શ્રમણધર્મની કસોટી થઇ એમાં એ પાર ઉતર્યા–એથી એમને પરિપૂર્ણ કેવલજ્ઞાન અને કેવલદર્શન થયું એ પછી એ ભગવાન મહાવીરે ઉત્તમ તીર્થ પ્રવર્તાવ્યું ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ૧૧ ગણધરોની સ્થાપના કરી, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, જગતને કલ્યાણનો માર્ગ દર્શાવ્યો. સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષમાર્ગ દર્શાવ્યો. પ્રાણાતિપાત (હિંસા) થી વિરમણ મૃષાવાદ (અસત્ય જૂઠ)થી વિરમણ કરવાનું સમજાવ્યું, તેમજ અદત્તાદાન–વિરમણ (ચોરીનો ત્યાગ કરવાનું) સમજાવ્યું, મૈથુન–ત્યાગ (બ્રહ્મચર્ય–પાલન) (ગૃહસ્થોને સ્વદાર–સંતોષ પરદારા પરિહાર) તથા પરિગ્રહ વિરમણ (ગૃહસ્થોને પરિગ્રહ–પરિમાણ) તથા રાત્રિ ભોજન વિરમણ સાધુ–સાધ્વીઓને એ મહાવ્રતો અને શ્રાવક શ્રાવિકાઓ ગૃહસ્થોને તેમની મર્યાદામાં(૫)અણુવ્રતો (૩) ગુણવ્રતો (૪) શિક્ષાવ્રતોનો બોધ આપ્યો તેમજ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ એ કષાયોનો ત્યાગ કરવા સમજાવ્યું તથા (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન (આળચડાવવું) (૧૪) પૈશુન્ય (ચાડી–ચુગલી) (૧૫) રતિ–અરતિ (૧૬) પર–પરિવાર (૧૭)માયા મૃષાવાદ (૧૮) મિથ્યાત્વશલ્ય એ ૧૮ પાપસ્થાનકોને પરિહાર કરવાનું સમજાવ્યું.

એ પ્રાકૃત ભાષામય કલ્પસૂત્ર ઉપર કાલાન્તરે સમયને અનુસરી સંસ્કૃત ભાષામાં અનેક વિદ્વાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિરાજોએ વ્યાખ્યાઓ રચી હતી, તેમાં હાલમાં તપાગચ્છમાં શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયે રચેલી કલ્પસૂત્ર કિરણાવલી (રચના સંવત ૧૬૨૮) તથા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીની કલ્પસૂત્ર-સુબોધિકા (રચના વિક્રમ સંવત ૧૬૯૬) વિસ્તૃત ગ્રં. ૫૦૦૦ શ્લોક પ્રમાણ પર્યુષણમાં નવ વ્યાખ્યાનોમાં વંચાય છે. નવમા વ્યાખ્યાનમાં મૂળ વંચાય છે. ખરતરગચ્છમાં ઉપાધ્યાય શ્રી સમય-સુંદરની કલ્પલતા વંચાય છે. વર્તમાનમાં પણ કેટલાક મુનિરાજોએ સંક્ષેપમાં વ્યાખ્યાઓ રચી છે. કેટલાકે સુબોધિકાનું ભાષાન્તર પ્રકાશિત કર્યું છે. વિક્રમની ૧૮મી સદીમાં ક્ષમાવિજયજી મહારાજે કલ્પસૂત્ર-બાલાવબોધ (ગુજરાતી ભાષામાં લખ્યો) રચેલ છે, તેને સ્વ. પં. અમૃતલાલ અમરચંદ સલોતે સંસ્કારી ચાલુ ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરેલ છે, જે ખેમશાઇના નામથી પણ ઓળખાય છે.

જન્મથી મતિ, શ્રુત, અવધિજ્ઞાની ભગવાન મહાવીરે ૩૦મા વર્ષે પ્રવ્રજ્યા સ્વીકારી શ્રમણ થતાં પહેલાં વર્ષીદાન આપી દાન તથા શીલનું પાલન અને પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી ૧૨ાા વર્ષની સાધક દશામાં ઉગ્ર તપ-સાધના કરી હતી, છમાસી, ચારમાસી વગેરે વિવિધ તપો કર્યા હતા. એ વર્ષો દરમ્યાન ૩૪૯ જેટલાં પારણાં કર્યાં હતાં, અપ્રમત્તભાવે કાયોત્સર્ગે આત્મધ્યાનમાં મગ્ન રહ્યા હતા.

વિક્રમની તેરમી સદીમાં સુપ્રસિદ્ધ પ્રભાવક કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ગુરુના સદુ-પદેશના પ્રભાવે પરમાર્હત મહારાજા કુમારપાલે ગુજરાત વગેરે દેશોમાં અમારિ-અહિંસા પ્રવર્તાવી હતી, જગતના જીવોને અભયદાન આપ્યું હતું.

વર્તમાનમાં જગત્‌માં ભયંકર હિંસાઓ વિવિધ પ્રકારે ચાલી રહી છે, પ્રતિદિન કતલખાનાઓમાં અને અન્યત્ર ઘોર ક્રુર હિંસાઓ-હત્યાઓ થઇ રહી છે, જલચર જીવો-માછલાંઓ વગેરેનો સંહાર થઇ રહ્યો છે. અનેક નિરપરાધી અવાચક નિર્દોષ જીવોનો વિનાશ થઇ રહ્યો છે. માંસાહાર, મત્સ્યાહાર વગેરેને ઉત્તેજનો અપાઇ રહ્યાં છે. બીજી તરફ આપણે ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ મનાવીએ છીએ એ ઘટતું શોભતું નથી. ભગવાન મહાવીરનો ઉપદેશ અહિંસામય છે, એથી વિપરીત પ્રવૃત્તિ હિંસાની ચાલે છે, તે યોગ્ય નથી. અહિંસાના પ્રચાર માટે સમર્થ ઉપદેશકોએ શક્તિશાલી, જૈનાચાર્યો, ઉપાધ્યાયો, મુનિરાજોએ સબલ પ્રયત્ન કરવાની જરૂર છે. વિક્રમની ૧૭મી સદીમાં સમ્રાટ અકબરના શાસનકાલમાં તેના સામ્રાજ્યમાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિના સદુપદેશના પ્રભાવે (વિ. સં. ૧૬૩૯ પછી) પ્રથમ પજ્જુસણના ૮ અને આગળ પાછળના બબ્બે દિવસો મળી ૧૨ દિવસોમાં કોઇ પણ જીવની હિંસા ન થાય તેવાં ફરમાનો જાહેર થયાં હતાં અને ત્યાર પછી[1] કૃપા રસ કોશના કર્તા શાંતિચંદ ઉપાધ્યાય અને બાદશાહના સૂર્યસહસ્રનામના અધ્યાપક ભાનુચંદ્ર (શેત્રુંજયાદિતીર્થ કરમોચક) ઉપાધ્યાય જેવાના સતત ઉપદેશ સિંચનથી પ્રતિવર્ષ છૂટક છૂટક ૬ મહિના અને ૬ દિવસ સુધી હિંસા તજવાનાં ફરમાનો પ્રકટ થયાં હતાં જેમાં રવિવારે, ઇદના દિવસો, મિહરના દિવસો, બાદશાહના જન્મમહિના વગેરેનો સમાવેશ હતો. ફતેપુર સિકરીમાં બારગાઉમાં વિસ્તૃત ડાબર સરો-વરમાં નખાતી માછલા પકડવાની જાળો બંધ કરાવી હતી વિવિધ દેશના પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરવામાં આવ્યા હતાં, તેમ જ બાન તરીકે પકડાયેલા કેટલાય મનુષ્યોને મુક્ત કરવામાં આવ્યા હતા તથા ગાય બળદ ભેંશ, પાડા વગેરેની કતલને સદા માટે અટકાવી હતી. મુસ્લીમ પ્રભાવવાળા એવા એ જમાનામાં અહિંસા પ્રવર્તાવનાર શ્રી હીરવિજયસૂરિ અને સમ્રાટ અકબરને ધન્યવાદ આપી શકાય વર્તમાનમાં એવી રીતે ઘોર હિંસાઓ અટકે અને અહિંસા પ્રવર્તે એ માટે સબલ પ્રયત્ન થાય એ અભિષ્ટ છે.

---

૧. જૈન આત્માનંદ સભા ભાવનગરથી ઇસ્વીસન ૧૯૧૭માં પ્રકાશિત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વમૈત્રી પ્રવર્તક ભગવાન મહાવીરના અનુયાયીઓ. શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ પ્રતિદિન સવારે, તથા સાંજે રાત્રિક તથા દૈવસિક પ્રતિક્રમણમાં, તથા પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં (પર્યુષણ પર્વમાં) એ પાઠને પુનઃ પુનઃ ઉચ્ચારે છે-સ્મરણ કરે છે કે—

**"खामेमि सव्वजीवे, सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई ॥"**

અર્થાત્-હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા કરો; સર્વ પ્રાણીઓ પ્રત્યે મને મૈત્રી છે, મારે કોઈ સાથે વેર નથી.

એજ પ્રમાણે પ્રતિક્રમણ સૂત્રોમાં ૩ ગાથાઓ વડે એવી રીતે ઉચ્ચારાય છે કે,

**"आयरिय-उवज्झाए, सीसे साहम्मिए कुल गणेअ**
**जे मे केइ (कया) कसाया, सव्वे तिविहेण**
**खामेमि ॥१॥"**

ભાવાર્થ:-(૧) આચાર્યો, (૨) ઉપાધ્યાયો, (૩) શિષ્યો, (૪) સાધર્મિકો-સમાન ધર્મવાળાઓ, (૫) કુલ અને (૬) ગણ-મુનિ-સમુદાયના વિષયમાં મારાથી જે [૧]કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) કરાયા હોય, તે સર્વને હું ત્રિવિધે-મન, વચન કાયાથી ખમાવું છું. ૧

**"सव्वस्स समणसंघस्स,**
**भगवओ अंजलिं करिय सीसे ।**
**सव्वं खमावइत्ता,**
**खमामि सव्वस्स अहयं पि ॥५॥"**

ભાવાર્થ:-ભગવાન પૂજ્ય-સર્વ શ્રમણસંઘને, હું મસ્તક ઉપર અંજલિ કરીને (બે હાથ જોડીને સર્વને ખમાવીને, હું પણ સર્વને ક્ષમા કરૂં છું.૨

**"सव्वस्स जीवरासिस्स,**
**भावओ धम्म-निहिय निअचित्तो ।**
**सव्वं खमावइत्ता,**
**खमामि सव्वस्सअहयं पि ॥३॥"**

ભાવાર્થ:-ભાવથી જેણે ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કર્યું છે, એવો હું સર્વ જીવરાશિને-સમસ્ત જીવોને ખમાવીને, હું પણ સર્વ જીવોને ક્ષમા કરૂં છું. ૩

સાધુ-સામાચારીમાં ઉપાનયમાં મહત્ત્વનું સૂત્ર છે.

**"उवसमियव्वं उवसमावियव्वं, खमियव्वं, खमावियव्वं, जो उवसमइ, तस्स अत्थि आराहणा, जो न उवसमइ, तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं, जओ उवसमसारं खु सामन्नं ॥"**

ભાવાર્થ:-પોતે ઉપશાન્ત થવું જોઇએ અને બીજાઓને ઉપશાન્ત કરવા જોઈએ. પોતે ખમવું જોઇએ-ક્ષમા કરવી જોઇએ અને બીજાઓને ખમાવવા જોઇએ. જે ઉપશાન્ત થાય છે, તેને આરાધના થાય છે અને જે ઉપશાન્ત થતો નથી, તેને આરાધના થતી નથી, તે કારણથી પોતેજ ઉપશાન્ત થવું જોઇએ; કારણકે શ્રામણ્ય (શ્રમણપણું) એ ઉપશમથી સારરૂપ છે. એના આધારે શ્રાવકો અને શ્રાવિકાઓએ પણ પરસ્પર ક્ષમાપના કરવી જોઇએ.

---

૧. પંદર દિવસમાં શાન્ત થનારા કષાયો (ક્રોધ, માન, માયા, લોભ)ને સંજવલન કહેવામાં આવે છે, ચાર મહિનામાં શાન્ત થનારા કષાયોને પ્રતિપાતી, તથા વર્ષ સુધીમાં શાન્ત થનાર કષાયોને અપ્રતિપાતી કહેવામાં આવે છે અને જીવન-પર્યન્ત રહેનાર કષાયોને અનન્તાનુબન્ધી કહેવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરનો વિચારસમન્વય

— શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (અમદાવાદ)

શ્રમણ ભગવાન મહાવીર અને એમણે પ્રરૂપેલ જૈન ધર્મમાં, જેમ ઝીણામાં ઝીણી કોટિની અહિંસાનો તથા એના પાલનનો વિચાર કરવામાં આવ્યો છે તેમ, અસત્ય ભાષણના નિમિત્તરૂપ ક્રોધ, લોભ, ભય અને હાસ્ય જેવી વૃત્તિઓને કારણે સત્યના નાનામાં નાના અંશની પણ ઉપેક્ષા ન થઇ જાય એ માટે પૂરેપૂરી જાગૃતિ રાખવાનું પણ કહેવામાં આવ્યું છે. સત્યનો મહિમા વર્ણવતાં ભગવાન મહાવીરે આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે **पुरिसा ! सच्चमेव समभिजाणाहि ; सच्चस्स आणाअे उवट्ठिअे से मेहावी मारं तरई** હે માનવીઓ ! સત્યને જ સારી રીતે સમજજો ! જે માનવી સત્યની આજ્ઞાના પાલન માટે પુરુષાર્થ કરે છે. તે મૃત્યુને તરી જાય છે.

આનો ફલિતાર્થ એ છે કે જો મુક્તિના અંતિમ ઉપાયરૂપ સમતાને કેળવવા માટે પૂર્ણ અહિંસાની સાધના કરવી હોય તો સત્ય અને એની સાથે સાથે અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એમ એ ચારે વ્રતોનું પણ અણીશુદ્ધ પાલન કરવું જરૂરી છે. સત્ય વગેરે વ્રતોના પાલનમાં જેટલી ખામી રહે, તેટલી ખામી અહિંસાના સાક્ષાત્કારમાં પણ રહે જ અને એના પરિણામે સમભાવની પણ એટલા પ્રમાણમાં ઉપેક્ષા થયા વગર ન રહે તો પછી સંસારનાં બંધનોથી મુક્ત થવાનું અંતિમ ધ્યેય પણ દૂર જ રહી જાય.

ભગવાન મહાવીરે જેમ પૂર્ણ સમભાવ અને પૂર્ણ અહિંસાની પ્રાપ્તિ માટે દીર્ઘ અને ઉગ્ર સાધના કરી હતી, તેમ સત્યનો પૂર્ણ સાક્ષાત્કાર એ પણ એ સાધનાનો હેતુ હતો તેથી જ ભગવાને ગુણગ્રાહક અને સત્યશોધક દૃષ્ટિનો મહિમા સમજીને પોતાના જીવન અને ઉપદેશમાં અપનાવેલ અને સમજાવેલ વિચાર સમન્વયની સ્યાદ્વાદ, નય અને સપ્તભંગીની પદ્ધતિ એમની આવી સત્યગ્રાહી અને ગુણગ્રાહી અનાગ્રહી વૃત્તિની જ સૂચક છે. એ અંગે અહીં થોડોક વિચાર કરીએ.

વિચાર એ મનની ક્રિયા છે; અને સારું કે ખોટું વચન અને વર્તન એ સારા કે ખોટા વિચારનું જ પરિણામ હોય છે. કોઈ લોકોપકારની પ્રવૃત્તિ કરે અને કોઈ હજારો માનવીને માટે કતલખાનું બની રહે એવું યુદ્ધ છેડી બેસે; કોઈ પરમેશ્વર કે સંતોની સ્તુતિ-પ્રાર્થનાથી પોતાની વાણીને ધન્ય બનાવે કે કોઈ પોતાની ક્રોધ-દ્વેષ ભરેલી વાણીથી ચોમેર અશાંતિનો લાવારસ ફેલાવે એ બધાનું ઊગમ સ્થાન મન છે. વ્યક્તિઓ–વ્યક્તિઓ વચ્ચે મતભેદ ઊભો થવા પામે છે, એ પણ મનની ચિંતનશક્તિનું જ પરિણામ છે.

જ્યારે પણ આવો મતભેદ જાગી ઊઠ્યો હોય ત્યારે, સાર–અસાર સમજવાની વિવેકશીલતાનો ઉપયોગ કરીને, એનો નિકાલ કરવાનો અને એમાં સુમેળ સ્થાપવાનો સફળ પ્રયત્ન કરવામાં ન આવે તો એ મતભેદ મનભેદનું વિકરાળ રૂપ ધારણ કરીને છેવટે કલેશ–દ્વેષનું નિમિત્ત બની જાય છે. એટલા માટે મતભેદોનું વહેલામાં વહેલું સમાધાન થાય એમાં જ માનવજાતનું અને સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ રહેલું છે. આ સમાધાન એટલે સમન્વય. જૈન દર્શનમાં એને અનેકાંતવાદ, અનેકાંતદૃષ્ટિ અનેકાંત પદ્ધતિ અથવા સ્યાદ્વાદ એ નામથી ઓળખવામાં આવેલ છે. કોઇપણ વસ્તુના સ્વરૂપ માટે "એ અમુક પ્રકારનું જ છે" એવો એકાંત આગ્રહ–દુરાગ્રહ રાખવાના બદલે "એનું બીજા પ્રકારનું સ્વરૂપ પણ હોઈ શકે" એ વાતનો સ્વીકાર કરવો એનું નામ છે સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ. ટૂંકમાં "જકાર" એ એકાંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગ્રહનું કારણ બને છે; જ્યારે "જકાર"ના સ્થાને "પણ" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે એ વસ્તુના વ્યાપક સ્વરૂપનો સ્વીકાર કરવાને કારણે સત્યને વધારે પ્રમાણમાં સ્પર્શે છે. દાખલા તરીકે એક વ્યક્તિ પિતા પણ હોઈ શકે અને પુત્ર પણ હોઈ શકે એના પુત્રની દૃષ્ટિએ એનામાં પિતાપણું અને એના પિતાની દૃષ્ટિએ એનામાં પુત્રપણું એમ પુત્ર પણા અને પિતાપણાના એકબીજાથી વિરોધી લાગતા ધર્મોનો, જુદી જુદી અપેક્ષાએ, એક જ વ્યક્તિમાં સુમેળ કે સમન્વય થાય છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જ્યારે કોઇ વ્યક્તિને માટે એ કેવળ પિતા કે પુત્ર જ હોવાનું કહેવામાં આવે છે, ત્યારે એ કથન સર્વગ્રાહી સત્ય નહીં પણ આંશિક સત્ય બની જાય છે. અને જ્યારે સત્ય સર્વગ્રાહી મટીને આંશિક કે એકદેશીય બની જાય છે, ત્યારે એનો સત્ય તરીકેનો મહિમા નષ્ટ થઇ જાય છે, અને એનું, વિષબિંદુ ભળેલા દૂધની જેમ, કોઇ મૂલ્ય કે મહત્ત્વ રહેવા પામતું નથી.

દરેક વ્યક્તિ પોતે જે કંઇ કહે છે, એ અમુક અપેક્ષાએ જ કહેતી હોય છે. હવે જ્યારે એના કથનનું મૂલ્યાંકન, આપણે એની દૃષ્ટિને ધ્યાનમાં લીધા વગર જ, કેવળ આપણી બુદ્ધિના ગજથી કરવા જઇએ છીએ, ત્યારે આપણે સત્યને પામી શકતા નથી, એટલું જ નહીં, ઊલટું આપણે ઘર્ષણનું નિમિત્ત બની જઇએ છીએ ઢાલની બંને બાજુએ જોવાનું કહેવામાં આવે છે, એનો ભાવ એ જ છે કે આપણે પરિસ્થિતિને એના સમગ્રરૂપમાં નહીં તો છેવટે બને તેટલા વ્યાપક રૂપમાં સમજી શકીએ તો અસત્ય અને ઘર્ષણથી બચી જઇએ.

એક ઢાલ અને બે ઘોડેસવારનો એક દાખલો આ વાત સમજવામાં ઉપયોગી થાય એવો છે: એક નગરની બહાર એક પૂતળાના હાથમાં ઊંચે મોટી ઢાલ મૂકવામાં આવી હતી. એ ઢાલની એક બાજુ સોનેરી અને બીજી બાજુ રૂપેરી રંગ કરવામાં આવ્યો હતો. એક દિવસ બે ઘોડેસવારો સામસામી દિશામાંથી ત્યાંથી પસાર થતા હતા. એકે ઢાલના ચંદ્ર જેવા રૂપેરી રંગનાં વખાણ કર્યાં; તો બીજાએ કહ્યું, તારી આંખો અંધ જેવી બની ગઈ લાગે છે! ઢાલ તો સોનેરી સૂરજની જેમ ચમકી રહી છે! પેલાએ સામે પ્રહાર કર્યો કે આંખો તો તારી નકામી થઈ ગઇ લાગે છે. ઢાલ તો કેવી મજાની ચંદ્રમા જેવી શોભી રહી છે! બસ, પછી તો બંને સામસામા લડાઇમાં ઊતરી પડયા, પણ લડતાં લડતાં બંનેની દિશા બદલાઇ ગઇ. જોયું તો, ઢાલ રૂપેરી પણ હતી અને સોનેરી પણ હતી બંને સત્ય સમજ્યા અને એમની લડાઇ બંધ થઇ ગઇ.

આ તો એક બોધકથા છે, પણ એનો બોધ, સામી વ્યક્તિની વાત સામી વ્યક્તિની દૃષ્ટિએ ન સમજવામાં આવે તો એનું કેવું માઠું પરિણામ આવે છે અને એથી સત્યની કેવી ઉપેક્ષા થઇ જાય છે. એ સમજવામાં બહુ ઉપયોગી થાય એવો છે. આ રીતે વિચારતાં સાપેક્ષવાદ પણ સ્યાદ્વાદ તથા અનેકાંતવાદ શબ્દના જ ભાવને દર્શાવે છે. આ વાદનો આદર એનું નામ જ વિચારસમન્વય. ભગવાન પોતાની વાતને એટલે કે સત્યને સમજાવવામાં આ સાપેક્ષવાદનો કેવો ઉપયોગ કરતા હતા, એનો શ્રી ભગવતી સૂત્રમાંનો એક પ્રસંગ જાણવા જેવો છે.

એકવાર જયંતી શ્રાવિકાએ ભગવાનને પૂછયું:

ભગવાન! ઊંઘવું સારું કે જાગતાં રહેવું સારું?

સૂઇ રહેવાના કામને તો કોણ સારું કહે ભલા? પળેપળ માટે જાગ્રત રહેનાર ભગવાન તો જાગતાં રહેવાને જ સારું કહેને?

પણ ભગવાન તો લાભ-અલાભના વિવેકના જાણકાર હતા. એમણે સાપેક્ષવાદને ધ્યાનમાં લઇને લઇને જયંતી શ્રાવિકાને જવાબ આપ્યો. જયંતી કેટલાક જીવોનું ઊંઘી રહેવું સારું અને કેટલાકનું જાગતાં રહેવું સારું.

જયંતીએ ફરી પૂછયું : એનું કારણ શું, ભગવાન?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાને વાતનો મર્મ સમજાવતાં કહ્યું : જે જીવો અધર્મી છે, તેઓ સૂતા રહે એ જ સારૂં છે, જેથી એ જેટલો વખત ઊંઘતા હોય તેટલો વખત બીજા જીવોનું પીડન કરવાથી તો દૂર રહેશે. પણ જે જીવો ધાર્મિક વૃત્તિવાળા છે, એમનું તો જાગતાં રહેવું જ સારું છે, કારણ કે તેઓ અનેક જીવોને સુખી કરે છે.

આ ઉપરથી સમજી શકાય છે કે પોતાની વાત બીજાને સમજાવવામાં અને બીજાની વાતના હાર્દને પામવામાં વિચાર સમન્વયની દૃષ્ટિનો કેટલો બધો ઉપયોગ છે ! અને આ દૃષ્ટિનો સમાદર એ ભગવાન મહાવીરની અનોખી વિશેષતા છે, અને એ એમની પૂર્ણ સત્યપરાયણતાની કીર્તિગાથા બની રહે એવી છે.

મહાવીરસ્વામીના સમયમાં જુદાં જુદાં ધર્મોના સેંકડોવાદીઓ વિદ્યમાન હતાં, અને બીજાની માન્યતા અને ક્રિયા કરતાં પોતાની માન્યતા અને ક્રિયા જ શ્રેષ્ઠ, સાચી અને મોક્ષ અપાવનારી છે, એના બુદ્ધિ અને તર્કની સાઠમારી જેવા વાદ વિવાદો ચાલ્યા જ કરતા હતા; અને એમાંથી ક્યારેક તો, ખુદ સુખશાંતિના નિમિત્તરૂપ ધર્મના નામે જ, વિખવાદ પણ જાગી ઊઠતા. ભગવાને, હાથીના રૂપને ઓળખવાના પેલા સાત આંધળાઓના દરેકના હઠાગ્રહની જેમ, એમને એમની વાતમાં રહેલ અધૂરાપણાની સમજણ આપીને, જુદી જુદી અપેક્ષાઓનું બહુમાન કરવા અને આત્મસાધનાના માર્ગને પૂરા રૂપમાં સમજવા અને સ્વીકારવાનો ધર્મનો અને સત્યનો માર્ગ દર્શાવ્યો. કોઇ આત્માને નિત્ય માનતા હતા, તો કોઈ એને અનિત્ય કહેતા હતા. ભગવાન મહાવીરે અમુક અપેક્ષાએ આત્મા નિત્ય હોવાનું અને અમુક અપેક્ષાએ અનિત્ય હોવાનું સમજાવીને જુદાજુદા વિચારો વચ્ચે સમન્વય સાધવાનો જાણે નૂતન માર્ગજ ઉઘાડી દીધો હતો !

સત્યને પામવાની ચાહના અને ગુણોને ગ્રહણ કરવાની ભાવના જો અંતરમાં વસી હોય, તો ભગવાનની આ વિચાર સમન્વયની વાતનું મહત્ત્વ સમજતાં વાર ન લાગે. પૂર્ણ સત્યનું સ્વરૂપ એવું વિરાટ છે કે એના એક એક અંશને પામવાનો પ્રયત્ન સતત જાગૃતપણે કર્યા વગર ન ચાલે. માળાની અંદરનો દોરો તૂટી ગયો હોય અને એના બધા મણકા વેરાઇ ગયા હોય, તો એ માળાને ફરી પૂરી કરવા માટે એકે એક મણકાને શોધી કાઢવોજ જોઇએ; આ શોધમાં જેટલી ઊણપ રહે, એટલી ખામી માળામાં રહેવાનીજ. પૂર્ણ સત્યને પામવાની વાત પણ આવીજ છે. એ માટે, કોઇપણ જાતના કદાગ્રહ કે પૂર્વગ્રહમાં અટવાયા વગર, જ્યાં ક્યાંયથી સત્યનો જેટલો પણ અંશ મળી શકે એમ હોય એને શોધી કાઢવા અને એનો સ્વીકાર કરવા અંતરને સદા ઉઘાડું રાખવું જોઇએ. પોતાને પરાજિત કરવા આવેલા વિપ્રવર ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે દિગ્ગજ વિદ્વાનોને ભગવાને છેવટે સદાને માટે પોતાના બનાવી દીધા તે વિચાર–સમન્વયની આ વિશિષ્ટ દૃષ્ટિને લીધેજ.

ભગવાનને ન કોઇના પ્રત્યે દ્વેષ કે અણગમો હતો કે ન કોઇના તરફ રાગ કે પક્ષપાત હતો. તેઓ તો પૂર્ણ વીતરાગ અને સત્યના તથા ગુણોના જ પક્ષપાતી હતા; સત્યનો પક્ષ એ એમનો પક્ષ હતો. અને એ એમની અસાધારણ વિશેષતા હતી. એમની આ વિશેષતાને અંજલિ આપતાં સમત્વના સાધક આચાર્ય હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે–

**पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥**

ન મને મહાવીર પ્રત્યે પક્ષપાત છે કે ન કપિલ વગેરે તરફ દ્વેષ છે. જેમનું કથન યુક્તિ–યુક્ત એટલે કે સત્યમય છે, એનો હું સ્વીકાર કરૂં છું.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ભગવાનની નિષ્પક્ષ દૃષ્ટિનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अन्योन्यपक्षप्रतिपक्ष भावाद्,
यथा परे मत्सरिणो प्रवादाः ।
तानेव सर्वानविशेषमिच्छन्,
न पक्षपाती समयस्तथा ते ॥

હે પ્રભુ ! બીજા વાદીઓ એકબીજાની હરીફાઈ કરવાની વૃત્તિથી, એકબીજાની અદેખાઈ કરે છે; પણ એ બધાયને આવકાર આપવાની ઈચ્છા ધરાવતો આપનો સિદ્ધાંત પક્ષપાતથી મુક્ત છે.

અને વિચાર સમન્વયની દૃષ્ટિ એટલે કે અનેકાંત પદ્ધતિના દ્રષ્ટા અને સ્રષ્ટા ભગવાન મહાવીરના ધર્મશાસનમાં મિથ્યા ગણાતાં દર્શનોને પચાવવાની કેવી અદ્‌ભુત શક્તિ રહેલી છે એ વાત છેલ્લે છેલ્લે મહાન તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકરની હૃદયંગમ વાણીમાં સાંભળીએ. "સન્મતિ પ્રકરણ" નામના ગ્રંથની છેલ્લી ગાથામાં તેઓએ સ્તવ્યું છે—

भद्दं मिच्छादंसण समयरुपस्य अमयसारस्स
जिणवयणस्स भगवओ संविग्गसुहाहिगमस्स

જેમાં મિથ્યા દર્શનોનો સમૂહ સમાઈ ગયો છે, જે અમૃતના સારરૂપ છે, અને જેને મુમુક્ષુઓ સહેલાઈથી સમજી શકે છે, એવા પવિત્ર જિન-વચનનું કલ્યાણ હો !

વિચાર સમન્વયની સત્યગામી દૃષ્ટિએ સમતા અને અહિંસાને કેળવવા અને મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે; અને સત્ય પ્રિયતા, સહિષ્ણુતા અને ગુણગ્રાહક વૃત્તિ એને પ્રાપ્ત કરવાનો કારગત થાય છે. આ દૃષ્ટિની ઉપયોગિતા ત્રૈકાલિક છે. તેની ભેટ આપીને પરમાત્મા મહાવીરે માનવજાત ઉપર પરમ ઉપકાર કર્યો છે.

—આકાશવાણી–અમદાવાદ કેન્દ્ર ઉપરથી, તા. ૨૪–૪–૧૯૭૫ના રોજ, પ્રસારિત થયેલ વાર્તાલાપ–થોડાક ઉમેરા સાથે.


## શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાને મદદ કરો

અહિંસાના અવતાર મહાનુભાવો,

સવિનય વિજ્ઞપ્તિ કે : ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ઈડર પાંજરાપોળ સં. ૧૯૭૫ની સાલમાં શ્રીમદ્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કમળસૂરીશ્વરજી મહારાજશ્રીના સદ્‌ઉપદેશથી સ્થપાએલ છે. આ સંસ્થા સરકાર માન્ય તેમજ પબ્લીક ટ્રસ્ટ નીચે રજીસ્ટર થયેલ છે. સંસ્થામાં હાલ ૫૦૦ ઉપરાંત જાનવરો છે. અબોલ, મુંગા જીવોના નિભાવ ખર્ચ માટે કાયમી કંઇ ફંડ નથી. ફક્ત દાનવીરોની છુટી છવાઈ મદદ ઉપરજ આ સંસ્થાનો મુખ્યત્વે નિભાવ થાય છે. આપને વિનંતી કે આપ કરૂણાભાવથી પ્રેરાઇ આ સંસ્થાને ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીયા અને અન્ય મદદ મોકલી આ અસહ્ય મોંઘવારીના સમયમાં મુંગા જીવોના નિભાવમાં સહાય કરશો. અને પુણ્ય ઉપાર્જીત કરશો તેવી અભ્યર્થના.

તા. ક—સંસ્થા તરફથી ફંડ ફાળો ઉઘરાવવા આવે તેની પાસેથી ફોટા સાથેનો અધીકારપત્ર જોઈ તપાસી ફંડ ફાળો આપી આભારી કરશો.

નાણા મોકલવાનું ઠેકાણું :
શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા
જુના બજાર
ઈડર. જી. સાબરકાંઠા

બાબુલાલ ડી. સુખડીયા
માનદ્ વહીવટદાર
ઈડર પાંજરાપોળ સંસ્થા




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે...................

## શીપ
## બીલ્ડર્સ
## અને
## એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફયુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે...................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
# પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન : **શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

મેનેજીંગ ડીરેકટર : **શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ**

**રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ**
શીવરી ફોર્ટ રોડ,
**મુંબઈ–૧૫** (ડી. ડી.)

ફોન : **૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨**
ગ્રામ : **'શાપરીઆ' શીવરી–મુંબઇ.**

**એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ**
પરેલ રોડ, ક્રોસલેન,
**મુંબઇ–૧૨** ( ડી. ડી. )

ફોન : **૩૯૫૦૬૭, ૩૭૪૮૯૪**
ગ્રામ : **'શાપરીઆ' પરેલ–મુંબઇ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ जयन्तु वीतरागाः ॥

# આદર્શ વિભૂતિ

લેખિકા–પૂ. સાધ્વીજી મહારાજ શ્રી ૐકારશ્રીજી

જગતના કિનારે ઊભા રહેલા જીવોમાં અનેક પ્રકારની સ્પૃહા હોય છે. ચાહે બાળ હોય કે વૃદ્ધ હોય, ગરીબ હોય યા તવંગર હોય, રાગી હોય યા ત્યાગી હોય, પરંતુ સૌની અંદર સ્પૃહાએ પોતાનું સ્થાન જમાવેલું હોય છે.

સ્પૃહા એટલે ઇચ્છા, કામના, તૃષ્ણા કહેવાય છે. જીવોની ઈચ્છાઓ અનેક પ્રકારની હોય છે અને એ ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. રાગીને પૌદ્ગલિક વસ્તુઓનીસ્પૃહા હોય છે. સંયમના કિનારે રહેલા જીવોમાં આત્મિક ગુણોને વિકસાવવાની સ્પૃહા હોય છે. જ્ઞાનીઓ કહે છે કે–

**अंगं गलितं पलितं मुण्डं, दशनविहीनं जातं तुंडम् ।**
**वृद्धो याति गृहीत्वा दंडं, तदपि न मुञ्चति आशापिण्डम् ॥**

સ્પૃહા અનંત છે. એનો ક્યારે પણ અંત આવતો નથી. જરાવસ્થા પ્રાપ્ત થવા છતાં ઇચ્છાઓને જરા યાને વૃદ્ધત્વ પ્રાપ્ત થતું નથી સ્પૃહાઓ તો જુવાન જ રહે છે. સ્પૃહા હોય ત્યાં સુધી નિઃસ્પૃહતા, નિર્મમત્વ તથા નિષ્પરિગ્રહને સ્થાન મળતું નથી. જગતમાં મોટામાં મોટું દુઃખ સ્પૃહા છે. તેમ નિઃસ્પૃહતા મોટામાં મોટું સુખ છે. સ્પૃહા શોષકતત્વ છે, નિઃસ્પૃહતા પોષકતત્ત્વ છે. શોષકતત્ત્વનો ત્યાગ કરી પોષકતત્વને જીવનમાં પોષીએ તો આત્માની શુષ્કતા નષ્ટ પામી પુષ્ટતા પ્રાપ્ત થાય છે.

ગરવી ગુજરાતના મંત્રી વસ્તુપાળ અને તેજપાળનું નામ આજથી વર્ષો પૂર્વે ઇતિહાસના પાને ચડી ગયું છે. જગતમાં માનવ યા વ્યક્તિની પૂજા નથી થતી, પરંતુ માનવતાની યાને વ્યક્તિત્વની પૂજા છે. વસ્તુપાળ અને તેજપાળ એ બન્ને ભ્રાતૃસ્નેહની સાંકળથી સંકળાયેલા હતા. તેજપાળની પત્ની અનુપમાદેવી નામે હતી. 'અનુપમા' તે ખરેખર અનુપમ દેવી તુલ્ય હતા. તેમના રૂપ, ગુણ અને પ્રકૃતિ ખરેખર, અનુપમ હતી. માનવીના વિચારો અને કાર્યો ઉપરથી તેના ગુણની તથા પ્રકૃતિની પ્રતીતિ થાય છે.

એક સમયની વાત છે. વસ્તુપાળ તેજપાળ છ'રી પાળતા સંઘને લઇને યાત્રા કરવા માટે જતા હતા. એ સમયમાં પણ, આજની જેમ, ચોર, ડાકુ, લૂંટારાઓનો ભય હતો. મંત્રીશ્વર વિચારે છે કે આપણું ધન કોઈ ઠેકાણે છુપાવી દઇએ ! આ વિચાર કરીને ધનને દાટવા માટે પૃથ્વીમાં ખાડો ખોદે છે, ત્યાં તો પૃથ્વીમાંથી બીજું ધન નિધાન ભરેલો ચરુ પ્રાપ્ત થાય છે. ભાગ્યશાળીઓને પગલે પગલે નિધાન હોય છે. ધનને દાટવા ગયા ત્યારે બીજું ધન પ્રાપ્ત થયું. ધનને ક્યાં રાખીશું ? કેવી રીતે સાચવીશું ? આમ અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પો તેઓ કરે છે. કોઇ ઉપાય જડતો નથી. આમ વિચારના વમળમાં કેટલો સમય ગયો તે જાણી શકતા નથી દેવી અનુપમા વિચારે છે કે આજે બન્ને ભાઇઓ કંઇક મૂંઝવણમાં લાગે છે, કે જેથી વખતનો ખ્યાલ ભુલાઇ ગયો છે મૂંઝવણમાં પડેલ માનવીને ક્ષુધા, પિપાસા, રાત–દિવસ કાંઇ ખબર પડતી નથી. દેવી અનુપમા બન્ને ભાઇઓ સમીપમાં જઈ કોકિલકંઠે ગંભીર સ્વરે કહે છેઃ આજે આપ મોટી આપત્તિમાં આવી પડયા હો અને આપના મનને કોઈ મોટો પ્રશ્ન મૂંઝવી રહ્યો તેવું લાગે છે ? જો આપને ઉચિત લાગે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા જણાવવા યોગ્ય હોય તો આપની મૂંઝવણ મને કહો ! મારામાં શક્તિ હશે તો હું આપની ચિંતામાં ભાગ લઇશ. વસ્તુપાળ તુરત અનુપમા દેવીને આવકાર આપે છે અને પોતાની મૂંઝવણ કહે છે.

અનુપમાદેવી અતિ ધીરજપૂર્વક સાંભળીને વિચારીને કહે છે, વડીલ આપે તો બહુ મોટી વાત કરી ગુજરાતની પ્રજાના રક્ષક થનારને ધનના રક્ષક માટે આટલી બધી મૂંઝવણ હોય ખરી ? ધનની ગતિ ત્રણ છેઃ દાન, ભોગ અને નાશ ત્રણમાં દાનની ગતિ ઉત્તમ છે. ધનને છુપાવવું નથી કિન્તુ જગત સમક્ષ પ્રગટ કરવું છે. આપ એવું ઉત્તમ ઉમદા કાર્ય કરો, કે જેથી લોકોને ધર્મનો લાભ કરવાનો અવસર મળે અને આપનું નામ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત થઈ જાય આજ સુધી લૌકિક કાર્યો તો ઘણાં કર્યા હવે લોકોત્તર કાર્યો કરવાં ઘટે જીવનમાં સમ્યકત્વની શુદ્ધિ અર્થે, સંસારના અંતને માટે જિનમંદિર બંધાવી આમ કરવાથી ધનનો સદ્દ્વ્યય થશે, દર્શનશુદ્ધિ થશે, ધન સાચવવાની ચિંતા ટળશે. દેવીએ મૂંઝવણમાંથી માર્ગ કાઢયો ખરેખર, સાચી પત્ની, સ્ત્રી આનું નામ કહેવાય સુખ દુઃખમાં સમપણે ભાગ લે તે જ સાચો બાકી બધાં સ્વાર્થી કહેવાય છે. મંત્રીશ્વરને આ વિચાર ખૂબજ ઉત્તમ લાગ્યો. એમણે દેવીના વચનનો સ્વીકાર કર્યો. મૂંઝવણનો અંત આવ્યા બાદ ભોજન કરી સૌ નિવૃત્ત થયા.

હવે જિનમંદિર કયાં બંધાવવું ? કેવું બંધાવવું ! તેનો નિર્ણય લેવા ત્રિપુટી બેઠી. દેવી બોલ્યા જિનમંદિર બાંધવા સ્થાન રમણીય, મનોહર અને દિલને ડોલાવી નાખે તેવું જોઇએ. આરાધક આત્માઓ ઉપર વાતાવરણની પણ અસર સારી થતી હોય છે. 'જેવું સ્થળ તેવું ધ્યાન'

ત્યાં આગળ એક નમણો નાજુક નાનો સરખો પહાડ હતો પહાડનું કુદરતી સૌંદર્ય જોતાં મનનો મોરલો નાચી ઊઠે તેવું હતું. આ સ્થાન તેઓને મંદિર બાંધવા યોગ્ય લાગ્યું. આ પહાડ ઉપર બાવાઓ મઠો બાંધીને રહયા હતા. જો બાવાઓ જગ્યા આપે તો મઠને ઠેકાણે મંદિર બંધાવી શકાય. મંત્રીશ્વરે પોતાના સેવકોને બોલાવી બાવાઓ પાસે જગ્યાની યાચના કરાવી. સેવકોએ જઇને બાવાજીને કહ્યું કે મહાત્માઓ ગુજરાતના મંત્રીને અહીં મંદિર બાંધવાની ઇચ્છા છે, તમે જગ્યા આપો તો સારું બાવાજી બોલ્યા અમે મંત્રીબંત્રી કોઇને ઓળખતા નથી. આ જગ્યાનો હક્ક અમારો છે. આમાંથી તસુભર જગ્યા નહિ મળે સેવકોએ નિરાશ થઈ મંત્રીની પાસે આવી બધી બીના જણાવી ત્યારે દેવીએ કહ્યું કે અહીં સત્તા કામ નહિં આવે પણ વિનય વૈરીને વશ કરે છે. સંતો પાસે જઈ વિનયપૂર્વક યાચના કરો !

જરૂરથી તેઓ જમીન આપશે. આપણે કોઇને સમર્પણ કરીએ ત્યારે તે આપણને અર્પણ કરે છે. આપ પ્રેમનું સમર્પણ કરો તો બાવાઓ જમીન અર્પણ કરશે. બીજે દિવસે મંત્રીશ્વર નોકર, ચાકરોને લઇ, મોટા મોટા થાળમાં પૂજાની સામગ્રી ભોજનની સામગ્રી, વસ્ત્ર, ઝવેરાત વગેરે લઇને એ બાવાઓ પાસે જાય છે અને વિનયપૂર્વક અંજલિ કરીને થાળનું ભેટણું કરે છે. આડી અવળી વાતચીત કરી ત્યાંથી પસાર થાય છે. આ પ્રમાણે જેટલા મઠ હતા ત્યાં બધે આ રીતે ભેટણું કરે છે, નમસ્કાર કરે છે. બાવાઓ તેમના વિનયથી આશ્ચર્યચકિત બની જાય છે. સેવકોને પૂછે છે કે આ ભાગ્યશાળીઓ કોણ છે ? સેવકોએ કહ્યું કે આ મહાન ભાગ્યશાળીઓ ગુજરાતના મંત્રી વસ્તુપાળ-તેજપાળ પોતે છે. બાવાઓ વિચાર કરે છે કે સાચી વિભૂતિઓમાં અહંકારનો આડંબર હોતો નથી. આ મંત્રીઓને મંદિર બંધાવવા હોય તો અમારા મઠ ખાલી કરી આપીયે. બાવાઓએ પરસ્પર મંત્રણા કરી મંત્રીશ્વરને બોલાવીને કહ્યું કે તમારે મંદિર બંધાવવા હોય તો અમે અમારા મઠ તમને પ્રેમપૂર્વક અર્પણ કરીએ છીએ. તમારી ઇચ્છાનુસાર મંદિરો બંધાવી શકો છો ! મંત્રીને કલ્પના પણ ન હતી કે આટલી સરળતાથી આ જગ્યાની પ્રાપ્તિ થશે. મંત્રીએ બાવાઓને કહ્યું કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલાં તમે બતાવો તે સ્થાને તમારા મઠો બંધાવી દઉં, ત્યાર પછી આ જગ્યાને હું ગ્રહણ કરીશ.

મંત્રીએ બીજી બાજુ મઠો બંધાવી દીધા અને સૌની મીઠી આશીષથી પ્રેમથી પહાડ ઉપર મંદિર બાંધવા માટે અપૂર્વ તૈયારીઓ થવા લાગી. દૂર દૂરના દેશથી સલાટો કારીગરોને બોલાવવામાં આવ્યા અનુપમા દેવીની નજર નીચે કામનો પ્રારંભ શુભ મૂહુર્તે થયો. પહાડનું કુદરતી સૌંદર્ય અને શાંત વાતાવરણ જોઇને સલાટોનાં હ્રદયમાં ચિરસ્થાયી બનેલી શિલ્પકલા સાકાર થવા લાગી. 'જીવનમાં પ્રકાશ પાથરે તે કલા અને અંધકાર પાથરે તે કાલં કહેવાય છે. પહાડ ઉપર અતિ શીતળતા હોવાથી કારીગરોના મનમાં શાંતિ હતી, તેવી તનમાં સ્ફૂર્તિ કે શાંત ન હતી. શીતળતામાં જેવું ધારીએ તેટલું કામ થતું નથી. દેવી અનુપમા પરિસ્થિતિના સાચા પરીક્ષક હતા. તેઓ સમજી શકયાં કે સલાટો ઠંડીને લીધે જોઇએ તેટલું કામ કરી શકતા નથી. દીર્ઘદ્રષ્ટા દેવીએ ઠંડીને દૂર કરવા, કાર્યને વેગ આપવા, સલાટોની સલામતી માટે ચારે તરફ ઉષ્ણતા મળે તેવો પ્રબંધ કર્યો. હવે સલાટોનાં મનમાં કામનો ઉત્સાહ વધ્યો. દેવીએ દરેકને કહ્યું કે તમોને કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા હોય તો મને જણાવશો. હું તેને તરત દૂર કરીશ.

ખરેખર, ઉદાર મનના માનવીઓજ જીવનમાં ઉદાત્ત અને મહાન કાર્યો કરી શકે છે. સંધ્યાટાણે કારીગરોના શ્રમને દૂર કરવા, પગચંપી તથા શરીરમર્દન કરવા નોકરોને નીમ્યા. દેવી દીર્ઘબુદ્ધિવાળાં હતાં; એ જાણતાં હતાં કે 'અર્થ' ધન આપણું છે. કિન્તુ કલા તેમની પાસે છે. 'કલા' વિના અર્થની કિંમત કાંઇ નથી. સલાટો શિલ્પકલાના એક એકથી ચઢિયાતા નમૂના બનાવવા લાગ્યા. એક નમૂનો જુઓ અને બીજો ભૂલો. જીવનમાં પ્રાપ્ત કરેલી બધી શિલ્પકલાને એમણે આ મંદિરમાં ચિરસ્થાયી બનાવી. ખરેખર, આ ઉદાત્તભાવના, ઉદારતા અને નિઃસ્પૃહતાનું જ પરિણામ છે. ત્યાગભાવના વિના નિઃસ્પૃહતા આવતી નથી.

જિનમંદિર ખૂબ ઝડપથી બંધાવવા લાગ્યું. જિનમંદિરની પૂર્ણાહુતિ થયા બાદ સલાટો કારીગરો વગેરેને મંત્રીઓએ જીવનનું દળદર ફીટી જાય તેટલું ધન આપ્યું. હવે બધાં ત્યાંથી પોતાના દેશમાં જવાને વિદાય લે છે. પહાડ ઉપરથી નીચે ઊતરતાં ઊતરતાં અનિમેષદ્રષ્ટિએ મંદિરોને જુએ છે અને કંઇક વિચારમગ્ન બની જાય છે; મનમાં વિચારે છે કે આ મંદિરો બાંધ્યાં તેમાં આપણું શું ? ફક્ત પેટને ખાતર 'કલા' જગત સમક્ષ મૂકી. 'જેવું અન્ન તેવો ઓડકાર' કુદરતની લીલા અજબ છે. ઉદાત્ત ભાવના વાસિત અન્ન પેટમાં જતાં હ્રદય પણ ઉદાત્ત ભાવનાથી વાસિત થાય છે.

સલાટોને વિચારમગ્ન જોઈને અનુપમાદેવી તેઓને બોલાવે છે. મધુર, ગંભીર વાણીથી દેવીએ કહ્યું કે ભાગ્યશાળીઓ ! શું વિચારો છો ! શું તમારા સત્કારમાં કાંઈ ન્યૂનતા રહી ગઇ છે ? દેવીની વાણી સાંભળી શિલ્પકારો બોલ્યાઃ દેવી ! આપની અમીદ્રષ્ટિથી આવી કોઇ ન્યૂનતા નથી રહી, પરંતુ અમને લાગે છે કે આ જિનમંદિરો અમારા પેટ ખાતર, પુદ્ગલના પોષણ ખાતર બાંધ્યાં, પરંતુ પરમાર્થ માટે કાંઇ કર્યું નથી. દેવીએ કહ્યું કે જો તમારે કાંઈ નામના કરવી હોય, આત્મકલ્યાણાર્થે કલાની સાધના કરવી હોય તો આ બધો સરસામાન ઘણો છે. સલાટો મંત્રીની આવી ઉદાત્ત ભાવના જોઇને ખૂબ હર્ષિત બની ગયા. પાછા ફર્યા. ઇચ્છાનુસાર સ્વતંત્ર મંદિર ઉત્સાહપૂર્વક બનાવ્યું.

આજે આપણે આબુ ઉપર દેલવાડાના મંદિરો જોઇએ છીએ તેમાં સલાટોનું પણ એક મંદિર વિદ્યમાન છે. દેલવાડાનાં દેરાસરોની જોડ બીજે ક્યાંય પણ દેખાતી નથી.

ધન ઉપરથી મમતા–સ્પૃહા દૂર થાય ત્યારે આવાં કાર્યો કરી શકાય છે. ઊર્ધ્વગતિમાં જનાર વ્યક્તિ ધનને શિખરે ચડાવે છે અને અધોગતિમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનાર ધનને જમીનમાં, તિજોરીમાં ભંડારી દઇ સુકૃતને પણ ભંડારી દે છે.

ધન તો આત્માનું પોષક પણ છે તેમ દોષક પણ છે. કેવળ દૃષ્ટિનો વિનિમય કરવાની જરૂર છે. ધન ઉપર નિમર્મત્વપણું તે આત્માને પોષક છે, તેમ મમત્વપણું તે આત્માને દોષક છે.

આત્માને ઊર્ધ્વગતિએ લઇ જનાર મન છે. જે માનવી મનને જીતે છે તે માનવીની ઇંદ્રિયોનો વિજય સ્વયમેવ થાય છે. દુનિયામાં કોઇપણ વસ્તુ ઇંદ્રિયોના વિજય વિના બનતી જ નથી. મંત્રીવર્ય વસ્તુપાળે પોતાના જીવનમાં કેટલી નિઃસ્પૃહતા કેળવી હશે તેનો આ અજબ પુરાવો છે. તેમના જીવનમાં પ્રાણ પૂરનાર તેમના ગુરુશ્રી પંડિતવર્ય નરચંદ્રસૂરિશ્વરજી મહારાજ હતા જીવનની અંતિમ ક્ષણ સુધી પણ તેઓ ગુરુ મહારાજના ઉપદેશને ભૂલ્યા ન હતા. મંત્રીવર્ય વસ્તુપાલને ૧૨૯૮ના ભાદરવા સુદમાં તાવ આવ્યો. ત્યારે તેમણે પોતાના લઘુ-બાંધવ તેજપાળને જણાવ્યું કે ભાઈ! મારો અંતિમ સમય નજદિક આવ્યો લાગે છે. મને તું સિદ્ધાચલની પવિત્ર છાયામાં લઇ જા. લઘુબાંધવ તેજપાળે પણ ભાઇની ઉત્કટ ભાવના જાણી સિદ્ધાચલ લઈ જવાની સંપૂર્ણ તૈયારી કરી પ્રયાણ કર્યું; પરંતુ માનવીની સમગ્ર ઇચ્છાઓ પરિપૂર્ણ થાય અથવા ન થાય તોયે સહુ કોઈ આશાના મિનારાનું આલંબન સેવે છે. મંત્રીશ્વરનું મન શત્રુંજયની છાયામાં જવા માટે ઉત્કટ કામના સેવી રહ્યું છે. છતાં કાળનું નિર્માણ કોઈ જુદુજ હોવાથી શત્રુંજયની નજીક અંકેવાળીયા ગામમાં વિશેષ માંદગી થવાથી જાણ્યું કે હવે ત્યાં નહિ પહોંચાય તેથી ગિરિરાજ સન્મુખ હાથ જોડી નત મસ્તકે મન, વચન, કાયાને એકાગ્ર કરી ગિરિરાજનું અપૂર્વ ધ્યાન ધરી સર્વ જીવોને ખમાવી મંત્રીશ્વર સ્વર્ગના સુખને પામ્યા. ધન્ય છે આવી એ ભવ્ય વિભૂતિને કે જે સ્વપરનું કલ્યાણ કરી અંતે ઊર્ધ્વ ગતિને પામશે.

● લોખંડ ●

ના

○ ગોળ અને ચોરસ સળીયા □

પટ્ટી તેમજ પાટા

▷ વિગેરે મળશે. ◁

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ, ભાવનગર.

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન : ઓફીસ : { ૫૬૫૦ / ૩૨૧૯ }

રેસીડેન્ટ : { ૪૫૫૭ / ૫૫૨૫ }



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પઢે પોપટ ..પ્યારૂં–અકારૂં !

લે. ડો. ભાઈલાલ એમ. બાવીશી M. B. B. S. ( પાલીતાણા )

માનવ–જીવન સંજોગો અને સોબતથી ઘડાય છે. સારા સંયોગો અને સંસ્કારી સોબત મળતાં માનવી સજ્જન અને સંસ્કારી બને છે, ખરાબ સંજોગો અને દુષ્ટ સોબત મળે તો દુર્જન ને કુસંસ્કારી થાય છે, બાળક એક કોરા કાગળ જેવો છે. સંસ્કારી ને શિષ્ટ માબાપ હોય તો ઘરમાં સુંદર વાતાવરણ સર્જાય છે ને બાળક સંસ્કારી બને છે, જ્યારે માબાપ કુસંસ્કારી ને દુષ્ટ હોય તો વાતાવરણ કિલષ્ટ બને છે અને બાળક કુસંસ્કારી બને છે. સજ્જનનો સંગ માનવ–જીવન સ્વર્ગમય બનાવે અને દુર્જનની સોબત નર્કમય બનાવે. આમ માનવીના જીવનનું ઘડતર સોબત ને સંજોગો પર અવલંબે છે. આવા તો અનેક દાખલાઓ ઇતિહાસમાં ને વ્યવહારમાં પ્રાપ્ત છે કે કેટલાય આત્માઓ સત્સંગ પામતા સંત બન્યા છે ને નઠારી સોબતે ડાકુ પણ બન્યા છે. એટલા જ માટે ઘરમાં, નિશાળમાં કે હરવા–ફરવામાં માબાપ બાળકને સારા મિત્રો મળે એવી કાળજી રાખે છે જેથી બાળક આડે રવાડે ન ચડી જાય અને ખરાબ સંગમાં ન પડે પરન્તુ સારી સોબતમાં રહી સારી રીતભાત કેળવે છે. શાસ્ત્રો પણ કહે કે માનવીએ સત્સંગ કેળવવો કે, જીવન ઉજ્જવળ ને ઉચ્ચ બને અને કુસંગથી ચેતવું કે, જીવન ખરાબે ન ચડે, કહો કે સોબત જ માનવીને સજ્જન–દુર્જન બનાવે છે.

અને આ નિયમ–'સંગ તેવો રંગ'–માત્ર માનવો માટે જ નહિ પરન્તુ પ્રત્યેક પ્રાણીને લાગુ પડે છે. પશુ–પંખી પણ સારા–નરસા સંસર્ગમાં આવતા સારી–ખરાબ આદતો શીખે છે, સિંહનું બચ્ચુ ઘેટાં–બકરાં સાથે ઉછરતા નિર્દોષ ને નિરામિષ બને છે, કુતરા પણ શિકારી સાથે રહેતાં હિંસક કે કરડકણા બને છે, અરે પોપટ જેવું માનવસંગી પંખી પણ સારા–નરસા સંગમાં પડતાં શિષ્ટ–કિલષ્ટ ભાષા શિખે છે, પ્યારૂં–અકારૂં બોલે છે, 'સોબત તેવી અસર' એ કહેવત પ્રાણીઓ માટે પણ સાચી ઠરે છે.

'સામાયિક–મંડળ'માં મિત્રો સાથે આવી ચર્ચા ચાલતા મને થયેલ અંગત અનુભવ રજુ કરવાનુ મન થયું–પોપટ જેવું એક પંખી–'સંગ તેવો રંગ' એ ન્યાયે કેવું પલટાઇ જાય છે. સારા સંગમાં પ્યારૂં ને પ્રિય વલણ અપનાવે છે અને કુસંગમાં અકારૂં ને આકરૂં વર્તન દાખવે છે. પ્રસ્તુત અનુભવની રજુઆત કરતાં મેં કહ્યું—

"મિત્રો, માનવી તો 'સોબત તેવી અસર' એ ન્યાયે સારી સોબતમાં સજ્જન ને નઠારી સોબતમાં દુર્જન બનતો હોય છે એનો આપણો સામાન્ય અનુભવ છે પરન્તુ પશુ–પંખી પણ 'સંગ તેવો રંગ' મુજબ જેવા વાતાવરણમાં (સારા કે નરસા) રહે છે તેવું ઘડાય છે એનો મ્હને જાત અનુભવ થયો....મ્હારા વ્યવસાય અંગે એક વાર વાઘરીવાસમાં 'વીઝીટે' જવાનું થતાં દરદીને ત્યાં પાંજરામાં એક પોપટ જોયો. તે મ્હને જોતાંજ બોલી ઉઠ્યો–'ઠીક માણુસ હાથમાં આવ્યો છે, ખીસ્સું કાપો, પૈસા લઈ લ્યો, કાઢી મૂકો...મારો....ઝુડો...' હું તો વિચારમાંજ પડી ગયો. પોપટ એ શબ્દો રટતો–પઢતો રહ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરદીએ મ્હને કહ્યું–'સાહેબ, એતો એને ટેવ છે, બોલ્યા કરે, એની સામું ના જોશો. માઠું ના લગાડશો' અને હું દરદીનું કામ પતાવી ઘેર આવ્યો. પરન્તુ પોપટની એ વાણી જાણે કાનમાં ગુંજી રહી....મ્હને વિચાર કરતો કરી મૂકયો. આમ કેમ?" અને હું અટકયો. મિત્રો પણ જાણે પ્રશ્નાર્થમાં પડી ગયા.

પછી બીજો અનુભવ વર્ણવતાં મ્હેં આગળ ચલાવ્યું–"મિત્રો, પછી એકવાર એનો ઉકેલ મ્હને મળી ગયો. હું એક વકીલ-મિત્રને ત્યાં 'વિઝીટે' ગયેલ. ત્યાં પણ પાંજરામાં એક પાળેલ પોપટ જોયો. મ્હને જોતાંજ એ બોલી ઉઠ્યો. 'પધારો મહાશય, કુશળ છો? બિરાજો ચા-પાણી લેશો?' અને હું દરદીને તપાસવામાં રોકાયો. બધું પતાવ્યું દવા-સૂચના આપી, જવા લાગ્યો ત્યાં પોપટે ફરી કહ્યું–'પધારજો, મહાનુભાવ, ફરી દર્શન દેજો' અને ઘરે આવતાં મ્હને વિચાર આવ્યા કર્યા....'કેટલો ફેર આ અને પેલા પોપટમાં! વકીલ અને વાઘરી જેટલોને? સજ્જન અને દુર્જન જેટલોને? એકનાં મોઢામાં મિઠાશ ને બીજાના મોઢામાં કડવાશ! એકમાં મધુરતા ને બીજામાં વિષમતા! જેવું વાતાવરણ તેવુંજ ઘડતરને! આમ વિચારતો વિચારતો ઉંઘમાં પડ્યો ને સ્વપ્ન-સૃષ્ટિમાં સરી પડ્યો. ત્યાં પેલો પોપટ સ્વપ્નમાં કહી રહ્યો–'શ્રીમાન ત્હમને વિચાર તો આવ્યો હશે કે અત્રે બે પોપટ દેખાવે એક સરખા પણ વર્તનમાં જુદા જુદા! ત્હમને જાણીને આશ્ચર્ય થશે કે અમે બન્ને ભાઇજ છીએ. એકજ માબાપના ફરજંદ! પણ અમને વેચી દેતાં, એકને વાઘરી લઇ ગયો મ્હને વકીલે ખરીદ્યો. ત્હમે જાણો જ છો કે અમને પોપટને પઢાવે એટલે માનવીની જેમ બોલીએ, પણ અમને જેવું પઢાવે, જેવી બોલી હોય જેવું વાતાવરણ હોય, એવું અમારૂં બોલવું ને વર્તવું. વાઘરીને ત્યાં જેવું વાતાવરણ ને જેવું બોલાય તેવુ મ્હારો ભાઇ ગલિચ ને ક્લિષ્ટ બોલતાં શીખ્યો અને મ્હને અહિં વકીલને ત્યાં સુઘડ વાતાવરણ ને સંસ્કારી બોલચાલ મળતાં હું શિષ્ટ ભાષા ને બોલી શીખ્યો-બોલ્યો, જેવું વાતાવરણ તેવું વલણ! જેવી શિખવણી તેવી બોલી! એટલે જ કહેવત પડી હશે ને 'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર'! મહાશય, હવે આપની મુંઝવણ ઉકેલાઈ જશે...., ત્યાં તો હું સફાળો જાગી ઉઠયો અને મ્હને પોપટના પ્રસ્તુત અનુભવમાં અમારી ચર્ચા સાથે સુસંગત ઉકેલ મળી ગયો. જે પોપટને સારા સંયોગો ને સારી સોબત મળી એ પ્યારૂં ને પ્રિય બોલતાં શીખ્યો અને જેને નઠારૂં વાતાવરણ ને કુસંગ મળ્યો એ અકારૂં ને આકરૂં બોલતાં શીખ્યો." બીજો અનુભવ કહી હું અટકયો. મિત્રોને ઠીક રસ પડ્યો.

ચર્ચાને આટોપતાં ને સમિક્ષા કરતાં છેલ્લે કહ્યું–"અને મિત્રો, માનવી માટે પણ એ કયાં સાચું નથી? ઇતિહાસ સાક્ષી પૂરે છે ને આપણો અનુભવ કહે છે કે સુંદર વાતાવરણ ને સારો સંગ મળતાં બાળકો ભવિષ્યમાં સંસ્કારમૂર્તિ બની રહે છે અને ક્લિષ્ટ વાતાવરણ અને નીચ સોબત મળતાં ડાકુઓ બન્યાના દાખલા કયાં ઓછા છે? એટલે જ કહ્યું છે ને સમજુ માણસો સત્સંગમાં સમય ગાળે અને પોતાના બાળકોને પણ સુંદર વાતાવરણમાં ઉછેરે! ત્હોજ શિષ્ટ ને સુઘડ સમાજનું ઘડતર થશે." અને મ્હેં મ્હારૂં વક્તવ્ય પૂરૂં કર્યું.

છૂટા પડતા પહેલાં સૌ મિત્રોના દિલમાં વસી ગયું કે નિમિત્ત મળતાં કેટલોક આરંભ-સમારંભ થાય છે તો આવી રહેલ આગામી પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં સુદેવ, સુગુરુ ને સુધર્મને સેવતાં સુંદર વાતાવરણ સર્જીએ કે સૌને સત્સંગની દૃષ્ટિ લાધે!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુજાતાની ક્ષમાવૃત્તિ

લે. મનસુખલાલ તારાચંદ મહેતા.

રાજગૃહીના એક આલેશાન મહાલયમાં શ્રાવસ્તીથી આવેલ પોતાના પિતાનો પત્ર સુજાતા વાંચી રહી હતી. પત્ર વાંચતી વખતે તેના ચક્ષુમાંથી વહી રહેલાં ઊનાં ઊનાં અશ્રુઓ કાગળને ભીંજવી રહ્યાં હતાં. પિતાએ પોતાની એકની એક લાડકી પુત્રીને પત્રમાં લખ્યું હતું:

ચિરંજીવી સુજાતા,

સાસરે ગયા પછી તારો વિગતવાર પત્ર તો આજે પ્રથમ મળ્યો, જે વાંચી મારૂં હૃદય કંપી ઊઠયું. ધનવાનોને ત્યાં પુત્રીને પુત્રવધૂ તરીકે મોકલતાં માબાપને હર્ષ અને આનંદ થાય છે, કે આપણી પુત્રી સુખમાં પડી. પણ આ માન્યતા કેવી બાલિશ અને છેતરામણી છે, તે તો હું પ્રથમથી જ જાણતો હતો. શિક્ષિત અને સંસ્કારી છોકરીઓ જ્યારે ગરીબ શ્વશુર ગૃહે પુત્રવધૂ તરીકે જાય છે, ત્યારે ત્યાં પૂજાતી હોય છે. આ કારણે તારા વાગ્દાનની વાત તારા સાસરિયા તરફથી સામેથી આવી ત્યારે, તે લોકો ધનવાન અને સુખી હોવા છતાં મેં ઘસીને નાજ પાડી દીધી હતી પણ તે વખતે તારી માતાની ગંભીર માંદગીના કારણે હું તેની ઈચ્છાને ન ઉવેખી શક્યો. મારા લગ્ન વખતે તારી માતા મહી હયાત ન હતી. એ લગ્ન પ્રસંગે તારા માતા મહે મને એકજ શીખ આપેલી કે, "માતા વિનાની મારી પુત્રી પર મને એટલા બધા હેત અને પ્રીત છે કે, તે દુ:ખી થઈને જ્યારે એક પણ આંસુ પાડશે, ત્યારે મારા હૃદય પર તેના એક એક આંસુના બિન્દુનું વજન એક એક ટન જેટલું લાગશે. મેં એ માતા વિહોણી પુત્રીને લાડ લડાવ્યાં છે, મોઢે ચડાવેલી છે, એટલે તેનો દોષ જ્યારે તમારી નજરે આવે, ત્યારે તે દોષનું નિમિત્ત કારણ મને ગણશો. પણ તેને જરાએ કોચવશો નહિ."

આજે તો તારી માતા કે માતામહ બંનેમાંથી કોઈ હયાત નથી, પણ મારા લગ્ન વખતના તેના શબ્દો મારા હૃદય તટપર એવા અંકિત થઈ ગયેલા કે, ગમે તેવા સંજોગોમાં પણ તારી માતાને મેં કદી દુભવી નથી. તેની ઈચ્છાની તૃપ્તિ અર્થેજ મારે તને રાજગૃહીના એક શ્રેષ્ઠિને ત્યાં આપવી પડી. સુજાતા! ધનવાનોને ત્યાં સુખના સાધનોનો કોઇ પાર નથી હોતો અને છતાં ત્યાં શાંતિનું નામ નિશાન પણ જોવામાં આવતું નથી. તારો પત્ર મારી વાતને ટેકો આપે છે. આમેય ધન અને ધર્મનો સુમેળ ક્વચિત જ જોવાનો મળે છે. માણસ પાસે પૈસો હોય, પ્રતિષ્ઠા હોય, પણ ધર્મ અને સંસ્કાર ન હોય તો એવા પૈસા અને પ્રતિષ્ઠાનું મૂલ્ય શું? પરંતુ લગ્નની બાબતમાં મુખ્યત્વે પૂર્વભવની લેણદેણજ કામ કરી જતી હોય છે. 'લંકાની લાડી અને ઘોઘાનો વર' એવી કહેવતનો પણ આજ અર્થ છે. ત્યાં તને કોઈ ભિક્ષુ કે ભિક્ષુણીના દર્શન થતાં નથી અને કશી ધર્મ પ્રવૃત્તિ થઈ શકતી નથી, એટલે તારૂં મન ભારે ભારે રહ્યા કરે છે, એતો સ્વાભાવિક છે. જ્યાં ભિક્ષુના દર્શનને પણ અવકાશ નથી, ત્યાં તેની ધર્મદેશનાની તો વાતજ ક્યાં રહી?

પરંતુ સુજાતા! જે પરિસ્થિતિમાં કુદરતી રીતેજ આપણે મૂકાઇએ છીએ, તેને અનુકૂળ બની જવામાં જ જીવનનું સાચું તપ છે. આ અભ્યંતર તપ છે, બાહ્ય તપ કરતાં અનેકગણું ચડિયાતું. આપણે ભગવાન બુદ્ધના ઉપાસક ત્યારે તારા સાસરિયા તો સૌ વિધર્મી. તેથીજ આ પત્ર સાથે પંદર હજાર કાર્ષાપણની એક થેલી મોકલાવું છું. ચાતુર્માસના છેલ્લા દિવસો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલે છે, એટલે રાજગૃહીમાં શ્રીમતી નામે એક ગણિકા છે, તેને આ રકમ આપી એક પખવાડિયા માટે તારા પતિની પરિચર્યા કરવાનું કાર્ય સોંપજે અને તું આ રીતે એક પખવાડિયું દાન પુણ્ય અને ધર્મકાર્યોમાં પસાર કરજે. સત્ય અને અસત્ય, દેવો અને દાનવો, ધર્મ અને અધર્મ–આ બધા વચ્ચેના યુદ્ધમાં અંતે તો સત્ય, દેવો અને ધર્મનો જ જય થાય છે. એટલે શ્રદ્ધા અને ખાતરી રાખજે કે તારા પરથી દુઃખના વાદળો પસાર થઇ જશે અને સુખનો સૂર્ય ઉગશે જ. સ્ત્રીનું પુસ્તક સંસાર છે, તે સંસારમાંથી જેટલું શીખે છે, તેટલું પુસ્તકમાંથી નથી શીખતી. સંસારથી ત્રાસી જઇ અગર કંટાળી કે હતાશ થઇને ભિક્ષુણી થવામાં હું ડહાપણ નથી જોતો. આવી સ્ત્રીઓ સંસારની સ્ત્રીઓને શું માર્ગદર્શન આપી શકે? સિવાય કે તેની આસપાસ આવી જ બીજી બહેનોનું ટોળું ઊભું કરી શકે. સંસારમાં જે ઉત્તમ રીતે જીવન જીવી શકે, તેને જ ભિક્ષુ કે ભિક્ષુણી થવાનો અધિકાર છે. તને ભણાવતી વખતે **नायमात्मा बलहीनेन लभ्यः** નો અર્થ સમજાવેલો તે શું ભૂલી ગઈ? ફરી, યાદ કરાવી આપું–દુઃખનો સ્વીકાર કરવાનું બળ જેનામાં નથી, તે પોતાને સાચી રીતે પામી શકતો નથી. પ્રસન્ન ચિત્તે રહેજે–એ જ જીવનનો સાચો યોગ છે.–બાપુજીના શુભ આશીર્વાદ.

પિતાના પત્રથી સુજાતાને ભારે આશ્વાસન મળ્યું. પોતાની દાસી મારફત શ્રીમતીને બોલાવી પિતાએ સૂચવેલો પ્રસ્તાવ મૂકયો અને તેણે એ વાત માન્ય રાખી. સુજાતા શ્રીમતીને લઈ પતિ પાસે ગઇ અને અત્યંત સંકોચપૂર્વક બોલી : “નાથ! આપ મને અનુજ્ઞા આપો તો એક પખવાડિયું હું દાન પુણ્ય અને ધર્મકાર્યોમાં પ્રવૃત્ત રહું અને તે સમય દરમિયાન મારી આ સહાયિકા શ્રીમતીને આપની પરિચર્યામાં મૂકું!”

રંગીલા પતિદેવે શ્રીમતી પર દૃષ્ટિ કરી અને પાણી પાણી થઇ ગયો. આવી નારીનો સામેથી આવતો સહવાસ વળી કોણ મૂર્ખો જતો કરે? એમ વિચારી તેણે કહ્યું: “પત્નીને ખૂશ રાખવી એ તો પતિનો ધર્મ છે, તેથી તારો પ્રસ્તાવ હું માન્ય રાખું છું.” છેલ્લે મજાક કરતાં કહ્યું: “તારા દાન પુણ્ય અને ધર્મકાર્યોનું અર્ધું ફળ મને આપવાની શરતે આ પ્રસ્તાવ માન્ય રાખું છું.” સુજાતા હસીને બોલી: “આપનો ભારે અનુગ્રહ થયો. હું આખીજ તમારી છું એટલે મને જે લાભ થાય તે તમનેજ થયા બરોબર છે.” આમ સરળતાપૂર્વક આ વાત તો પતી ગઈ.

(૨)

સુજાતાએ પતિગૃહેજ રહી ધર્માનુષ્ઠાનો આરંભ્યા. રંગીન મહાલય પખવાડિયા માટે ધર્માલય બની ગયો. સુજાતાએ ભગવાન બુદ્ધ અને તેના ભિક્ષુ સંઘને પૂર્ણાહુતિના દિવસે ભોજન માટે આમંત્રણ આપ્યું હતું. માતાથી વિખુટા પડી ગયેલા બાળકને, માતાનો પુનઃ મેળાપ થતાં જે આનંદ થાય તેવો આનંદ સુજાતાને પણ થયો. પૂર્ણાહુતિના દિવસે સુજાતા રસોઈ કામ પર જાતે દેખરેખ રાખી રહી હતી. તેનું જીવન ધન્ય બની ગયું હતું. એ બધી વ્યવસ્થામાં તે એટલી બધી ઓતપ્રોત બની ગઇ હતી કે તેના મેલાં થઇ ગયેલાં કપડાનું પણ તેને ભાન ન હતું. તેના વાળ અસ્તવ્યસ્ત થઈ ગયા હતા, મોઢા પર રાખ અને કોલસાના ડાઘા પડી ગયા હતા અને દાસીઓ સાથે તે પણ એક દાસી જેવીજ દેખાતી હતી.

ઉપરની અટારીએથી સુજાતાનો પતિ સુજાતાના આવા હાલ હવાલ જોઇ વિચારતો હતો કે, આ બાઈ જેવી બીજી કોઇ મૂર્ખ નારી ભાગ્યેજ હશે! પ્રાપ્ત થયેલા સુખનો ઉપભોગ કરવાને બદલે, મુંડિયા ભિક્ષુકોની સેવા પાછળ આંધળી થઇ છે! તેના દેદાર કેવા વિચિત્ર થઈ ગયા છે? આમ વિચારતો તે હસી પડ્યો અને આ હાસ્ય તેની નજીક ઊભેલી શ્રીમતીએ જોયું. હાસ્યનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણ સમજવા શ્રીમતીએ નીચે જોયું તો ત્યાં સુજાતા ઊભી હતી. તેને થયું કે આ પતિ પત્ની નક્કી કોઇ મારીજ બાબતમાં સંકેત કરી હસ્યા. પતિ પત્ની વચ્ચેની આવી નિકટતા તે સહી ન શકી. ગુસ્સાથી લાલચોળ થઈ તે નીચે ઉતરી. ક્રોધ, આવેશ માણસને હેવાન બનાવી દે છે અને તેનામાંથી સારા સારની બુદ્ધિ નાશ પામે છે. ક્રોધમાં પાગલ બનીને પૂરી તળવા માટે તાવડામાં ઘી ઊકળતું હતું, તેમાંથી એક કડછી ભરી ઊકળતું ઘી તેણે સુજાતાના શરીર પર ફેંક્યું. સુજાતા પગે દાઝી ગઇ. આ દૃશ્ય જોઈ સુજાતાની દાસીઓ ત્યાં દોડી ગઈ અને શ્રીમતીના આવા દુષ્ટ વર્તન માટે હાથમાં જે આવ્યું તે લઇને તેને ઢીબવા લાગી. દાસીઓ ન બોલવા જેવા શબ્દો બોલવા લાગી પણ ત્યાં તો દાઝેલા પગે સુજાતા ત્યાં દોડી આવી. શ્રીમતીને કશી ઇજા ન થાય તે માટે સુજાતા તેની આડે ઊભી રહી. દાસીઓને શાંત પાડી જરા ઉગ્ર અવાજે તેણે તેણે સૌને કહ્યું: "તમે બધા આ શું કરી રહ્યાં છો ? મારું સ્થાન આજે યજમાનનું છે અને શ્રીમતી તો મારી મહેમાન છે. મારી વિનંતીથી આ મહાલયમાં તે આવી છે, એટલું તેનું અપમાન તે સાચી રીતે મારૂંજ અપમાન છે. માણસમાં રહેલી ક્ષમાવૃત્તિની કસોટી તો આવેજ પ્રસંગે થાય છે. તમે સૌ દૂર હટો, હું શ્રીમતીના મનનું સમાધાન કરીશ."

સુજાતા પછી શ્રીમતી પાસે જઇ તેની પીઠ પસવારતા દયાર્દ્રભાવે બોલી: "મારી બહેન ! હું તો તારા ઉપકાર તળે છું, તને કઇ વાતનું ખોટું લાગ્યું તે કહે તો તારા મનનું સમાધાન કરુ" સુજાતાનું આવું નમ્ર વર્તન અને વિવેક યુક્ત વાણી જોઈ શ્રીમતીને ખાતરી થઇ કે સુજાતાને સમજવામાં તેની કાંઇક ગંભીર ભૂલ થઇ છે. સુજાતાના કોઇ અપરાધ વિના તેના પ્રત્યે તેણે કરેલાં વર્તનનો તેને ભારે પશ્ચાત્તાપ થયો અને પગે પડી બોલી: "સુજાતા ! તારા પ્રત્યે મારાથી ભારે અપરાધ થઇ ગયો, મને સાચા અંતઃકરણથી ક્ષમા કર બહેન !"

(૩)

બરોબર એજ સમયે ભગવાન બુદ્ધ અને તેમના શિષ્ય સમુદાયે, મહાલયના ચોકમાં બાંધેલા મંડપમાં પ્રવેશ કર્યો. ત્યાં તો સુજાતાનો પતિ તેમજ બધો કુટુંબ પરિવાર પણ ત્યાં આવી પહોંચ્યો. ભગવાન બુદ્ધે ત્યાંનું વાતાવરણ જરા અસ્તવ્યસ્ત જોઈ પૂછ્યું:

"સુજાતા ! આ બધી શી ભાંજગડ ચાલી રહી છે ? તારા પગે શું ઈજા થવા પામી છે ?"

સુજાતાએ વિષણ્ણ હૈયે કહ્યું: "ભદંત ! આ પ્રસંગે, મારી સહાય અર્થે મારી નાની બહેન જેવી શ્રીમતીને મેં બોલાવેલી, પણ કોઇ પ્રકારની ગેરસમજુતિના કારણે મારી દાસીઓએ તેનું અપમાન કર્યું. આપની સમક્ષ શ્રીમતી પાસે આવા વર્તનની ક્ષમા માગી લઉં છું અને આપ સૂચવો તે પ્રાયશ્ચિત્ત પણ લેવું છે. "તે પછી ભગવાનની સમક્ષ સુજાતાએ જેજે બન્યું તે ટૂંકામાં કહી દીધું.

ભગવાને સુજાતાને પૂછ્યું: "જે વખતે શ્રીમતીએ તારા તરફ ઊકળતા ઘીની કડછી ફેંકી, તે વખતે તારા મનમાં ભાવો કેવા હતા ?"

સુજાતાએ દીન વદને કહ્યું; "ભદંત ! શ્રીમતીનો ગુસ્સો જોઈ મને થયું કે મારા કયા અપરાધને કારણે તેને મારા પર આવો ગુસ્સો આવ્યો હશે ? તેનું અપમાન થતું જોઇ મેં તેની આડા ઉભા રહી તેને બચાવી લીધી આ બનાવથી જે દુઃખ અને આઘાત શ્રીમતીને થયા હશે, તેનાથી અનેક-ગણા દુઃખ અને આઘાત મને થયા છે. આપણે ત્યાં કોઇને મહેમાન તરીકે બોલાવીએ, અને પછી આપણા જ ઘરમાં આપણા જ માણસો તેનું અપમાન કરે, તો તે માટે કેવું પ્રાયશ્ચિત્ત લેવું ઘટે ?"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાને કહ્યું: "ઊકળતું ઘી તારા પર પડયાં છતાં તારા મનની સમતુલા જળવાઈ રહી હોય તો, તારા માટે કોઈ પ્રાયશ્ચિત્તની આવશ્યકતા નથી, પણ તારી દાસીઓએ તો શ્રીમતીની ક્ષમા માગવી જોઈએ. શ્રીમતીનો અપરાધ હોય તો પણ તારી બાબતમાં છે, દાસીઓ પ્રત્યે નથી."

સુજાતાએ બધી દાસીઓને બોલાવી શ્રીમતીની સમક્ષ માફી મગાવી, પણ તે અત્યંત શરમિંદી બની અને ભગવાનને કહ્યું, "ભદંત ! એક નિર્દોષ હકીકતને તદ્દન વિકૃત સ્વરૂપે જોઈ મેં વિના કારણે સુજાતાના દેહને પીડા પહોંચાડી, એટલે હું પોતે જ ક્ષમા અને પ્રાયશ્ચિત્તને પાત્ર છું. સુજાતાના આજના વર્તન પરથી મને સમજાઇ ગયું કે, માનવી દેવથી પણ ઉત્તમ અને પશુથી પણ અધમ રીતે વર્તન કરી શકે છે. તે દેવની જેમ વર્તી છે, તો હું પશુથી પણ બદતર રીતે વર્તી છું. સુજાતાએ મને નવી દૃષ્ટિ આપી છે, હવે આપના ભિક્ષુણી સંઘમાં મને પણ સ્થાન આપવા આપને પ્રાર્થના કરું છું."

ભગવાને શ્રીમતીની પ્રાર્થના માન્ય રાખી કહ્યું: "શ્રીમતી ! લોહી વડે ખરડાયેલું વસ્ત્ર લોહી વડે સ્વચ્છ થતું નથી તેમ પ્રજવેલો અગ્નિ પણ અગ્નિ વડે શાંત થઈ શકતો નથી, તે જ રીતે ક્રોધ વડે પણ ક્રોધ કદાપિ શાંત થઇ શકતો નથી. ભિક્ષુ હોય કે ભિક્ષુણી, પુરુષ હોય કે સ્ત્રી, સૌએ નિરંતર યાદ રાખવાનું છે કે **क्रोधस्य रोधस्य शमो विधाता** ક્રોધનો નિરોધ ક્ષમા વડે જ થાય છે."

ભગવાને તે પછી ભિક્ષુઓ અને અન્ય સૌને ઉદ્દેશી કહ્યું: "કોઇ મધુર બોલે છે તો કોઈ કટુ બોલે છે, કોઈ હિત માટે બોલે છે તો કોઇ અહિત માટે બોલે છે, કોઇ મિત્રભાવે બોલે છે તો કોઇ દ્વેષ બુદ્ધિથી બોલે છે. પણ આવા સર્વ પ્રસંગે તમારું ચિત્ત વિકારવશ ન થાય, તમારા મુખમાંથી કટુ શબ્દ ન નીકળે, તમારી ક્ષમાવૃત્તિને જરા પણ આંચ ન પહોંચે એ રીતે આખા જગત પર, તમામ જીવોની પર નિઃસીમ મૈત્રીની ભાવના કેળવવા પ્રયત્ન કરજો !"

તે પ્રસંગે સુજાતાના પતિને તેની પત્નીના મૂલ્ય સમજાઇ ગયા. સુજાતાના ઘરના પણ સૌ સુજાતાની આવી ક્ષમાવૃત્તિ જોઈ દિગ્મૂઢ બની ગયા. ક્ષમા, દયા, કરુણા, અનુકંપા આ બધા ગુણો ધર્મરૂપી વૃક્ષની ડાળીઓ જેવા છે, તે સૌને સમજાઇ જતાં આખું કુટુંબ ધર્મના માર્ગે વળ્યું. ક્રોધ, અભિમાન, માયા અને લોભ પર વિજય મેળવવા દશ વૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે :

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।**
**मायमज्जव भावेण, लोभ संतोषओ जिणो ॥***

* શાન્તિથી ક્રોધને મારો, નમ્રતાથી અભિમાનને જીતો, સરલતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભ ઉપર વિજય મેળવો. (દશ. અ. ૮–૩૯)

**सहसा विदधीत न क्रियामकविवेकः परमापदां पदम् ।**
**वृणते हि विमृश्यकारिणं, गुणलब्धाः स्वयमेव संपदः ॥**

લાંબો વિચાર કર્યા વિના કંઇપણ કામ ન કરવું, કારણ કે અવિવેક એ જ પરમ આપત્તિનું સ્થાન છે. જેઓ વિચારીને કામ કરે છે તેમને ગુણલબ્ધ એવી સંપત્તિઓ સ્વયમેવ આવીને વરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્યાગ–દાન–અને આચરણ

ભાનુમતી દલાલ

પર્યુષણ પર્વ એ આનંદ પ્રમોદનું પર્વ નથી. આ પર્વ, ત્યાગ, સંયમ, તપ, વ્રત, નિયમો, છોડવા જેવા તત્ત્વોને છોડવા, આચરવા જેવા તત્ત્વોને ગ્રહણ કરવા અને આપવા જેવા તત્ત્વોને આપવા એ શીખવાડે છે–સમજાવે છે. પર્યુષણ પર્વ આવી રહ્યા છે. તો આપણે સૌ બાહ્ય જીવનમાંથી આંતર જીવનમાં આવીએ! અને આપણા શુદ્ધ આત્મતત્ત્વને પિછાનવા સબળ પુરુષાર્થ કરીએ.

## જીવનમાં છોડવા જેવા તત્ત્વો કયા છે!

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મમતા, અહંકાર વગેરે. બધા તત્ત્વોની છણાવટ ન કરતા ફક્ત ક્રોધ તત્ત્વને સમજવા અને છોડવાનો પ્રયત્ન કરીએ. ક્રોધ અનેક અનિષ્ટ પરિણામ લાવે છે. એને જીતવો ઘણો દુષ્કર છે છતાં આપણા જીવનમા રોજબરોજ થતા પ્રસંગો વખતે આપણે શાંતિ, ક્ષમા રાખશું તો જરૂર આપણે ધાર્યું પરિણામ લાવી શકશું.

આપણે ઘણીવાર નાની નાની વાતોમાં ગરમ થઇ જઈએ છીએ. આપણે જ્યારે કોઈ સમજવાના પ્રયત્ન ન કરે અને સામી વ્યક્તિ પોતાનો અહં ઘવાય એ માટે આપણી વાતને ઉડાડી દે, અગર પતિ–પત્નીના મતભેદના કારણે, એકબીજાની ગેરસમજણના કારણે કોઈ સબળ નિમિત્ત મળી જાય એટલે ક્રોધની જવાળા ભભૂકી ઉઠે છે. અને ત્યાં કલહના અને અવિશ્વાસના બીજ રોપાય છે અને બન્ને માનસિક તંગદિલી અનુભવે છે.

અહીંયા સમજણ, વિવેક અને ધીરજની જરૂર છે. શાંતિથી, પ્રેમથી પરસ્પરની સહાનુભૂતિથી એકબીજાને સમજવાનો પ્રયત્ન કરે, એકબીજાના દોષો સહજતાથી ભૂલી જઈ તાદાત્મ્ય ભાવ સાથે અને ફરી આવી ગેર-સમજણ કે મતભેદ ઊભા ન થાય તેનો બન્ને ઉપયોગ રાખે તો આપણા જીવન દુષિત નહિ બને. અને પરસ્પર શાંતિ અનુભવાશે.

ક્રોધ તો તોફાની વાદળ જેવો છે. કે જે વિવેકરૂપી દીવડાને બુઝાવી નાંખે છે. ક્રોધ આવે ત્યારે કોઈ જાતનું બોલવાનું ભાન નથી રહેતું. તે પ્રીતી, વિનય અને વિવેક આમ ત્રણેનો નાશ કરે છે. નાના બાળકો ક્રોધથી ટીપાઇ જાય છે. સાસુ–સસરા–ધણી–નણંદ પ્રત્યે ન બોલવાના શબ્દો બોલાય છે. સાથે આપણે માનસિક તાણ અનુભવીએ તે જુદી, ક્રોધના આવા, અનિષ્ટ તત્ત્વમે દૂર કરવા આપણે સરળ માર્ગ અપનાવીએ!

જ્યારે પણ ક્રોધનો પ્રસંગ ઊભો થાય ત્યારે આપણે સૌ મનથી નક્કી કરીએ, અગર ક્રોધ આવ્યો તેના પ્રાયશ્ચિત રૂપે ભગવાન સમક્ષ ૫૦) ખમાસમણા દેવા. તે ન ફાવે તો ૧૦ બાંધી નવકારવાળી ગણવી. જેથી એટલા સમયમાં આવેલો ક્રોધ સમી જશે. અને આપણે બીજા ઉપર ક્રોધ કરતા અટકી જઇશું. આ માર્ગ ખૂબ સરળ અને વિચારવા જેવો છે.

આપણે બહારની વાતો ખૂબ કરીએ છીએ **परोपदेशे पांडित्यम्** પણ ઘણું કરીએ છીએ. એટલે કે પારકાને ઉપદેશ આપવામાં શૂરા પણ આપણા જીવનમાં શૂન્ય હોય છે, બીજાના ઘરની વાતોમાં વડપણ લઈએ છીએ પણ આપણા અંતરની નાની નાની વાતોમાં આપણે દુર્લક્ષ સેવીએ છીએ. આ આપણા માનસિક જીવનની કેવી વિલક્ષણતા છે!

જો આપણે જીવનને શુદ્ધ અને સાત્ત્વિક બનાવવું હોય તો ક્રોધનો ત્યાગ કરવો જોઈએ. નાની નાની વાતોને સહજતાથી ગળી જઈએ તો આગળ વાત વધે જ નહિ. માનો! કે કોઈવાર ક્રોધ થઈ પણ ગયો તો તેનું પ્રાયશ્ચિત કરી આપણે જ આપણા ગુરુ બની તેનું નિવારણ કરવાનું રહ્યુ. ફરી ક્રોધ ઉત્પન્ન ન થાય તેનો ઉપયોગ સતત્ રાખવો રહ્યો.

જે કોઈ ભાઇ કે બેને ક્રોધને જીતી લીધો હશે! તે લોકો હૃદયથી કેટલા ક્ષમાશીલ હશે! તે પોતાના દીપક બની તેના સ્નેહ, પ્રેમ, વાત્સલ્ય અને પ્રકાશથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના અંતરમાં અજવાળા પાથરે છે અને લોકોને તેના પ્રકાશથી દિવ્યતા અર્પે છે.

## જીવનમાં બીજાને આપવા જેવું શુ છે !

બીજાને આપવા માટે પ્રેમ, લાગણીથી ભરેલા શબ્દો અને કંઈપણ અપેક્ષા વગર કોઈનું કામ કરી આપવુ તે.

આ પ્રેમ શુદ્ધ અને સાત્વિક અને અપેક્ષા વગરનો હોવો જોઇએ. આપણા નિર્મળ પ્રેમના દાનથી, આપણા લાગણીથી બોલાએલા શબ્દોથી, આપણા સાચા આશ્વાસનથી સામી વ્યક્તિ જરૂર શકિત ને આનંદ અનુભવશે. આપણા જીવનના દરેક કાર્યમાં આપણી વફાદારી અને અપેક્ષાવૃત્તિ જરૂર આપણને સફળતા અપાવશે. કૂતરા જેવું પ્રાણી ગમેતેવા સંજોગો ઊભા થવા છતાં તે પોતાના માલિક પ્રત્યે બેવફા નથી બનતો પણ તે હંમેશા પ્રેમ અને વફાદારી જાળવી રાખે છે. તેમ આપણે પણ સામી વ્યક્તિ પ્રત્યે પ્રેમ અને વફાદારી જાળવી રાખવા ઘણાં જરૂરી છે.

આપણે નાના એવા સ્વાર્થના કારણે આપણે તરત જ ગરમ થઈ જઈએ ગમ ખાઈ નથી શકતા. આપણી સહન કરવાની વૃત્તિ આપણે કેળવી નથી તેથી આપણે સામાનો પ્રેમ પ્રાપ્ત નથી કરી શકતા. આ બધુ ભૂલી જઇ આપણે નિર્વ્યાજ પ્રેમ, નિર્મળ પ્રેમ જો આપણે આપતા રહીએ તો એમાંથી આપણને એક પ્રકારનો આત્મ સંતોષ અને આનંદ પ્રાપ્ત થશે. સામી વ્યક્તિ તરફથી આપણને પ્રેમ અને શુભેચ્છા મળતી રહેશે.

## જીવનમાં લેવા જેવું શું છે ?

આપણે જીવનમા લેવા જેવું જે કંઇપણ હોય તે લોકોની શુભેચ્છા છે. આપણે લોકોની શુભેચ્છા કે તેના સાચા આશીર્વાદ મેળવશું તો જરૂર આપણને કંઇક પ્રાપ્ત થશે. આ પ્રાપ્ત કરવા કે મેળવવા આપણે આપણા જીવનમાં બની શકે તેટલા સુકાર્યો કરવા જોઇએ જેમકે કોઈ આંધળા માણસને રસ્તો ઓળંગાવી દઈએ, કોઈ ભૂખ્યા આત્માને અન્નદાન આપીએ, મુંગા પ્રાણીને ચણ કે ચારો નાંખી તેના આત્માને સંતુષ્ટ કરીએ. લૂલા–લંગડાને આપણી શક્તિ અનુસાર પૈસો બે પૈસા આપીએ. કોઇને પહેરવાના કપડા ન હોય, અને આપણી પાસે ઘણાં કપડા હોય એમાથી દાન કરીએ. તો આ સૌ જીવો તમને જરૂર શુભેચ્છા કે અંતરના આશીર્વાદ આપશેજ અને તે આશીર્વાદ કોઈ ભાગ્યશાળી કે પૂન્યવંત આત્મા હોય તેને પ્રાપ્ત થાય છે. એ ખરૂ, પણ આપણા પુરુષાર્થથી આપણે પણ આવા આશીર્વાદ જરૂર મેળવી શકીએ. આપણે સૌ કોઈ આ પર્વના દિવસમાં આવા આશીર્વાદ પ્રાપ્ત કરીએ !

પર્યુષણ પર્વના દિવસોમાં આપણે સૌ કોઈ છોડવા જેવા તત્ત્વ ક્રોધને છોડવાનો પુરુષાર્થ કરીએ.

આપવા જેવા તત્ત્વ પ્રેમનું પાન કરાવીએ. ગ્રહણ કરવા જેવા તત્ત્વ આશીર્વાદ અને શુભેચ્છા લોકો પાસેથી મેળવીએ તો આ પર્યુષણ પર્વની આરાધના કંઈક અંગે સફળ લેખાશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાણીનો સંયમ
## (૨)

લેખકઃ—ખીમચંદ ચાંપશી શાહ

શ્રી આત્માનંદ પ્રકાશના ગયા માસના (ઇ. સ. ૧૯૭૫ જુલાઇ ના) અંકમાં શ્રીયુત મનસુખલાલ તારાચંદ મહેતાનો 'વાણીનો સંયમ' એ શિર્ષકનો એક સુંદર વિચાર પ્રેરક લેખ અપાયો છે. તે વાંચીને મને કેટલાક વિચારો સ્ફુર્યા છે, તે ટૂંકામાં આ લેખમાં દર્શાવવા હું ઇચ્છા રાખું છું.

**વાણીનો સંયમ** એ સંસ્કૃતિનું એક અગત્યનું લક્ષણ છે. વાણી ઉપરના સંયમ–કાબૂ વિનાનો માણસ સંસ્કૃત–સુધરેલો કહેવાય નહીં. જગતની સર્વ પ્રજાઓએ આ હકીકત સ્વીકારી છે અને તેમની આગવી રીતે તેમની કહેવતોમાં વણી લીધી છે. આવી કેટલીક કહેવતો શ્રી મનસુખલાલ ભાઈએ આપી છે તે ધ્યાનમાં રાખવા જેવી છે.

માણસના સંસ્કાર તેની વાણી ઉપરથી પરખાઈ આવે છે. એક સુભાષિતમાં કહ્યું છે કે–

ન શિંગ વેશ્યા સુતને લલાટે,
ન પદ્મ નિરમ્યું કુળવાન હાથે.

વાણી વદે વકત્રથી જેમ જેમ,
અંકાય જાતિ–કુળ તેમ તેમ.[૧]

પંચતંત્રમાં એક કથા છે. એક ગધેડાને સિંહનું ચામડું ઓઢાડી તેને તેનો માલિક અંધારી રાત્રે પારકા ખેતરમાં ચરવા છૂટો મૂકી દેતો. રખેવાળો સિંહ છે તેમ માની છૂપાઇ જતા અને ગધેડો સુખેથી પેટભરપૂર ચરી ઘેર ચાલ્યો જતો. તેણે એક રાત્રે આનંદમાં આવી જઇ ભૂંકવાનું શરૂ કર્યું. તેની આ ભૂંકણ–વાણીથી તે ઓળખાઇ ગયો અને રખેવાળોએ તેને પકડી, માર મારી, ખીલે બાંધી દીધો. આવી જ જાતનું એક દૃષ્ટાંત શ્રી મનસુખલાલભાઈ આપે છે. ઉપર ટાંકેલી કાવ્ય પંક્તિઓ જેવા જ અર્થની અંગ્રેજી કહેવત "તમારી ભાષા ઉપરથી તમારૂં કુળ પરખાઇ આવે છે."[૨] એ કહેવત ટાંકીને શ્રી મનસુખલાલ-ભાઈ એક દૃષ્ટાંત સાથે સુંદર રીતે તે તથ્ય સમજાવે છે. એક વાઘરી છોકરીને સારાં સારાં લુગડાં ઘરેણાં પહેરાવીને એક બંગલામાં શેઠાણી બનાવી. પણ તેની બોલી ઉપરથી તે વાઘરણ પરખાઈ ગઇ. આ દૃષ્ટાંતના અંતે તેઓ યોગ્ય જ રીતે કહે છે કે માનસશાસ્ત્રીઓ માણસો સાથેની ટૂંકી વાતચીત ઉપરથી તેઓના માનસ, કુળ, જાતિ, સંસ્કાર વિષે સમજી શકે છે.

પરંતુ આ વાણી ઉપર સંયમ રાખવો એ સહેલી વાત નથી. ગ્રીસની એક વાત છે. એક વખત એક યુવાન એથેન્સમાં આવી ચડ્યો, અને તેણે બાગમાં એક ઉપદેશકને પ્રવચન કરતા જોયો. તે પ્રવચનમાં ગયો. અને પ્રવચનના અંતે

---

૧. न जारजातस्य ललाटशृंगं कुलप्रसूतस्यं न पाणिपद्मं ।
यथा यथा मुंचति वाक्य वाणं तथा तथा जातिकुल प्रमाणम् ॥

૨. Language shows your Breeding.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશકને મળી, પોતાની ઓળખાણ આપી, આભાર માની ત્યાંથી વિદાય થયો. ત્યાર બાદ ફરીથી દેખાયો નહીં. કેટલાંક વર્ષો વહી ગયાં. અચાનક એક વખત તે બંનેનો મેળાપ થઇ ગયો. ઉપદેશકે કહ્યું કે "ફરીથી તમે દેખાયા જ નહીં. આટલાં વર્ષો સુધી ક્યાં હતા?" યુવાન, કે જે તે વખતે પ્રૌઢ બની ચૂકયો હતો, તેણે માનપૂર્વક ઉત્તર આપ્યો: "ગુરુદેવ, તે વખતે મને જીભ ઉપર કાબૂ રાખવાનો–વાણી ઉપર સંયમ કેળવવા-નો–ઉપદેશ આપ્યો હતો. ત્યારથી તે જીવનમાં ઉતારવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. આટલાં વર્ષોના અંતે પણ તેમાં હું સફળ થયો નથી. હજી મારી વાણી ઉપર હું કાબૂ મેળવી શકયો નથી. એટલે જ્યાં આ પ્રથમ ઉપદેશ હું જીવનમાં ઉતારી શકયો ન હોઉં, ત્યાં બીજો ઉપદેશ લેવા કઇ રીતે આવું?" વાણી ઉપર સંયમ કેળવવો એ કેટલું દુષ્કર છે તે આ દૃષ્ટાંતથી સમજાશે. આમ છતાં પણ વાણી ઉપર સંયમ કેળવવો એ ખાસ જરૂરી છે. તેના અભાવે કેવા અનર્થો સરજાય છે તે શ્રી મનસુખલાલભાઈ એ ઉદાહરણો આપી સમજાવ્યું છે.

શ્રી મનસુખલાલભાઇએ વાણીના સંયમનાં મુખ્ય ત્રણ લક્ષણો જણાવ્યાં છે. તે એ છે કે વાણી હંમેશાં સત્ય (તથ્ય), હિતકર (પથ્ય) અને પ્રિય હોવી જોઇએ. પણ આવું હંમેશાં શકય છે ખરૂં? સત્ય હોય તે એકી સાથે હિતકર અને પ્રિય હોય તેવું કેટલીક વખત બનતું નથી. તો પછી સત્ય હિતકર હોય પણ પ્રિય ન હોય અથવા પ્રિય હોય પણ હિતકર ન હોય તેવા પ્રસંગોએ શું કરવું? ઉપનિષદમાં કહ્યું છે કે "સત્ય બોલવું, પ્રિય બોલવું, પણ અપ્રિય એવું સત્ય બોલવું નહીં."[3] જે સત્ય બોલવાથી સામાને અપ્રિય લાગે તેમ હોય, તો તે સત્ય બોલવું નહીં, પણ મૌન ધારણ કરવું. આ સલાહ સર્વ પ્રસંગ માટે યોગ્ય છે? અલબત્ત નકામા કારણ વિના અપ્રિય ભાષા બોલવી નહીં. "કાણાને[4] કાણો, હિજડાને હિજડો, રોગીને રોગી કે ચોરને ચોર ન કહેવો" એવો આદેશ આપવામાં આવ્યો છે અને તે બરાબર છે. પરંતુ આપણે આપણા કોઇ સ્વજનને તેના હિતના માટે બે કટુ શબ્દો કહેવાની ફરજ ઊભી થાય ત્યારે તે ન કહેતાં શું આપણે મૌન ધારણ કરવું? ખરી રીતે જ્યારે હિતકર અને પ્રિય વચ્ચે પસંદગીનો પ્રશ્ન ઊભો થાય ત્યારે પ્રિયના ભોગે હિતકરને પસંદગી આપવી જોઇએ. [5]ગુરુજનોનાં કડવાં વચનોથી તિરસ્કારાયેલા જનો મહત્તાને પામે છે. એવી સૂક્તિ ધ્યાનમાં રાખવા જેવી છે.

હવે આપણે શ્રી મ. ભાઇએ આપેલો ફિલસુફ બર્ટ્રાન્ડ રસેલનો દાખલો તપાસીએ. વ્યાઘ્રે ઘાયલ કરેલી લોંકડી કઇ બાજુએ ગઇ છે તેમ વ્યાઘ્રે પૂછતાં ફિલસુફે તે લોંકડીને બચાવવાના હેતુથી ખોટો જવાબ આપ્યો અને પછી કહ્યું કે "આ પ્રસંગે હું સાચું બોલ્યો હોત તો વધારે સારો માણસ ગણાત તેમ હું માનતો નથી." આ બાબતમાં મહાત્મા ગાંધીજીનો અભિપ્રાય ટાંકતાં શ્રી મ. ભાઇ કહે છે કે વ્યાઘ્રનો ઉત્તર આપવા ફિલસુફ બંધાયા ન હતા. આ પ્રસંગે મૌન સત્યથી ચઢી જાય છે, અને શબ્દના પ્રયોગના બદલે મૌનમાં વધારે સત્યોપાસના રહેલી છે.[6]

---

૩. सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् मा ब्रूयात् सत्यमप्रियम् ।

૪. तहेव काणं काणे त्ति पंडगं पंडगे त्ति वा ।
वाहियं वा वि रोगि त्ति तेणं चोरे त्ति नो वये ॥

દશવૈકા. અ. અ. ૭ ગા ૧૨

૫. गीर्भि गुरूणां परुषाक्षराभिस्तिरस्कृता, यान्ति नरा महत्त्वम् ॥

૬. मौनं सत्याद् विशिष्यते ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણે એક બીજું દૃષ્ટાંત જોઈએ. દેવી ભાગવતમાં સત્યતપા નામના એક ઋષિની કથા છે. આ ઋષિને હંમેશાં સત્ય બોલવાની પ્રતિજ્ઞા હતી. એક વખત તે પોતાના આશ્રમના ઝાંપામાં ઊભા હતા, તેવામાં ઘાયલ થયેલું એક હરણ જીવ બચાવવા દોડતું ઝાંપામાં ઘૂસી ગયું અને અંદરના ભાગમાં સંતાઈ ગયું. પાછળ વ્યાઘ આવ્યો અને "ઘાયલ થયેલા હરણને તમે જોયું છે?" એવો પ્રશ્ન સત્યતપાને પૂછયો. ઋષિને અસત્ય ન બોલવું તેવી પ્રતિજ્ઞા હતી એટલે તેણે અસત્ય ન બોલતાં મૌન ધારણ કર્યું પણ વ્યાઘે ફરી ફરીથી એ જ પ્રશ્ન પૂછયા કર્યો. એટલે ઋષિએ જવાબ આપ્યો કે "હે વ્યાઘ! જેણે હરણને જતાં જોયું છે (એટલે કે આંખ) તે બોલી શકતી નથી અને જે બોલી શકે છે (એટલે કે જીભ) તેનામાં જોવાની શક્તિ નથી તું શા માટે ફરી ફરી પૂછયા કરે છે."૭ આ કોઈ ચક્રમ્ છે તેમ માની, નકામો સમય ન ગુમાવવાના કારણે વ્યાઘ ત્યાંથી જતો રહ્યો અને ઋષિએ નિરાંતનો દમ ખેંચ્યો. અલબત તદ્દન મૌન કરતાં આ જવાબ જરા આગળ જાય છે. આમાં બુદ્ધિપૂર્વક વ્યામિશ્રતાનો આશ્રય લઈ સાચો જવાબ ટાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. શ્રી મ. ભાઈ આવી વ્યામિશ્રતાની ટીકા કરે છે તે બરાબર છે પણ તેઓ મૌનમાં જ સત્યોપાસના જૂએ છે તે બરાબર છે?

આપણે આ પ્રશ્ન તપાસીએ. આવા પ્રસંગો માટે પૂર્વ પુરુષોએ કાંઈ માર્ગદર્શન આપ્યું છે કે કેમ તે જોઈએ. એક આપ્ત વચન છે કે "બીજાને પીડા કરનારૂં વચન સત્ય હોય તો પણ તે સત્ય નથી."૮ એટલે કે બીજાને પીડા કરનારૂં સત્ય વચન પણ અસત્ય જ છે. મહાભારતમાં એક પ્રસંગે શ્રી કૃષ્ણ કહે છે કે—

"વિવાહના સમયે, કામક્રીડાના પ્રસંગે, પ્રાણનો ઘાત થતો હોય તેવા સમયે, સર્વ ધન લૂંટાઈ જતું હોય તેવા પ્રસંગે, ગાય અને બ્રાહ્મણના (એટલે કે પશુ અને પૂજ્ય જનોના) અર્થે જૂઠું બોલવું. આ પાંચ અસત્યો પાપકારી નથી."૯

શ્રી કૃષ્ણનું આ વિધાન તેમની વિચારસરણીને અનુરૂપ છે. તેઓ હિંસા, અસત્ય વગેરેના બે વર્ગો પાડે છે. (૧) ધર્મ્ય અને (૨) અધર્મ્ય. ધર્મ્ય હિંસા, ધર્મ્ય અસત્ય તેમની દૃષ્ટિએ વાંધાજનક નથી. મહાભારતનું યુદ્ધ તેમના મતે ધર્મ્ય હતું એટલે તેમાં થતી હિંસા પણ ધર્મ્ય ગણાય અને આથીજ તેમાં ભાગ લેવા તેમણે અર્જુનને પ્રેર્યો હતો. ભ. મહાવીર આવા વર્ગોમાં માનતા નહીં તેમના મતે હિંસા એટલે હિંસા અને અસત્ય એટલે અસત્ય. આમાં કોઈ છૂટછાટ કે છટકબારી રાખવાથી તેનો દુરુપયોગ થવાનો પૂરેપૂરો સંભવ છે એમ તેમને લાગ્યું હોય તેમ જણાય છે. કોઈ આતતાયી મારવા આવે તો પણ તેનો પ્રતિકાર ન કરવો, કારણકે તેમ કરવા જતાં આપણા હાથે હિંસા થવાનો સંભવ છે એવી તેમની વિચારસરણી હતી. અલબત્ત સામાન્ય જનતા માટે આ કેટલું શકય અથવા વ્યવહારૂ છે તે જુદો પ્રશ્ન છે. અહીં તો બંને વિચારસરણીઓ વચ્ચેનો ભેદ દર્શાવવાનો હેતુ છે.

અહીં તો જરૂર પડે તો સત્યના બદલે અસત્યનો આશ્રય લેવાની છૂટ આપવામાં આવી છે. આ દૃષ્ટિએ ફિલસુફ બર્ટ્રાન્ડ જૂઠું બોલ્યા કે સત્યતપાએ વ્યામિશ્રતાનો આશ્રય લીધો તેમાં વાંધાજનક કાંઈ નથી.

---

૭. या पश्यति न सा ब्रूते या ब्रूते सा न पश्यति ।
अहो व्याघ ! स्वकार्यार्थी किं पुनः पुनः पृच्छसि ॥

૮. सच्चंपि तं न सच्चं जं परपीडाकरं वयणं ।

૯. विवाहकाले रतिसंप्रयोगे प्रायात्यये सर्वधनापहारे ।
गोब्राह्मणार्थेऽनृतमब्रवीत पंचानृतान्याहुरपातकानि ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ છતાં હું તો માનું છું કે સત્યનાં ઉપાસકે શુદ્ધ સત્ય છોડવું ન જોઈએ. ફિલસુફે કે સત્યતપાએ કહી દેવું જોઈતું હતું કે 'પશુ કઇ બાજુ ગયું તે હું જાણું છું પણ કહેવા માગતો નથી!" આ ઉપરથી કદાચ શિકારી ગુસ્સે થાય અને શારીરિક હેરાનગતિ કરે તો પણ તે ઉપાસકે શાંતિપૂર્વક સહી લેવી જોઈએ.

હવે આપણે મૂળ પ્રશ્ન ઉપર આવીએ. સત્ય જ લોકમાં સારભૂત છે (**सच्चं हि लोए सार भूयं**), સત્ય જ જય પામે છે (**सत्यमेव जयते**), સત્યથી દેવત્વ તરફનો માર્ગ પથરાયેલો છે (**सत्येन वितत्तः पन्था देवयानः**) સમસ્ત વિશ્વને ધારણ કરનારૂં ટકાવી રાખનારૂં બળ ધર્મ છે અને તે ધર્મ નથી જ્યાં સત્ય નથી (**नासौ धर्मो यत्र सत्यं च नास्ति**). આવી સત્યની પ્રશસ્તિઓ ગાવામાં આવી છે. પરંતુ આ સત્ય છે શું? એકાંત સત્યની કોઇને અનુભૂતિ થઈ છે ખરી? ખરી રીતે તો સત્ય શું છે તે નક્કી કરવું આપણા માટે બહુ મુશ્કેલ છે.

એક વખત એક ચાર્વાકપંથીએ સિંહનાં પગલાં જેવી છાપ પાડે તેવાં ચાર ચામડાનાં ખોળા તૈયાર કરાવ્યાં. અને પોતે બે હાથમાં અને બે પગમાં પહેરી મધ્ય રાત્રિએ રસ્તાઓ નિર્જન થતાં ચતુષ્પાદ બની તે રસ્તા ઉપર ફર્યો. પ્રાતઃકાળે વહેલા ઉઠનારાઓએ આ પગલાં જોયાં અને જાહેર કર્યું કે ગામમાં રાત્રિએ સિંહ આંટો મારી ગયો છે. આ વાતની આખા ગામને પ્રતીતિ થઈ અને રાત્રે બહાર ન નીકળતાં સૌ ઘરમાં પુરાઈ રહેવા લાગ્યા.

ઇ. સ.ના પંદરમા સૈકા સુધી એમ મનાતું હતું કે આપણી પૃથ્વી વિશ્વના કેંદ્રમાં છે અને સૂર્ય, ગ્રહો, તારામંડળો વગેરે આપણી પૃથ્વીની આસપાસ ફરે છે. આધુનિક વિજ્ઞાનયુગના આદ્યપ્રણેતા ગેલિલિયોએ કહ્યું કે આ માન્યતા સત્ય નથી. સત્ય તો એ છે કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. તે વખતના ખ્રિસ્તી ધર્મગુરુઓએ શાસ્ત્ર વિરુદ્ધ આવા અસત્ય કથન માટે ગેલિલિયોને ખૂબ હેરાન-પરેશાન કર્યો. પરંતુ આજે આપણે જાણીએ છીએ કે ગેલિલિયો સાચો હતો અને તેની પહેલાના સમયની માન્યતા જૂઠી હતી. તાત્પર્ય એ છે કે જેને આજે આપણે સત્ય માનતા હોઈએ, તે આવતી કાલે અસત્ય ઠરે. જ્યારે યાહુદી ધર્મગુરુઓએ ઈસુ ખ્રિસ્તને અસત્ય માન્યતાઓનો ઉપદેશ કરવા માટે ગુન્હેગાર ઠરાવી તેને દેહાંતદંડની શિક્ષા ફરમાવવા માટે તે પ્રદેશના રોમન સૂબા પાઈલેટને વિનતિ કરી ત્યારે પાઈલેટે પ્રશ્ન પૂછયો કે "સત્ય શું છે?" (What is Truth?)

જનકવિદેહીનું દૃષ્ટાંત પણ સમજવા જેવું છે. મિથિલાનો રાજા અગણિત ઋદ્ધિ-સિદ્ધિનો માલિક હતો. તેને એક રાત્રે સ્વપ્નું આવ્યું કે તે એક ભિખારી છે અને મિથિલાની શેરીઓમાં ભીખ માગતો ફર્યા કરે છે. પ્રાતઃકાળે ઉઠતાં તે વિચારવા લાગ્યો કે તે કોણ છે-રાજા કે ભિખારી? આમાં સાચું શું છે? તેણે જાતજાતના પંડિતો બોલાવ્યા, પણ કોઈ જવાબ આપી શકયું નહીં. છેવટે અષ્ટાવક્ર ઋષિ આવ્યા અને કહ્યું કે 'જનક, તે પણ સાચું નથી અને આ પણ સાચું નથી.' સત્ય તો બધાથી પર છે."

આપણે આવી ભાંજગડમાં ઉતરવાની જરૂર નથી. આપણે જેને સત્ય માનતા હોઇએ, તેને જ જીવનના ભોગે પણ વળગી રહેવું જોઈએ. એ જ આપણા માટે સત્યની ઉપાસના છે.

હવે જ્યારે સત્યની અનુભૂતિ થવી મુશ્કેલ છે તો પછી મતાગ્રહ અને ઝઘડાનું મૂળ જ રહેતું નથી. સાથે બેસીને ચર્ચા દ્વારા મતાંતરોનો નિકાલ લાવવો એ જ સૌ માટે શ્રેયસ્કર છે અને શ્રી મ. ભાઇએ આ બાબતમાં કેશિ મુનિ અને ગૌતમસ્વામીનું દૃષ્ટાંત આપ્યું તે ખૂબ પ્રેરણાદાયી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રહ્મદત્ત ચક્રવર્તી

લેખક:—શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા

કાંપિલ્યપૂરનો રાજવી બ્રહ્મ, કાશી દેશનો રાજા કંટક, હસ્તિનાપુરનો રાજા કટેણુ, કોશલનો રાજા દીર્ઘ અને ચંપાનગરીનો રાજવી પુષ્પચૂલ–એ પાંચેય વચ્ચે એવી તો ગાઢ મૈત્રી હતી કે તેઓ પૈકી કોઈએ અન્ય વિના રહી શકે નહિં. છેવટે એવો નિર્ણય કર્યો કે, પાંચે ય રાજાઓએ દરેક રાજાની રાજધાનીના શહેરમાં એક એક વર્ષ માટે સાથે જ રહેવું, કે જેથી કોઈને કોઈનો વિયોગ સહેવો ન પડે.

આ ક્રમ અનુસાર પાંચે ય રાજાઓ એક વખત કાંપિલ્યપુરના રાજવી બ્રહ્મના રાજમહેલમાં સાથે રહેતા હતા. એક વખત બ્રહ્મરાજાને એકાએક મસ્તકનું શૂળ ઉપડયું. ઉત્તમ ચિકિત્સકોની સારવાર લેવામાં આવી છતાં આરામ ન થયો અને રાજાનું અકાળે અવસાન થયું. અંતિમ સમયે બ્રહ્મરાજાએ બધા મિત્રોને પોતાની પ્રિયરાણી ચૂલણી અને બાળક બ્રહ્મદત્તની સંભાળ રાખવા ભલામણ કરી. રાજ્યના વયોવૃદ્ધ મંત્રીને રાજાએ ખાસ ભલામણ કરતાં કહ્યું, "તમે તો મારા વડીલને સ્થાને છો; ચૂલણી, બ્રહ્મદત્ત અને રાજ્યને સાચવવાની જવાબદારી હવે તમારે શિરે આવે છે."

બ્રહ્મરાજાના મૃત્યુથી સૌ મિત્રોને અત્યંત આઘાત થયો. રાણી ચૂલણી યુવાન અને રૂપમાં રતિને પણ શરમાવે તેવી હતી. પતિના અચાનક અવસાનથી તેના દુઃખનો કોઈ પાર ન રહ્યો. કુમાર બ્રહ્મદત્ત બાળક હતો, એટલે તેના યુવાન થતાં સુધી કોશલના રાજવી દીર્ઘે કાંપિલ્યપુરમાં જ રહી, સૌની સંભાળ રાખવી એમ નક્કી થયું. મિત્રો દુઃખદ હૃદયે પોતાના રાજમાં પાછા ફર્યાં. કહે છે કે મનુષ્ય જેટલા પ્રિય સંબંધો કરે છે, તેટલા તેટલા તેના હૃદયમાં શોકના શંકુ ભોંકાય છે. રાગ અને શોક બંને એક જ સિક્કાના બે પાસા છે.

શરૂઆતમાં તો દીર્ઘે ચૂલણી પોતાની નાની બહેન હોય તેમ જ સંભાળ રાખી. પણ અગ્નિ અને ઘૃત બંને કયાં સુધી સાથે ટકી શકે? માનવ ગમે તે જાનવર ઉપર વિશ્વાસ રાખી શકે છે. સિંહ–વાઘ–વરુ–સાપ આ બધા હિંસક પ્રાણીઓ હોવા છતાં, લોકો તેને આસાનીથી પાળી શકે છે. પણ માણસ ઉપર વિશ્વાસ મૂકવામાં જોખમ રહેલું છે, કારણ કે માણસની બુદ્ધિમાં કયારે વિકાર કે વિકૃતિ જાગે, તે કહેવું કઠિન છે. માનવીના મનનો તાગ પામવો એ અશકય છે. યુવાન પુરુષ જ્યારે યુવાન નારીનો રક્ષક બને છે, ત્યારે એવા રક્ષકને ભક્ષક બની જતાં વાર લાગતી નથી. ચૂલણી અને દીર્ઘ વચ્ચે પ્રેમનો સેતુ રચાયો. ચૂલણી દીર્ઘની પ્રેયસી બની ગઇ અને પછી તો કરોળિયાના ઝાળામાં સપડાયેલું કૂંદું જેમ ત્યાંનું ત્યાં જ ચોંટી રહે છે, એમ દીર્ઘ ચૂલણીના સમગ્ર ચિત્ત તંત્ર પર ચોંટી ગયો. માનવીના મનમાં ઊઠતી કેટલીક અદમ્ય વાસનાઓ એવી તો પ્રબળ હોય છે કે, આબરુ અગર મોતનો ડર પણ તેને દાબી શકતા નથી. ચૂલણી જેવી ચાલાક પણ વાસનાથી રંગાયેલી સ્ત્રીઓ, પોતાના મનનાં ભાવોને અન્યથી અવ્યક્ત રાખવામાં ભારે કુશળ હોય, છતાં શુદ્ધ વૈધવ્ય ધર્મ પાળતી સુશીલનારી અને પુરુષનું ખાનગીમાં પડખું સેવતી નારી વચ્ચેનો ભેદ સુજ્ઞ સ્ત્રી પુરુષોથી અજાણ રહી શકતો નથી.

ચાણકય બુદ્ધિ વયોવૃદ્ધ ધેનુમંત્રી વસ્તુ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિતિ સમજી ગયો. પણ આ સડાને કેમ અટકાવવો એ એક કોયડો હતો. અહિં તો સમુદ્રમાંથીજ અગ્નિ પ્રકટ્યો હતો. જો પોતે કાંઈ પણ કડક પગલું ભરે, તો તેના ધડપર માથું રહેવું મુશ્કેલ બને તેવું હતું. તેતો રાજ્યનો એક નોકર માત્ર હતો, બાકી સત્તાના તમામ સૂત્રો તો ચૂલણી અને દીર્ઘના હાથમાં હતાં. ચૂલણી પણ દીર્ઘની પ્રેયસી બની જઇ દીર્ઘના હાથનું એક રમકડું બની ગઇ હતી.

ચતુરમંત્રીએ પોતાના પુત્ર વરધેનુ, જે બ્રહ્મદત્તનો પરમ મિત્ર હતો, તેને એકાન્તમાં બધી વાત સમજાવી અને બ્રહ્મદત્તને આ બધી વાતથી વાકેફ કરવા કહ્યું બ્રહ્મદત્ત હવે બાળક રહ્યો ન હતો. સોળ વર્ષનો યુવાન બની ગયો હતો અને તેની સમજશક્તિ પણ તીવ્ર હતી. માતાના ચારિત્ર બાબતમાં તે શંકાશીલ તો હતો, પણ માતા પર પુત્રનો રાગ એવો હોય છે કે માતા ગમે તેવી અધમ, દુશ્ચરિત્ર કે દોષિત હોય તો પણ, તે માનવા પુત્ર તુરત તૈયાર નથી થતો. પરંતુ પોતાના પરમ મિત્ર પાસેથી માતાના વર્તનની વાત સાંભળી તેનું હૈયું ઊકળી ઊઠયું. આ વાતનો નિવેડો બળથી નહિ પણ યુક્તિવડે લાવવા તેણે નિશ્ચય કર્યો.

દીર્ઘ અને ચૂલણી એક વખત સાથે બેસી કાંઈ ગોષ્ટિ કરી રહ્યાં હતાં. બ્રહ્મદત્ત તેની સમીપમાં જઇ ઊભા રહી, તેની પાસેના કાગ અને કોયલને ઉદ્દેશી કહ્યું: "અરે, લંપટ કાગ! તું આ કોયલમાં મુગ્ધ બન્યો છે અને તેનું સાહચર્ય છોડવા સમજાવ્યાં છતાં છોડતો નથી. તારી જાતજ કાગડાની! જે વાતથી ન સમજે તેને લાતથીજ સમજાવવો પડે. હવે તેની શિક્ષા પણ ભોગવી લે!" એમ કહી કાગડાને ત્યાંજ કટારીથી ચીરી નાખ્યો. પછી કોયલને કહ્યું: "તારું સ્થાન તો કોકિલ સાથે હોવું જોઇએ. સિંહણ તે કયાંય કૂતરાની સાથે શોભતી હશે? હવે નહિં ચેત તો તારા હાલ પણ આ કાગડાની માફક કરીશ."

દીર્ઘને બ્રહ્મદત્તના આવા વર્તન વિષે શંકા થઈ અને ચૂલણીને કહ્યું, "બ્રહ્મદત્ત આપણી પ્રણય લીલાને સમજતો થઇ ગયો છે. કાગ અને કોયલના ઓઠાં નીચે તેણે આપણા બંનેને ધમકીજ આપી છે." ચૂલણીએ હસીને કહ્યું, "બ્રહ્મદત્ત તો હજુ દૂધિયા બાળક જેવો છે, તેને આપણા પ્રેમની જાણ ક્યાંથી થાય? આતો તેની માત્ર બાળચેષ્ટા છે." કોઈ પણ નારી જ્યારે પરપુરુષના પ્રેમમાં પડે છે, ત્યારે એવી નારી સહજ રીતેજ સાહસિક બની જતી હોય છે. આવા પ્રસંગે એમ પ્રેમમાં પડનાર પુરુષમાં એક પ્રકારનો સંકોચ જન્મે છે. સ્ત્રી પુરુષમાં પરસ્પર એક બીજા પ્રત્યે ખેંચાણ થતાં, એકમેકમાં પરસ્પરની વૃત્તિઓ અને દુર્ગુણો પણ ખીલવા માંડે છે. દીર્ઘ અને ચૂલણીની બાબતમાં પણ એમજ બન્યું.

બ્રહ્મદત્તે જોયું કે દીર્ઘ અને તેની માતાની પ્રણય લીલામાં ઓટ આવવાને બદલે દિવસે દિવસે ભરતી આવતી હતી. બ્રહ્મદત્તે છેલ્લે એક આખરી ઉપાય અજમાવ્યો. ઉપવનમાં તેણે પ્રાણીઓની રમત ગમત ગોઠવી અને એવી એક રમતમાં એક હસ્તિની સાથે પાડાનો સંબંધ કરાવ્યો. એ રમત ગમત જોવા દીર્ઘ, ચૂલણી અને પ્રતિષ્ઠિત નગરજનો પણ આવ્યા હતા. પાડા અને હસ્તિનીનો સંબંધ થયા પછી તરતજ બ્રહ્મદત્તે પાડાનું ગળુ કાપી નાખતાં કહ્યું: "આ પાડાને આવું હીન કાર્ય કરતાં જરાએ શરમ ન આવી, તેમ આ રાજ્યમાં કોઈ પણ સ્ત્રી પુરુષ જો આવો અનાચાર સેવશે, તો એવા સ્ત્રી પુરુષનાં મસ્તક પણ આ પાડાની માફક કાપી નાખવામાં આવશે. આમ કરવામાં હું જરાએ કોઈની પણ શરમ નહીં રાખું.

શરદપૂર્ણિમાનો દિવસ હતો છતાં પણ બ્રહ્મદત્તની વાત સાંભળી દીર્ઘને પરસેવો છૂટી ગયો. તે રાતે દીર્ઘે ચૂલણીને કહ્યું કે આપણા બંનેનું જીવન જોખમમાં છે. હું તો આવતી કાલે જ કોશલ જવા ઇચ્છું છું. દીર્ઘની આવી વાત સાંભળી ચૂલણીને અમૃતના કૂપમાં વિષની આંગળી બોળાતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય એવી અસર થઇ. પ્રેમમાં પડેલી નારી અને ફેણ માંડેલો સર્પ જલદીથી પાછા ભાગતા નથી. ચૂલણીએ પ્રેમપૂર્વક કહ્યું: "પ્રાણેશ! આપણે નિરાશ થવાની જરાએ જરૂર નથી. બ્રહ્મદત્ત ગમે તેમ તો મારો જ પુત્ર છે અને તેનું કાસળ કાઢવું એ મારા માટે રમત વાત છે. આપણે બંને તો હજુ યુવાન છીએ અને તમે મારી સાથે જ છો એટલે પુત્રો તો મને મળી જ રહેવાના. હજુ તો આપણા બંનેમાંથી કોઈનો એક વાળ પણ સફેદ થયો નથી બ્રહ્મદત્તને પરલોકમાં મોકલી આપી આપણે લગ્ન કરી લેશું. પછી તો આપ રાજા અને હું આપની માનતી રાણી. મારે રાજમાતા નથી બનવું, હું તો રાજરાણીની ભૂખી છું. અને આમ છૂપી છૂપી પ્રણય લીલામાં આનંદ પણ શું આવે?"

ચૂલણીની વાત સાંભળી દીર્ઘ મનમાં જ ધ્રૂજી ઊઠયો. નારી-એક અબળા પણ પોતાના ચક્ષુમાં કેવા કેવા વિષ ભરી રાખે છે, તેનો અનુભવ થયા વિના પુરુષને તેનો ખ્યાલ નથી આવી શકતો. આવી વિફરેલી અને પ્રણયમાં પાગલ બનેલી નારી પછી નથી જોતી પ્રધાનને, પ્રજાને કે પુત્રને! એતો પોતાનું ધાર્યું જ કરે છે. દીર્ઘે પોતાની શંકા વ્યક્ત કરતાં કહ્યું: "પ્રાણેશ્વરી! એમ પાટવી કુમારનું ખૂન થતાં પ્રજા અને લશ્કરમાં બળવો જાગી ઊઠે તો?"

ચૂલણી ખડખડાટ હસીને બોલી: "શાસ્ત્રો કહે છે કે સ્ત્રીની બુદ્ધિ પાનીએ, પણ મને તો પુરુષની બુદ્ધિ જ પાનીએ દેખાય છે. આપણે બ્રહ્મદત્તનો કાંટો એવી રીતે દૂર કરશું કે કોઇને રજ માત્ર પણ શંકા ન આવે. રાજ્યમાં ચોતરફ શોક જાહેર કરશું. સત્તાના સૂત્રો અને લશ્કર તો આપણા જ હાથમાં છે. પછી કોઇ ચૂંકેચાં કરી જ કેમ શકે? આ જગતમાં તો સૌ ચમત્કારને નમસ્કાર જ કરતા હોય છે. પ્રજા તો મેંઢા જેવી છે—એને જે દિશામાં હંકારો તે જ દિશામાં તે ચાલતા શીખી જાય છે. અને એમ હંકારીએ તો જ રાજ્ય ચાલી શકે."

પછી તો યોજના ઘડી ચૂલણીએ બ્રહ્મદત્તના લગ્ન એક સરદારની સુંદર કન્યા સાથે કર્યાં. વરવધૂ માટે બાહ્ય રીતે ભવ્ય દેખાતો એક મહેલ તૈયાર કરાવ્યો, જે હતો તો લાખની બનાવટનો. સોહાગરાતે જ મહેલ સળગી ઊઠે અને બ્રહ્મદત્ત તેમજ તેની પરણેતરનો નાશ થાય એવી તમામ વ્યવસ્થા અત્યંત છુપી રીતે કરાવી રાખી હતી. લાખના બનાવેલા મહેલને સળગતા વાર પણ શી લાગે?

વયોવૃદ્ધ અને ચાણક્ય બુદ્ધિપ્રધાન મંત્રીથી આ યોજના ખાનગી ન રહી. તેણે પોતાના પુત્રને ચેતવી દીધો હતો. મહેલ સળગી ઉઠે તે પહેલાં જ વરધેનુ, બ્રહ્મદત્ત અને તેની પત્ની સૌ સુરંગ વાટે નાશી છૂટ્યા અને તૈયાર રાખેલા ઘોડાઓ પર બેસી દેશાંતર નીકળી પડ્યાં. વરધેનુએ લાક્ષાગૃહમાં બે ચાર મૃત પશુઓને મૂકવાની વ્યવસ્થા કરી હતી, અને મહેલ બળી ગયા પછી ત્યાં પડેલા અસ્થિ ઈત્યાદી જોઇ ચૂલણી અને દીર્ઘે તો માની લીધું કે તેમની વચમાં આવતા કાંટાનો નાશ થઈ ગયો છે. રાજ્યમાં પાટવીકુંવર અને તેની પત્નીના મૃત્યુનો એક માસ માટે શોક જાહેર કરવામાં આવ્યો. બાહ્ય રીતે, લોકોને દેખાડવા માટે ચૂલણીએ પણ માથા પછાડ્યાં, પણ ભીતરમાં તો પોતાની કાર્યસિદ્ધિનો આનંદ અનુભવ્યો. નારીનાં મનનાં ભાવો બાપડા દેવો પણ જ્યાં નથી સમજી શકતાં, ત્યાં પામર માનવોનું તો પૂછવું જ શું? પણ મુખ્ય મંત્રીથી કશું અજાણ ન હતું, ચૂલણીની લીલા તે બરોબર જાણતા હતા.

થોડા સમય બાદ, શોક વિસારે પડ્યાનો દેખાવ કરી, દીર્ઘને રાજતિલક કરવામાં આવ્યું અને પછી તો ચૂલણી પાછી હતી તેવી જ રાજરાણી બની ગઈ. એક દુરાચારી, કામાર્ત્ત અને પુત્ર હત્યારી કુલટાનો વિજય થયો. પરંતુ પાપ દ્વારા પ્રાપ્ત કરેલા વિજયનું આયુષ્ય પણ અલ્પ જ હોય છે ચૂલણી અને દીર્ઘના કાવતરાએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મદત્તના મનપર એવી સચોટ અસર કરી, કે એ વાત ભૂલવા માટે તેણે અનેક પ્રયત્નો કર્યાં, છતાં તે ભૂલી શક્યો નહિ. ઘણી બાબતો જીવનમાં એવી બની જાય છે કે, તેને જેમ જેમ ભૂલવા પ્રયત્નો કરીએ, તેમ તેમ તેની મનોવ્યથા વધતી જાય છે. પણ કર્મનો સિદ્ધાંત એવો અવિચલ છે કે, પાપના ફળ વહેલે મોડે મળ્યા વિના રહેતા નથી. એ ફળ મળવાનો ચોક્કસ સમય નથી કહી શકાતો પણ મળે છે તે તો ચોક્કસ.

પછી તો બ્રહ્મદત્તે પોતાના બાહુબળથી પૃથ્વી પર ભ્રમણ કરી બધેજ વિજય પ્રાપ્ત કર્યો અને તે સાર્વભૌમ બન્યો. બ્રહ્મદત્તે ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું અને પોતાના પરમ મિત્ર વરધેનુને મુખ્ય મંત્રી પદ આપ્યું. છેલ્લે કાંપિલ્યપુર પર ચઢાઇ કરી અને તેને ઘેરો ઘાલ્યો. ચૂલણી અને દીર્ઘ બંને પ્રણય લીલામાં છલકાતાં હતાં, પણ એ બધી પ્રણય લીલા પાણીમાં બરફની માફક ઓગળી ગઈ. ધર્મશાસ્ત્રોએ સાચુંજ કહ્યું છે કે તીવ્ર પાપનું ફળ એજ ભવમાં પ્રાપ્ત થાય છે. દીર્ઘનું મસ્તક કાંપિલ્યપુર જીતી લઇ બ્રહ્મદત્તે તલવારથી કાપી નાખ્યું. ચૂલણીએ તો તાલપૂટ વિષ લઇ પોતાના પ્રાણનો અંત લાવી દીધો. જીવન જીવતાં તો આ પાપિણીને ન આવડ્યું, પણ મરતાં મરતાં પુત્રને માતૃ હત્યામાંથી બચાવી લઇ, મરતાં તો જરૂર આવડ્યું. જેવા મોતને તે લાયક હતી તેવુંજ મૃત્યુ તેને મળ્યું. કુદરતની કેવી અકળ લીલા છે !

ચૂલણી અને દીર્ઘની કથા વાંચતાં ભગવાન મહાવીરે નિર્વાણ પહેલાં સોળ પહોરની દેશના આપતી વખતે જે મહત્ત્વની વાત કહેલી તે સહજ રીતે આ પ્રસંગે યાદ આવી જાય છે. ભગવાન મહાવીરે અંતિમ દેશના વખતે કહેલું:–

**सल्लं कामा विसं कामा कामा आसी विसोवमा।**
**कामे पत्थेमाणा अकामा जन्ति दोग्गइं ॥***

* કામો શલ્યરૂપ છે, કામો વિષરૂપ છે, તથા કામો ઝેરી સર્પ જેવા છે. એ કામોની પાછળ પડેલા લોકો, તેમને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિ પામે છે. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૯–૫૩.


**લાલભાઈ દલપતભાઈ ગ્રંથમાળા**

**લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ. ૯**

આગામી દીવાળી સુધીમાં લાલભાઇ દલપતભાઇ ગ્રંથમાળાના રૂા. ૧૦૦૦ કે તેથી વધુની કીમતના ગ્રંથો ખરીદનારને ૫૦% કમીશન આપવામાં આવશે.

મંગાવો સૂચીપત્ર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ અને શાંતિ

લે. ઉપાધ્યાય શ્રી અમરમુનિ

સંસારમાં બધા જીવ સુખ ઇચ્છે છે. ભગવાન મહાવીરે પોતાના એક પ્રવચનમાં કહ્યું હતું કે બધા જીવોને સુખ પ્રિય છે. જગતમાં કોઈપણ પ્રાણીને દુઃખ પ્રિય નથી. એટલા માટે સૌ કોઈ સુખ મેળવવાની ઈચ્છા રાખે છે. સામાન્ય રીતે સુખ પ્રાપ્તિનો અર્થ એ છે કે વ્યક્તિને કોઈ સારી વસ્તુ મળી જાય, ધન-વૈભવ મળી જાય, પોતાના મનને અનુકૂળ પરિવાર અને સારા પરિજન મળી જાય, સ્વસ્થ, સુંદર અને સશક્ત શરીર મળી જાય, સાધન-સામગ્રીનું મળી જવું સુખ છે. વ્યક્તિને સુખ-સાધનોનો અભાવ સદા ખટકતો રહે છે. અભાવથી પીડિત વ્યક્તિ કોઈ પણ કાર્યને સારી રીતે વ્યક્તિગત કે સામાજિક રીતે પૂરું નથી કરી શકતો. ગુજરાત-સૌરાષ્ટ્રના મહાન ભક્ત નરસિંહ મહેતા અભાવોનાં દુઃખને ઘણાં દિવસો સુધી સહન કરતા રહ્યા, પરંતુ જ્યારે અભાવ સહનશક્તિની સીમાથી આગળ વધી ગયો ત્યારે એનો સ્વર પણ મુખરિત થઇ ઊઠ્યો :

ભૂખે ભજન ન હોઈ ગોપાલા,<br>
લો યે અપની કંઠી માલા !

શરીર છે તો એની ભૂખ-તરસ મિટાવવા માટે, એને ઠંડી-ગરમીથી બચાવવા માટે, એને રોગોના આક્રમણથી સુરક્ષિત રાખવા માટે સાધનોની આવશ્યકતા છે. સુખ-સાધન જીવન માટે જરૂરી છે. અને આ સુખ-સાધન ઓછાં કે વધારે પ્રમાણમાં લગભગ બધાને પ્રાપ્ત છે. કોઇ પણ એવું પ્રાણી નથી જેને સુખ જેવું કંઇ મળ્યું નથી.

પરંતુ ભગવાન મહાવીર કહે છે કે, સુખથી પણ ઉપર એક બીજી વસ્તુ છે. એ બધાને મળતી નથી. એને મેળવી લીધાં પછી સુખનાં સાધન ઓછાં પણ કેમ ન હોય, તો પણ દુઃખ, પીડા અને ક્લેષ નથી રહેતો એ છે-શાંતિ, પરમ શાંતિ અને પરમ આનંદની સ્થિતિ.

મોટા મોટા રાજા-મહારાજાઓ અને ચક્રવર્તી સમ્રાટોની પાસે બધી જાતનાં સુખ હતાં, છતાં પણ શાંતિ ન હતી. સ્વર્ગના દેવો અને દેવેન્દ્રોની પાસે સુખના સાધનોનાં અંબાર લાગ્યા છે. છતાં પણ અંતે શાંત કયાં છે? આજના વિશ્વમાં અમેરિકા ધન-કુબેરોનો દેશ છે. લગભગ બધી જાતનાં ભૌતિક સુખ-સાધન ત્યાં ઉપલબ્ધ છે. છતાં પણ એક અભાવ એવો છે, જેનાં કારણે અમેરિકાવાસી ત્રસ્ત છે. અમેરિકાના અનેક યુવાન અને યુવતિઓ ભારતમાં અહીં-તહીં ફરતાં આપે જોયાં હશે. મેં કેટલાક યુવાનોને ભારત આવવાનું કારણ પૂછ્યું તો એમણે કહ્યું કે, ધન-વૈભવ અને ભૌતિક સુખ-સાધન તો અમારા દેશમાં બહુ છે, પરંતુ શાંતિ નથી. અમને આ અતિ સુખ-સગવડતાંઓથી અવળે પડી ગઇ છે. એટલા માટે શાંતિની શોધમાં ભારત આવ્યા છીએ.

વાત એમ છે કે, સુખ જૂદી વસ્તુ છે અને શાંતિ અલગ છે. સુખ બાહ્ય વસ્તુ સાથે સંબદ્ધ છે, ભૌતિકસાતાનું સંવેદન છે, એથી કર્મજન્ય છે. પરંતુ શાંતિ અંદરની આત્માની વસ્તુ છે; સુખનાં સાધન ભલે ઓછાં હોય, તો પણ પરમ શાંતિની અનુભૂતિ થઈ શકે છે. જ્યારે વ્યક્તિ પોતાની અંદર ઊતરે છે તથા પોતાનામાં સ્થિર થાય છે, ત્યારે એ બહારથી સંકોચાઇને પોતાની અંદર કેન્દ્રિત થાય છે અને શાંતિ અને પરમ શાંતિની અનુભૂતિ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સુખ બહારમાં છે, પરસાપેક્ષ છે અને શાંતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યક્તિની અંદર છે, સ્વસાપેક્ષ છે. એને ક્યાંય બહારથી મેળવવાની નથી, કેવળ એના ઉપર આવેલા આવરણને દૂર કરવાનું છે.

એકવાર હું પદ-યાત્રા કરી રહ્યો હતો. એક ગાડું આગળ આગળ જઈ રહ્યું હતું. એમાં બેઠેલી વ્યક્તિને મસ્તી ચડી અને મસ્તીમાં ગાવા લાગ્યો :

બાબા ! મન કી કિંવાડિયા ખોલ,
રસ કી બૂંદ ઝરી !

એ હતો તો ગામડાંનો ખેડૂત. મને થયું કે દર્શનશાસ્ત્રની કેવી મોટી વાત કરી રહ્યો છે. રસની, આનંદની બૂંદો ટપકી રહી છે. જો આનંદ અને શાંતિનો રસ મેળવવો હોય તો મનની બારીઓ ઉઘાડી નાખ. જો ઓરડાંનાં બારણાં અને બારીઓ બંધ હોય તો વરસાદનાં ટીપાં અંદર નહિ આવી શકે. આવી રીતે સાધના, ભક્તિ અને પ્રભુ આરાધનાના રસને પામવો હોય તો, મન પર છવાયેલા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ વગેરેનાં બંધનોને છોડી નાખો, તો પછી શાંતિના રસનાં ટીપાંનાં આસ્વાદન મળવામાં વિલંબ નહિ થાય.

શ્રમણ ભગવાન મહાવીર વીસ વર્ષની વયે રાજ-મહેલોનો ત્યાગ કરી શૂન્ય વનોમાં, ગીરીકંદરાઓમાં ઘૂમતા રહ્યા. એમને શેનો અભાવ હતો ? રાજગૃહીના ધન-કુબેર ધન્ના-શાલીભદ્રને શું ઓછપ હતી કે ભગવાન મહાવીરના ચરણોમાં જીવન સમર્પીત કરી દીધું. એમને બધાં સુખ મળ્યાં હતાં, પરંતુ શાંતિ ન હતી, એની શોધમાં નીકળ્યા હતા તેઓ. શ્રમણ ભગવાન મહાવીરે બાર વર્ષની દીર્ઘ તપ સાધના પછી જ્યારે પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી ત્યારે કહ્યું કે, માનવ ! શાંતિ ક્યાંય બહાર નથી, તારી પોતાની અંદરજ છે. અનંત શાંતિનું કેન્દ્ર તું પોતે જ છો. જ્યારે સાધક પોતાની અંદર ઉતરે છે ત્યારે મેળવવા જેવું બધું મેળવી લે છે. એટલા માટે આપણે આપણી અંદર ઉતરીને મેળવવાનો પ્રયત્ન કરો, આપને શાંતિ અને પરમ શાંતિ મળશે.

*


# શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ-પાલીતાણા

[ હેડ ઓફીસ-અમદાવાદ. શાખા-પાલીતાણા ]

શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ-અમદાવાદની શાખા, પાલીતાણા ખાતે શ્રી સિદ્ધક્ષેત્ર તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં બિરાજમાન પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને જરૂરી સગવડોની સુવિધાઓ કરી આપી, સેવા ભક્તિનો લાભ લઇ રહેલ છે. ત્રણ વર્ષથી "શ્રમણ વૈયાવચ્ચ"નું ઉપરનું કામ વ્યવસ્થિત ચાલુ છે. જેમાં દવા વગેરે દરેક પ્રકારની સુવિધા આપવામાં આવે છે. હાલમાં માસિક ત્રણ હજાર રૂપિયાનો ખર્ચ આવે છે.

સર્વે સાધર્મિક ભાઈ-બહેનોને પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોની યોગ્યરીતે વ્યવસ્થિત અને સમયસર વૈયાવચ્ચ દ્વારા સેવા-ભક્તિનો લાભ મળે એ માટે આ સંસ્થાને યોગ્ય સહકાર આપવા વિનંતિ કરીએ છીએ. સહાય માટે મળેલી રકમની સત્તાવાર પહોંચ-પાવતી આપવામાં આવે છે.

જરૂરી સલાહ-સૂચનો માટે સંસ્થાની ઓફીસની મુલાકાત લેવા અથવા પત્ર વ્યવહાર કરવા વિનંતિ છે.

હેડ ઓફીસ :
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ
સંચાલક :
લાલભાઇ એલ. પરીખ
પરીખ બિલ્ડીંગ, એલીસબ્રીજ
અમદાવાદ-૬

લિ. સેવકો.
ડૉ. ભાઈલાલ એમ. બાવીશી-પ્રમુખ
સોમચંદ ડી. શાહ-મંત્રી
પં. કપુરચંદ આર. વારૈયા-સહમંત્રી
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ (શાખા)
ઠે. ચંદ્રભુવન, તલાટી રોડ, પાલીતાણા (સૌ.)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાસ્થ્ય અને મનોવૃત્તિઓ

લેખિકા:—પૂ. સાધ્વી શ્રી કનકશ્રીજી

અસ્વાસ્થ્ય વર્તમાનયુગની સૌથી વધારે જટીલ સમસ્યા છે. આપણે એનું વિશ્લેષણ કરીએ છીએ માત્ર શરીરના ધરાતલ પર અને સમાધાન શોધીએ છીએ વિવિધ પ્રકારની ચિકિત્સા પદ્ધતિઓમાં.

—પરંતુ શરીરશાસ્ત્ર અને માનવશાસ્ત્રના નવીન તથ્યોએ એ સ્પષ્ટ કરી દીધું છે કે શરીરની મોટા ભાગની બિમારીઓ તો માત્ર મનુષ્યના મનની પ્રતિક્રિયા જ છે. એટલે સ્વાસ્થ્ય અને અસ્વાસ્થ્યનું મૂળ છે મનુષ્યની સત્ અને અસત્ પ્રવૃત્તિઓ.

હોમિયોપેથિક ચિકિત્સા પદ્ધતિના પ્રવર્તક ડૉ. હેનીમેને લખ્યું છે :

"૯૯ ટકા બિમારીઓની જડ આપણું મન જ છે. આ એલોપેથિક ડૉક્ટર બધા અધૂરાં છે. તેઓ વિચારે છે કિટાણું આપણને અસ્વસ્થ બનાવે છે, પરંતુ કિટાણું પ્રત્યેક વ્યક્તિના શરીરમાં હોય જ છે. આપણી માનસિક સંવેદનાનો યોગ મળતાં જ એ ક્રિયાશીલ બની જાય છે.

મનોવિજ્ઞાનની ભાષામાં મોટા ભાગની બિમારીઓ દબાયેલી ભાવનાઓ, વાસનાઓ, તણાવો, અને મંદ બુદ્ધિની અભિવ્યક્તિ જ છે.

જૈન આગમ ગ્રંથોમાં રોગોત્પત્તિના નવ કારણ દર્શાવવામાં આવ્યાં છે : અતિ ભોજન કે અતિ આસન, અહિત ભોજન, અતિ નિદ્રા, અતિ જાગરણ, મળ-નિરોધ, પ્રસ્રવણ નિરોધ, અતિ ગમન, પ્રતિકૂળ ભોજન, ઇંદ્રિયાર્થ વિકોપન.

આમાં પહેલા આઠ કારણ સ્થૂળ છે. નવમું સૂક્ષ્મ છે અને ચિંતનીય પણ એ છે—ઇંદ્રિયોની પોતાના વિષય પ્રતિ દોડ—તીવ્ર અભિલાષા, જેને કામના કે વાસના પણ કહી શકીએ છીએ. પરંતુ ઇંદ્રિયો પણ ઉત્તેજિત કે ઉત્કંઠિત ત્યારે થાય છે, જ્યારે મન એને પ્રેરણા આપે છે, ઉશ્કેરે છે.

મનની તીવ્ર ઇચ્છાને જ્યારે તૃપ્ત થવાનો અવસર નથી મળતો તો વ્યક્તિની મન સ્થિતિ કેવી થાય છે? એનું માર્મિક વિશ્લેષણ કરતાં પ્રાચીન આચાર્યોએ લખ્યું છે :

આદાવભિલાષ: સ્યાચ્ચિન્તતા
તદનન્તરં તતઃ સ્મરણમ્,
તદ્દગુણાનાં કીર્તન
મુદ્વેગસ્ય પ્રલાપશ્ય;
ઉન્માદસ્તદનુ તતો વ્યાધિર્જડતા
તતસ્તતો મરણમ્.

સર્વપ્રથમ કોઇ પદાર્થ મેળવવાની મનમાં ઇચ્છા જાગૃત થાય છે, પછી એનું ચિંતન અને સ્મરણ થાય છે. વ્યક્તિ હર સમય એનાં જ ગુણ-ગાન ગાયા કરે છે. ઇચ્છા પૂર્ણ ન થતાં મન ઉદ્વિગ્ન રહેવા લાગે છે. માનસિક સમતુલા બગડી જાય. એ પાગલની જેમ પ્રલાપ કરવા લાગે છે. પછી એનું માનસ ખરેખર અનિયંત્રીત અને પાગલ બની જાય છે. ધીમે-ધીમે નાની-મોટી વ્યાધીઓથી ઘેરાઇને શરીર જડતા-ક્રાન્ત બની જાય છે અને અકાળે જ એને મોત પોકારવા લાગે છે. એટલા માટે ભારતીય ઋષિઓએ ગાયું વિષયાપ્રાપ્તો રોગોત્પત્તિ:—અતૃપ્ત ઇચ્છાઓ રોગોને જન્મ આપે છે—'અતિ અસકતાવપિ રાજ્યક્ષ્માદિ દોષોત્પતિ:'—તીવ્ર આસક્તિ ક્ષય જેવા જીવનઘાતક વ્યાધિઓને જન્મ આપે છે.

એટલા માટે આપણે એ માનીને ચાલવું પડશે કે અન્યાન્ય કારણોની સાથે આપણું મન પણ અસ્વાસ્થ્યનું એક કારણ છે. મનની સમ અવસ્થા શરીરની સ્વસ્થતામાં સાધક બને છે અને વિષમ અવસ્થા બાધક. માનસિક વિષમતાની સ્થિતિમાં ભયંકર સ્નાયુઓની તાણ પેદા થાય છે. મનની અસ્તવ્યસ્તતાથી શરીર કેટલું જલદી પ્રભાવિત થાય છે એ આપણે પોતે અનુભવ કરી શકીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરેશાની કે લજ્જાથી મોઢું લાલચોળ થઈ જાય છે. અપ્રિય વ્યક્તિને જોઈ ગરદન કે માથામાં દર્દ થવા લાગે છે. આતંકથી હાથ-પગ ઠંડા પડી જાય છે. હૃદયના ધબકારાં વધી જાય છે. એટલે એ નિશ્ચિત છે કે માનસિક વિકાર આપણા શરીરને પણ વિકૃત અને રુગ્ણ બનાવી દે છે. એનાથી સ્નાયુ-મંડળ પ્રભાવિત થાય છે. ઉશ્કેરાટ કે ક્રોધની અવસ્થામાં હૃદયની રક્તવાહીની ઝરવા લાગે છે. એનું પરિણામ અનિષ્ટકારી હોય છે.

અસ્થિ રોગ, પક્ષઘાત, મધુ-પ્રમેહ વગેરે રોગોની જડ પણ મનના ઊંડાણમાં છૂપાયેલી છે-એવો અનેક માનસશાસ્ત્રીઓનો અભિપ્રાય છે. માનસ ચિકિત્સા દ્વારા એને મટાડવામાં પણ તેઓ સફળ થાય છે.

એક વ્યક્તિ પક્ષઘાતથી પીડાતી હતી. પગેથી ઊઠ-બેસ પણ કરી શકતો ન હતો. પ્રત્યેક ઉપચાર નિષ્ફળતામાં પરિણમતો હતો. માનસ ચિકિત્સકના સૂચન પ્રમાણે અચાનક કોઈએ કહ્યું : "મકાનમાં આગ લાગી છે ! આગ ! આગ ! આગ !" અને વર્ષોથી ખાટલામાં પડ્યો રહેલો એ રોગી તત્કાળ સાતમાં માળેથી નીચે ઉતરી આવ્યો.

માનસિક તીવ્ર આઘાતથી જેમ સ્નાયુઓ સંકોચાય છે તેમ જ તીવ્ર જીજીવિષા કે ભાવનાત્મક આવેશની ક્ષણમાં એમાં આશ્ચર્યજનક ફેલાવો પણ થઈ જાય છે.

વર્તમાનમાં શરીરશાસ્ત્રના અદ્ભૂત પરીક્ષણ અને પ્રયોગ ચાલી રહ્યા છે, એનો આ નિષ્કર્ષ છે.

તીવ્ર ઘૃણા અને ખીજની વૃત્તિ શ્વાસ રોગ, વ્રણ તથા ચામડીના રોગ રૂપે પ્રકટ થાય છે. લોભની વૃત્તિથી સાંધાના દરદનો રોગ તથા કબજીયાત થઈ જાય છે.

માનસિક તાણ તથા આવેગોના કારણે પિત્તાશયની પથરી વધી જાય છે. લોહીની નાડીઓ પર છવાયેલી ચરબી વધવા લાગે છે.

જ્યારે પણ માનસિક આવેગ વધે છે ત્યારે લોહીમાં એડ્રેનલીન નામક હારમોન વધારે પ્રમાણમાં પ્રભાવિત થવા લાગે છે. એ નાની લોહીની નાડીઓને સંકોચે છે. એનાથી હૃદયની નાડીઓ વધારે પ્રભાવિત થાય છે. એના વધારે સંકોચાવાથી તત્કાલ મૃત્યુ પણ થઈ જાય છે. જૈન આગમ ગ્રંથોમાં રાગ-દ્વેષ અને ભયાત્મક અધ્યવસાયને અકાળે મૃત્યુનું એક કારણ માનવામાં આવ્યું છે. એ ભયજનક આવેગોથી લોહીની નાડીઓમાં એકાએક તીવ્ર દબાણ થાય છે. એ એકદમ સંકોચાઈ જાય છે. લોહીનું ભ્રમણ થંભી જવાથી હૃદયની ગતિ અવરોધાઈ જાય છે.

ચિંતા, ભય અને નિરાશાના ભાવ 'બ્લડપ્રેશર'ને અસમતોલ બનાવી દે છે. હીન ભાવના તથા રૂંધામણથી ક્ષયરોગ તથા કેન્સર જેવાં રોગ પણ થઈ આવે છે. ગેસ, હિસ્ટીરિયા ,અપસ્માર વગેરે રોગોનું કારણ, એલોપેથિક ડોકટર પણ માનસિક રૂંધામણ, ચિંતા, અશાંતિ અને હીન ભાવના જ બતાવે છે. ઈર્ષાથી અલ્સર અને ઘૃણાથી મરડાનો રોગ થાય છે. 'ચરક સંહિતા'માં ભય અને હિંસાથી અતિસાર થવાનો ઉલ્લેખ છે—'ભય ચિન્તાભ્યામતિસારો જાયતે.'

ક્રોધ અને શોકથી વાત, પિત્ત તથા લોહી કુપિત થઈ જાય છે—'ક્રોધ શોકૌસ્મૃતૌ, વાત-પિત્ત-રક્ત-પ્રકોપનૌ.'

વિજ્ઞાનની દૃષ્ટિએ ચિંતા, ભય, ક્રોધ વગેરે આવેગોથી 'હાઇડ્રોકલોરિક એસીડ'નો પ્રવાહ વધી જાય છે. આ તત્ત્વ સામાન્ય રીતે સખ્ત ખોરાકના અંશોને વિભક્ત કરી પાચનમાં સહયોગ કરે છે. પરંતુ પ્રમાણમાં વધી જવાના કારણે કે ભૂખ્યા પેટમાં આ પેટના પાચક રસોને નષ્ટ કરી ઝિલ્લીને ખાવા લાગે છે, એથી પેટમાં ગેસ્ટ્રીક અલ્સર થઈ જાય છે.

આ તથ્યોથી વિદિત થાય છે કે જો આપણે માનસિક આવેગો, આવેશો અને ભાવનાઓ પર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિયંત્રણ રાખતા શીખી લઇએ, વૃત્તિઓનું દમન ન કરતાં એને શુદ્ધ કરવા લાગે, રૂંધામણને પેદા જ ન થવા દે તો અસ્વાસ્થ્યની સમસ્યા મહદ્ અંશે સમાપ્ત થઇ જાય છે. એના ઉપાય છે—સદ્‌વિચાર, માનસિક પ્રસન્નતા અને વિધેયાત્મક સંકલ્પ.

સદ્‌વિચારો અને મંગલ ભાવનાઓથી ભરેલું મન ખરેખર આપણને રોગોથી બચાવે છે.

રશીયા અને અમેરિકાના બે મહાન વૈજ્ઞાનિકોએ આ દિશામાં અદ્‌ભૂત પ્રયોગો કર્યા છે. એમણે એ સાબિત કર્યું. છે કે વ્યક્તિના સદ્ અને અસદ્ વિચારોથી ધારેલી વસ્તુમાં ગુણાત્મક પરિવર્તન આવી જાય છે. એક વ્યક્તિ એક પાણીના ઘડાને સામે રાખ્યો. અને મંગલ ભાવનાઓ અને પવિત્ર વિચારોથી અભિભૂત કરી છોડવાઓને સીંચ્યા. એ છોડવાઓને જે ફળ આવ્યાં એ ધાર્યા કરતાં વધારે સ્વસ્થ, સુંદર, તાજા અને મીઠાં હતાં.

બીજી વ્યક્તિએ એ જ નળનાં પાણીને ઘડામાં ભર્યું તથા ઇર્ષા, ઘૃણા, ઉશ્કેરાટ અને બીજાને હાનિ પહોંચાડવાના વિચારોથી ભાવનાથી ઓતપ્રોત કરી એ જ જાતમાં છોડને પાણી સીંચ્યું. એ જાણીને આપને નવાઇ લાગશે કે એમાંથી કેટલાંય છોડ તો નષ્ટ થઇ ગયા, કેટલાંય કરમાઇ ગયા અને બાકીના પણ વિભિન્ન રોગથી ઘેરાઇ ગયા.

આવા પ્રકારના કેટલાંક પ્રયોગો ઓકસફોર્ડ યુનિવર્સીટીની પ્રયોગશાળામાં પણ થયા છે. એમના અનુસાર મંગલભાવનાઓથી પૂર્ણ વ્યક્તિના સાન્નિધ્યમાં લોહીનાં સફેદ રજકણોમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થઇ જાય છે, જે આપણા સ્વાસ્થ્યના સજાગ પહેરેદાર છે. આવી રીતે અમંગળ ભાવનાઓથી ભરેલી વ્યક્તિના સાન્નિધ્યમાં તત્કાળ ઘટી પણ જાય છે.

જ્યારે બીજાનાં વિચાર, બીજાની મનઃસ્થિતિ અને શારીરિક સ્થિતિનું રૂપાંતર કરવામાં એટલા પ્રભાવશાળી બની શકે છે કે તો પછી આપણા પોતાના વિચાર આપણા શરીરને કેમ પ્રભાવિત ન કરી શકે!

આધુનિક વિજ્ઞાન પ્રમાણે આપણા સત્ અને અસત્ વિચાર શરીરના આભામંડળને પ્રભાવિત કરે છે. મનમાં ખરાબ વિચાર આવતાં જ શરીરમાંથી નીકળતાં વિદ્યુતતરંગો વિકૃત કે વાંકી-ચૂંકી થવા લાગે છે અને એ જ સત્ વિચારોથી સુંદર, સ્વસ્થ અને લયબદ્ધ બની જાય છે. વિકૃત આભામંડળ આપણા શરીરને રૂગ્ણ અને વિકૃત બનાવી દે છે.

'નરે મુયચ્ચા ધમ્મ વિઉત્તિ અંજૂ-' આ મહાવીર વાણી પણ કદાચ એનો જ સંકેત કરે છે. એનો અર્થ છે-ધાર્મિક વ્યક્તિની ચિત્તવૃત્તિ કે આત્મા હંમેશા પ્રસન્ન રહે છે. આ આત્માની પ્રસન્નતા મનોવૃત્તિઓની પ્રસન્નતા અને શરીરની સ્વસ્થતાનો મૂળમંત્ર છે. એનો સૌથી વધારે સુગમ ઉપાય છે-'**अप्पाणं विप्पसायण**' સ્વયંને સદા પ્રસન્ન રાખવો.

માનસિક પ્રસન્નતાથી સ્નાયુઓમાં એક પ્રકારનો રોમાંચ, કંપન, સંગીત અને લયબદ્ધતા હોય છે. ત્યાં અસત્ ટકી જ નથી શકતું. આવી સ્થિતિમાં માનસિક અસ્વસ્થતાનો પ્રશ્નજ નથી ઉઠતો અને સ્વસ્થ મન શરીરને પણ નાનાં જોખમોમાંથી ઉગારી લે છે.

અસ્તુ, સ્વસ્થ જીવન જીવવા માટે ચિત્તવૃત્તિઓની શુદ્ધિ, સમીકરણ અને ઉચ્ચતર ભાવના અત્યંત અપેક્ષિત છે. આ આધ્યાત્મની ઉન્નત ભૂમિકા પર જ સંભવી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ



ભગવાન મહાવીરના પચીશસોમાં નિર્વાણ મહોત્સવની કેન્દ્રસ્થ મહાસમિતિના કાર્યાધ્યક્ષ અને શ્રી દિગંબર જૈનસંઘના અગ્રણી, ઉદ્યોગપતી સાહૂશ્રી શાંતિપ્રસાદજી જૈનના ધર્મપત્ની અને ભારતીય જ્ઞાનપીઠના સ્થાપક અને અધ્યક્ષ શ્રીમતી રમાબ્હેન જૈનના થોડા દિવસ પહેલાં, દિલ્હી મુકામે થયેલા અવસાનની નોંધ લેતા અમો ઊંડી દીલગીરી અનુભવીએ છીએ.

શ્રીમતી રમાબ્હેનનું જીવનઘડતર એક સંસ્કારી અને ધર્માનુરાગી મહિલા તરીકે થયુ હતું. તેથી અઢળક સંપત્તિ હોવા છતાં એમનું જીવન ઉચ્ચાશયી, ધર્મપરાયણ અને સેવા-પરાયણ બન્યુ હતું એમાં પણ વિદ્યાપ્રીતિ અને સાહિત્યરૂચિને એમના જીવનમાં વિશિષ્ટ સ્થાન હતું. ભારતીય જ્ઞાનપીઠને એક શક્તિશાળી પ્રકાશન સંસ્થા તરીકેની દેશ પરદેશમાં જે ખ્યાતિ મળી છે તેમાં તેમનો પણ અસાધારણ ફાળો છે.

ભારતીય બધી ભાષાઓમાંના શ્રેષ્ઠ સાહિત્યની કૃતિને દર વર્ષે રૂપીયા એક લાખ જેવી માતબર રકમનો પુરસ્કાર આપવાની 'જ્ઞાનપીઠ સાહિત્ય પુરસ્કાર યોજના' એ એમનું તથા સાહૂ કુટુંબનું કાયમી ચિરંજીવી સ્મારક છે.

શ્રીમતી રમાબ્હેનનું અવસાન એ કેવળ તેમના કુટુંબની કે જૈનસંઘની જ નહિ પરંતુ સમગ્ર દેશની પણ ખોટ બની રહે એવું છે. અમે એમના સંસ્કારી, સાહિત્યપ્રેમી અને સેવાપ્રેમી આત્માને હાર્દિક અંજલિ આપીએ છીએ અને એમના કુટુંબ ઉપર આવી પડેલ આ દુઃખમાં અમારી સમવેદના પ્રગટ કરીએ છીએ.

---



# તેજસ્વી પરિણામ

સ્થાનિક શેઠ એચ. જે. લૉ, કૉલેજના તેજસ્વી વિદ્યાર્થી શ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત સ્પે. એલ. એલ. બી. માં ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવ્યા છે. શ્રી દિવ્યકાંત એલ. એલ. બી. ના ત્રણેય વર્ષો દરમીયાન ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવ્યા છે અને કાશીબેન પટેલ એવોર્ડ મેળવેલ છે.

શ્રી દિવ્યકાંત, આપણી સભાના લાઈફ મેમ્બર અને ભાવનગરની કાપડની વેપારી પેઢી મે. જગજીવનદાસ ફુલચંદ વાળા શ્રી મોહનભાઇ જગજીવનદાસ સલોતના પુત્ર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની ઝાંખી

લેખકઃ—મકરન્દ દવે

ઈસુની આઠમી સદીમાં નાલંદાવિદ્યાપીઠના એક મહાન આચાર્ય રાહુલભદ્રે ભિક્ષુનાં ચીવર અને પાત્ર ફગાવી દીધાં, અધ્યાપનનાં પુસ્તકોને પડતાં મૂક્યાં અને એકલે પંડે ચાલી નીકળ્યા. અને આ બૌદ્ધ આચાર્ય કોની સાથે જઈ રહ્યા ? તીર-કામઠાં બનાવી ગુજારો કરતા અભણ પણ મહેનતુ સરકંડોની વચ્ચે. શરમાંથી થયું સર-અને સર એટલે તીર બનાવનારા આ લોકોની સાથે રહી તેમણે પણ તીર બનાવવાનું શરૂ કર્યું. તેથી તો તેમનું નામ પડી ગયું સરહા. અહિંસાની મોટી મોટી વાતો કરનારા પણ પાખંડી જીવન ગાળતા ભિક્ષુસંઘ કરતાં તીરની અણી સજાવતા આ સરળ લોકોમાં સરહને સાચું તેજ દેખાયું હશે. નાલંદાના નિવાસ દરમિયાન તેમણે જોઈ લીધું હતું કે વિદ્યા ને ધર્મને નામે ત્યાં ઢોંગ ચાલતો હતો. અધ્યયન-અધ્યાપન ખાલી શબ્દોની પિંજણ બની ગયું હતું અને શિથિલાચારી ભિક્ષુઓ બાહ્યાચારને મડાગાંઠ વાળી બેઠા હતા. સરહથી આ સહન ન થયું. નાલંદા અને સંઘ સાથે છેડો ફાડી નાખી તે મુક્ત મને બહાર નીકળી ગયા. અને પોતાના અંતરાત્માના અવાજને માન આપી જે પુરુષ બહાર પડે છે, તેને પગલે નવીન જીવનનો ઉદય થાય છે. કબીરમાં જે અધ્યાત્મનો મધ્યાહ્ન તપતો જોવા મળે છે, તેનું પરોઢ જાણે સરહને પગલે ફૂટયું હતું. સરહે શરૂઆતમાં સંસ્કૃતમાં રચનાઓ કરી હતી, પણ પછી તેમણે ત્યારની લોકભાષા અપભ્રંશમાં દોહા અને પદ રચ્યા. પાછળથી એ સહજયાનની કેડી પાડનાર સિદ્ધ સરહપાદ નામથી જાણીતા થયા.

## સરળ અને સહજ જીવન

એ સમયના ધર્મ અને સમાજના આગેવાનોએ સરહનો ઘોર વિરોધ કર્યો. સરહે કોઈ શાસ્ત્રનો આધાર ટાંકી બચાવ ન કર્યો. પણ ધૂર્ત ભિક્ષુઓને મૂક જવાબ આપતા હોય તેમ સરકંડોની એક કન્યાને પોતાની સહચરી બનાવી તે ખુલ્લેઆમ ફરવા માંડ્યાં. તેમના પર ત્યાં ફિટકાર વરસવામાં બાકી નહી રહી હોય. બૌદ્ધ વિહારોમાં ત્યારે જે અનાચાર ફાલી રહ્યો હતો, જે ગૂઢ અને વિકૃત સાધનાઓનાં ચક્રો ચાલતાં હતાં તેની સામે સરહપાદે સરળ ને સહજ જીવનને અપનાવવાનો સંદેશ આપ્યો બહાર પ્રામાણિક મહેનતનું કાર્ય અને અંદર ચિત્તને નિર્મળ રાખવાની સાદી સાધના તેમણે સ્વીકારી :

“ ઋજુ રે ઋજુ છાડિ ના લેહુ રે બંક,
નિયરે બોધિ, ના જાહુ રે લંક;
હાથે રે કંકણુ ના લેહુ દરપન,
અપને આપ બૂઝહુ નિજ મન.”

“ સરળ માર્ગ છોડી વાંકો માર્ગ ન લો, પાસે જ બોધિ છે. ત્યારે લંકા સુધી શા માટે જાઓ છો ? હાથકંકણને માટે અરીસાની શી જરૂર ? પોતે પોતાના જ મનને જાણો, એટલે પોતાનું સાચુ સ્વરૂપ સમજાશે.”

## માનવીનું મન

પણ માનવીનું મન એવું છે કે સરળ વસ્તુ જ તેને માટે મુશ્કેલ બની જાય છે. સંસારમાં રહીને પરોપકાર કરવાનો અને બીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર બનવાનો ધોરી માર્ગ સામે પડ્યો હોવા છતાં તેને તો ચિત્રવિચિત્ર ધ્યાન, પૂજા, વ્રત-તીરથ દ્વારા જ મોક્ષ મેળવી લેવાનો લોભ લાગ્યો હોય છે. સરહપાદે આવી મનોવૃત્તિને ચીમકી આપતા કહ્યું :

“ મોકખ કિ લબ્ભઇ જઝાણુ પવિટ્ઠો ?
કિન્તહ દીવેં કિન્તહ ણિવેજ્જં ?
કિન્તહ કિજ્જઈ મન્તહ સેવ્વં ?
કિન્તહુ તિત્થ તપોવણુ જાઇ
મોકખ કિ લબ્ભઇ પાણી ન્હાઈ ?
પર ઊઆર ણુ કીઅઉ અત્થિ ણુ દીઅઉ દાણુ,
એહુ સસારે કવણુ ફલુ વરુછડુ હુ અપાણુ.”

“ ભલા, ધ્યાનમાં ડૂબી જવાથી શું મોક્ષ મળે છે ? દીવો દેખાડવાથી, નૈવેદ્ય ધરવાથી તથા મંત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પઢવાથી શું મોક્ષ મળે છે?

તીર્થાટન કરવાથી કે તપોવનમાં જઈ વસવાથી કે સ્નાન કરવાથી શું મોક્ષ મળે છે?

જો પરોપકાર ન કર્યો અને દાન ન દીધું તો આ સંસારમાં આવવાનું ફળ શું? તેના કરતાં તો પોતાની જાતનો ત્યાગ કરી દેવો સારો,–મરવું સારું.''

કબીરે સાત સો વર્ષ પછી આવી જ વાણી વહાવી:

" સાધો, દેખો જગ બૌરાના,
સાંચી કહી તો મારન ધાવે;
જૂઠે જગ પતિયાના.
બહુત મિલે મોહિ નેમી ધરમી, પ્રાત કરે અસનાના,
આતમ છોડિ પષાનૈં પૂજૈ, તિનકા થોથા ગ્યાના.
આસન મારિ ડિંભ ધરિ બૈઠે, મન મેં બહુત ગુમાના,
પીપર–પાથર પૂજન લાગે, તીરથ–વર્ત ભૂલાના.
ઘર ઘર મંત્ર જો દેત ફિરત હૈ, માયા કે અભિમાના,
ગુરુવા સહિત શિષ્ય સબ બૂડે, અંતકાલ પછિતાના.
યા બિધિ હેંસી ચલત હં હમેકો આપ કહાવૈ સ્યાના,
કહૈ કબીર સુનો ભાઇ સાધો, ઇન મેં કૌન દિવાના?

"સંતો, આ મૂઢ જગત સામે તો જરા જુઓ! સાચું કહું છું તો મારવા દોડે છે, અને જૂઠ ઉપર તે વિશ્વાસ કરે છે."

"મને ઘણા નીમ પાળનારા અને ધરમ કરનારા મળ્યા. સવારમાં તેઓ સ્નાન કરવાનું ચૂકતા નથી, રોજ મૂર્તિઓની પૂજા કરવા બેસે છે પણ કોઈ દિવસ તેમને આત્મ–વિચાર કરવાનું સૂઝતું નથી. તેમનું જ્ઞાન પુસ્તકિયું ને સારહીન છે."

"કેટલાક વળી આસરન લગાવીને ધ્યાનમાં બેસવાનો દંભ આચરે છે. આવા ધ્યાન વખતે પોતાનું મન ક્યાં ક્યાં ભટકે છે તેનુ ધ્યાન રાખતા હોય તો? પણ ના, તેમને તો હું મોટો ધ્યાની છું તેમ મનમાં અભિમાન રાખી લોકોને બતાવવું છે. કેટલાક આમ એક જગ્યાએ પલાંઠી મારવાને બદલે પીપળા–પથરાને પૂજવા દોડાદોડ કરે છે અને તીરથમાં તથા વ્રતમાં ગોથાં ખાય છે."

"આવા લોકો વળી ગુરુ બનીને ઘેર ઘેર મંત્રદીક્ષા આપતા ફરે છે. માયાને વશ બની ફુલાવા સિવાય આમાં બીજું છે શું? આવા કાર્યોથી તો ગુરુઓ સહિત શિષ્યો પણ બૂડે છે અને અંતકાળે તેમને ભાગે પસ્તાવાનું જ આવે છે."

"અધૂરામાં પૂરૂં હોય એમ આ લોકો પોતાને ડહાપણનો ભંડાર ગણાવે છે. મને તો આ જોઈ હસવું આવે છે ને એ લોકો મારી હાંસી ઉડાવે છે. સંતો, આમાં કોનું ખસી ગયું છે એમ માનવું?"

## માનવીય ગુણોનો વિકાસ

ધ્યાન, મંત્રજપ, શાસ્ત્રપઠનનું મહત્ત્વ નથી એમ નહીં પણ તેની સાથે માનવીય ગુણોનો વિકાસ ન થાય તો "પઢ પઢકે પથ્થર" થવાનો વારો આવે.

સરહની જેમ કબીરે પણ અરધી સાખીમાં જીવનનું કર્તવ્ય બતાવી દીધું! 'દેને કો ટુકડો ભલો, લેને કો હરિ નામ.' પણ માણસનો સ્વભાવ છે કે પોતાના અહંકારને પોષે તેની પાછળ ખુવાર થઈ જશે પણ અહંકારને ઓગાળે તેનું નામ નહીં લે? અને અહંને પોષવા માટે તો માણસે કેવાં કેવાં બનાવટી બજાર ઊભાં કર્યાં છે? ચાલણગાડી છોડીને તે પૃથ્વી પર પા પા પગલી ભરતો પોતાની મેળે ચાલતાં શીખે છે, પણ મનની ધરતી પર તેને કોઈને કોઈ ટેકો જોઇએ છે. અને નિરાલંબ થયા વિના તો આત્મ-રાજ્યમાં પગ મૂકી શકતો નથી. અહંને પોષતા બધાજ આધારો તૂટી પડે ત્યારે આત્માની કાંઈક ઝાંખી થાય. આ તો સદંતર ખાલી થઇ જવાનો માર્ગ છે અને વસ્તુઓના સંગ્રહથી, કલ્પિત સુખોના ભંડારથી, સિદ્ધિના આંકડાથી રાજી રાજી થઈ જતો માનવીનો અહમ પોતાની મુઠ્ઠી ખોલવા તૈયાર કેમ થાય? પણ એ મુઠ્ઠી ખોલવા તૈયાર કેમ થાય? પણ એ મુઠ્ઠી ખોલવા માંડે તો ભજનની વાણીમાં તેને પથ્થરાને બદલે પારસમણિ મળે, પછી ક્યાંયે જવું ન પડે અને કોઇ વસ્તુ માટે માથાં પછાડવાં ન પડે. આકાશની જેમ શૂન્ય અને નિર્લેપ થવાથી પોતાના અસલને સતેજરૂપને પામી શકાય, જ્યાં કશો અભાવ નથી, પણ સ્વભાવથી જ કરૂણાધારા વરસી રહે છે. સરહપાદે ચિત્તની આ શુદ્ધિ, આ શૂન્યતા, આ સહજ સ્વભાવને કેમ પ્રાપ્ત કરવાં તેનું વર્ણન કરતાં કહ્યું છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"સર્વ રૂપ તહં ખ-સમ કરીજૈ,
ખ-સમ સ્વભાવે મનહું ધરીજૈ.
સો ભી મન તહં ચ-મન કરીજૈ,
સહજ સ્વભાવે સો પર કીજૈ."

"આંખો સામે જે રૂપ-રંગની સૃષ્ટિ ઊઠે, મનમાં જ કાંઇ કલ્પનાની મૂર્તિઓ રમવા માંડે તેને ભૂંસી નાખ. તેની પ્રત્યે જે ગમા-અણગમાના, રાગદ્વેષના ભાવ ઊઠે છે તેને મિટાવી દે અને તમારા મનને જ આકાશ જેવા સ્વભાવવાળું કરી દે, જેમાં આ સઘળી સૃષ્ટિ રમતી હોવા છતાં એ તો નિર્લેપ અને નિર્વિકાર રહે છે. એવા શુદ્ધ, શૂન્ય મનને પણ જ્યાં અ-મન, મન જેવું કશું રહેતું જ નથી એવી મનસાતીત ભૂમિકામાં લઈ જા અને પછી તો મન અને અ-મનથી પર, સહજ સ્વભાવની એક એવી ભૂમિકા છે. જ્યાં શૂન્યમાં સભરતા છે, સભરતામાં શૂન્યતા છે, અને હજાર હજાર તરંગોમાં જ નિસ્તરંગનું અચલ આસન છે.

## અંતરરતમ સ્વ-ભાવ

માણસનો આ અંતરતમ સ્વ-ભાવ છે. પરમાંથી તે જેમ જેમ પાંખો સંકેલે છે તેમ એ સ્વભાવને પામે છે અને આ સ્વ-ને કયાંય સીમા નથી. પછી ક્યાં રહ્યો ત્યાગ ? કયાં સ્વીકાર ? કયાં મોક્ષ ? કયાં બંધન ? સરહપાદે તેની ઝાંખી કરાવતાં કહ્યું છે:

"ઘરહિ ન રહુ, ના જાહુ બન,
જયં જહં મન પરિયાણ,
સકલ નિરંતરિ બોધિ થિત,
કહં ભવ, કહં નિરવાણ ?"

"ન ઘરમાં રહો, ન વનમાં જાઓ."—આ ઘર કે આ વન એવા ભેદભાવ જ મનમાંથી કાઢી નાખો. પછી આ મન જ્યાં જ્યાં જશે ત્યાં બધું જ જ્ઞાનથી અજવાળતું જશે. કારણ કે સર્વ સ્થળે નિરંતર બોધિ પરમજ્ઞાન રહેલું છે એના કયારેય, કશાથી લોપ થતો નથી. વાસનાગ્રસિત મન તેને ઢાંકી દે છે એટલું જ. વાસનામુકત મન થયું એટલે પછી કયાં રહ્યો સંસાર ? કયાં રહ્યું નિર્વાણ ?

## નવીનતર સૌંદર્ય

સમાજ જ્યારે બાહ્ય રૂઢિઓમાં ફસાઈ જાય છે ત્યારે આવી 'ઉત્તમા સહજાવસ્થા'નાં બારણાં ખોલનારા મુકતજનો પ્રગટ થયા કરે છે. વળી સમય જતાં તત્ત્વને નહીં પણ કોઈ તારણહારને પૂજનારો સમાજ તેમના નામ આસપાસ દીવાલો ચણે છે. સરહપાદના સહજયાનનું પાછળથી એવું જ થયું. કબીરને નામે પણ ગુરુગાદીને પંથ ચાલે જ છે. પણ આવા મુકત પુરુષોનાં જીવન અને વાણી તો માનવ જાતનો વારસો બની જાય છે. તેના પર નજર નાખતાં જ માણસનું મન તમામ જડ, મલિન અને મુડદાલ રૂઢિઓથી પર ઊઠવા મથે છે. આવી વાણી કોઇને કોઈ હૈયામાં બળ સીંચે છે અને તમામ બંધનો સામે બળવો કરવા હિંમત બંધાવે છે. વળી આવા કોઈ મુકત પુરુષને પગલે હજારો ભીરુ પાંખો પણ જાળને ફગાવી અસીમ ગગનમાં ઊડી નાકળે છે. ભકત ચતુર્ભુજદાસે શ્યામસુંદરની છબીમાં જે જોયું તે નવી નથી નવીનતર સૌન્દર્ય તેઓ જીવનના હર પ્રસંગે પામતા રહે છે:

"માઈ રી આજ ઔર, કલ ઔર,
છિન છિન પ્રાત ઔર ઔર."

જેની સુંદરતા કદી ઝાંખી ન પડે, ક્ષણેક્ષણે વધતી રહે એનું નામ તો જીવન, આ જીવનમાં આત્માનું અસંગત્વ અને જે મળે તેને પ્રેમથી ભીંજવી દેતી કરુણા જોડા જોડ રહે છે. સરહની જ અમર પંક્તિઓનો ગુંજાર :

"કરૂણા છડ્ડી જો સુન્નહી લગ્ગુ,
નાઈ સો પાવૈ ઉત્તમ મગ્ગુ.
અહવા કરુણા કેવલ ભાવૈ,
જમ્મ સહસ્સહિ મોકખ ન પાવૈ.
સુન્ન કરુણા જૈ જોડણુ સક્કૈ,
નૌ ભવ નૌ નિવ્વાણહિ થક્કૈ."

"કરુણાને છોડીને જે શૂન્યને વળગે છે તે ઉત્તમ ગતિ પામતા નથી અથવા માત્ર કરુણાનું જ સેવન કર્યા કરે છે તે હજાર જન્મે પણ મોક્ષ પામતા નથી. શૂન્ય અને કરુણાને એકત્ર કરી શકે છે તેને માટે નથી રહેતો સંસાર, નથી રહેતો મોક્ષ."



For Private And Personal Use Only

# કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
**દેના બેંકમાં** પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ **૫** ટકા.



**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩.

*Ratan Batra/ DB/G/260*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશીભાઇ શાહનો
# રાજીનામાનો પત્ર

શાહસદન, બધેકા માર્ગ
ભાવનગર તા. ૩૦-૬-૭૫

પ્રતિ,
શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
ઉપ-પ્રમુખ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

જયજિનેન્દ્ર સાથ લખવાનું કે આપ જાણો છો કે છેલ્લા બે વર્ષ ઉપરાંત સમયથી હું પથારીવશ છું અને સભાના કામકાજમાં સક્રિય ભાગ લઇ શકતો નથી, વળી હવે તો મારી આંખો નબળી પડતી જાય છે અને લખવા-વાંચવામાં મને પુશ્કળ મુશ્કેલી પડે છે આવી પરિસ્થિતિમાં સભાના પ્રમુખપદે ચાલુ રહેવું તે મને યોગ્ય લાગતું નથી.

સભા સાથે મારો સંબંધ ઘણો જૂનો છે સં. ૨૦૦૨ થી ૨૦૧૪ સુધી મે ઉપ-પ્રમુખ તરીકે મારી સેવાઓ આપી છે અને સં. ૨૦૧૪માં તે વખતના સભાના પ્રમુખશ્રી ગુલાબચંદભાઇ આણંદજી કાપડિયા સ્વર્ગવાસી થતાં પ્રમુખપદે મારી વરણી કરવામાં આવી હતી અને ત્યારથી આજદિન સુધી તે પદ સંભાળી મારી શક્તિ અનુસાર સભાના ઉત્કર્ષમાં મેં મારો સક્રિય ફાળો આપ્યો છે. હવે હું શારીરિક નિર્બળતાના કારણે નિવૃત્ત થવા ઇચ્છું છું. એટલે આ પત્રથી આ પદનું રાજીનામું હું પેશ કરૂં છું. તો વહેલામાં વહેલી તકે વ્યવસ્થાપક સમિતિ પાસે આ રાજીનામું મંજૂર કરાવી મને પ્રમુખપદની જવાબદારીમાંથી છુટો કરવા વિનંતિ કરૂં છું.

આ પ્રમુખપદના લાંબા સમય દરમિયાન મને આપ તથા અન્ય હોદ્દેદારો તથા સભ્યો તથા હિતચિંતકો તરફથી ખુબ સહાય મળી છે, અને તે સહાયના લીધેજ સભાના માટે યત્કિંચિત્ પણ હું કરી શકયો છું આ પ્રસંગે તે સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સભા દિને દિને વધુ અને વધુ ઉત્કર્ષ સાધતી રહે એવી પ્રાર્થના સાથે રાજીનામાનો પત્ર આપને પાઠવું છું, એજ.

લી. સેવક
ખીમચંદ ચાંપશી શાહના
જય જિનેન્દ્ર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા : આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ [છઠ્ઠી આવૃત્તિ. કિંમત રૂ૦ ૮]

(૨) જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ [ત્રીજી આવૃત્તિ. કિંમત રૂ૦ ૪]

(૩) આનંદઘનજીના પદો : ભાગ પહેલો [અપ્રાપ્ય]
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

(૪) આનંદઘનજીના પદો : [ભાગ બીજો] વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [કિંમત : રૂ૦ ૧૦]

(૫) આનંદઘનચોવીશી : વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [કિંમત : રૂ૦ ૮]

## જૈન આગમ ગ્રંથમાળા

(૧) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च [પૃષ્ઠ સંખ્યા : ૭૬૨ : કિંમત રૂ૦ ૪૦]

(૨) ग्रन्थांक ९ : पण्णवणासुत्तं भाग १ [પૃષ્ઠ સંખ્યા : ૫૦૨ : કિંમત રૂ૦ ૩૦]

(૩) ग्रन्थांक ९ : पण्णवणासुत्तं भाग २ [પૃષ્ઠ સંખ્યા : ૯૩૨ : કિંમત રૂ૦ ૪૦]

(૪) ग्रन्थांक ४ : वियाहपण्णत्तिसुत्तं भाग १ [પૃષ્ઠ સંખ્યા : ૫૪૪ : કિંમત રૂ૦ ૪૦]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

(૧) કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ૦ ૧૫

(૨) યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ૦ ૧–૨૫

(૩) અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કિંમત રૂ૦ ૦–૨૫

(૪) Systems of Indian Philosophy : Late Shri V. R. Gandhi કિંમત રૂ૦ ૫–૦૦

(૫) સુવર્ણ–મહોત્સવ ગ્રન્થ : (ભાગ ૧–૨) કિંમત રૂ૦ ૫૦–૦૦
સભ્યો અને સંસ્થાઓ માટે કિંમત રૂ૦ ૨૫–૦૦

(૬) New Documents of Jaina Paintings :
Dr. Moti Chandra & Dr. U. P. Shah (મુદ્રણમાં છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભાના નિવૃત્ત પ્રમુખશ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહના રાજીનામાના પત્ર ઉપર વિચારણા અને તે અંગેના ઠરાવો

આપણી સભાના પ્રમુખ શ્રી ખીમચંદભાઈએ પોતાની નાદુરસ્ત તબીયતના કારણે પ્રમુખસ્થાનેથી રાજીનામું આપ્યું છે. તે અંગે તા. ૨૦-૭-૭૫ના મળેલ સભાની સામાન્ય સભાએ તેમણે દર્શાવેલ વાસ્તવીક કારણોને ધ્યાનમાં લેતા રાજીનામાનો સ્વીકાર કર્યો છે. અને નીચે મુજબ ઠરાવ કર્યો છે.

## ઠરાવ

૧. શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહના પ્રમુખપદના આવેલ રાજીનામાના પત્રમાં દર્શાવાયેલ નાદુરસ્ત તબીયતના કારણોની વાસ્તવિકતા સ્વીકારવી રહેતી હોઈ સભાની આજની સામાન્ય સભા તેઓશ્રીના પ્રમુખપદના રાજીનામાનો સખેદ સ્વીકાર કરે છે.

તેઓશ્રીએ આ સભાને વર્ષો સુધી એકધારી અનન્ય અને અજોડ સેવા આપીને સાહિત્ય ક્ષેત્રે (પ્રકાશન વિભાગને) તેમજ આર્થિક દૃષ્ટિએ પણ સૌ સાથે મળીને સભાની સારી પ્રગતી સાધેલ છે જે ખરેખર પ્રેરણારૂપ છે જેની આજની સભા સહર્ષ માનભેર નોંધ લે છે.

આ સભા ઇચ્છે છે કે તેઓશ્રી તંદુરસ્તભર્યું દીર્ઘાયુષ ભોગવે અને સભાને તેઓશ્રીનું સેવાપૂર્ણ માર્ગદર્શન મળતું રહે.

૨. સભાના પ્રમુખસ્થાનની ખાલી પડેલી જગ્યા માટે આપણી સભાના જુના અનુભવી અને કાર્યદક્ષ ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહની આજની સભા સર્વાનુમતે પ્રમુપદે નિમણુંક કરે છે.

૩. સભાના ઉપપ્રમુખની ખાલી પડેલી જગ્યાએ જુના કાર્યકર ભૂતપૂર્વ મંત્રી શ્રી હીરાલાલ ભાણજીભાઈની આજની સભા સર્વાનુમતે ઉપપ્રમુખ પદે નિમણુંક કરે છે.

માન્યવર શ્રી ખીમચંદભાઈએ સભાની અને સમાજની પ્રશંસનીય સેવા કરી છે તેઓએ આપણી સભાના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સંવત ૨૦૦૨ થી ૨૦૧૪ સુધી સંભાળી હતી અને ત્યાર બાદ સંવત ૨૦૧૪ થી આજ દીન સુધી તેઓશ્રીએ પ્રમુખપદ શોભાવી સભાની ઉચ્ચત્તમ સેવા કરી છે. તેઓશ્રીના પ્રમુખપદ દરમિયાન સભાએ આર્થિક તેમજ સાહિત્યક્ષેત્રે સારી પ્રગતી કરી છે.

## સન્માન સમારંભ

તેઓશ્રીની સેવાનું બહુમાન કરવાના હેતુથી આપણી શ્રી જૈન આત્માનંદ સભાએ તા. ૨૧-૯-૭૫ ભાદરવા વદી ૧ રવીવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે એક સન્માન સમારંભ યોજેલ છે તેમાં માનપત્ર સાથે તેઓશ્રીના તૈલચિત્રનું અનાવરણ થશે. આ પ્રસંગે સભાના સર્વ સભ્ય ભાઈ-બહેનો તથા સૌ શુભેચ્છકોને હાજરી આપવા અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કદાચ સંયોગવસાત આપ આ પ્રસંગે હાજર ન રહી શકો તો પ્રસંગને અનુલક્ષીને આપની શુભેચ્છાનો સંદેશો સમયસર મોકલી આભારી કરશો.

જાદવજી ઝવેરભાઈ શાહ
હીરાલાલ જુઠાલાલ શાહ
માનદ્ મંત્રીઓ

## એમનું સન્માન એટલે કેળવણીનું સન્માન

શિક્ષણની દુનિયાના નકશા પર પ્રિ. શાહના જેવી વ્યક્તિ ક્યારેક જ જોવા મળે છે એમની નિસ્પૃહતા, અને એમનો ઉત્સાહ, એમની પારદર્શક વાણી અને એમનો આચાર, એમનું સૌજન્ય અને સહકાર્યકરો માટેનો એમનો પ્રેમ આવા અનેક સદ્‌ગુણોને કારણે પ્રિ. શાહ બધાયનો પ્રેમ અને આદર મેળવી શકયા છે.

એમનું સન્માન કરીને તમે સ્વયં કેળવણીનું સન્માન કરો છો.

(દક્ષિણા-૧૯૭૫માંથી) (પદ્મવિભુષણ લેડી પ્રેમલીલાબેન ઠાકરશી)

જ્ઞાનમંદિરો આત્માના વિશ્રામસ્થાનો છે, જ્ઞાન-અમૃતનું પાન કરાવતી પરબો છે, સાચો માર્ગ બતાવતા મિત્રો છે. એમાં સંગ્રહાયેલાં મહાત્મા પુરુષો અને જ્યોતિર્ધરોનાં અમૃતતુલ્ય વચનો જીવનને નવી નવી પ્રેરણાઓ આપી મનુષ્યનું ઘડતર કરે છે. એ જ્ઞાનદીવડાઓ આત્મામાં પ્રકાશના કિરણો પ્રગટાવે છે અને અંતરને વિકસિત, નિર્મળ, પવિત્ર અને ઉચ્ચતમ બનાવી સત્યં, શિવં, સુંદરમ્-સત્-ચિત્, આનંદ તરફ દોરી જાય છે.

*

એક યાચક આવ્યો, મેં તેને મારા સદુર્પાજિત સુવર્ણના નાના ભંડારમાંથી દાન કર્યું. તે યાચકે તે દાન ખર્ચી નાંખ્યું. ફરીવાર અને વળી ફરીવાર, ઠુંઠવાયેલો અને પહેલાંની જેટલો ભૂખ્યો તે પાછો આવ્યો. મેં તેને એક વિચાર-જ્ઞાનકણનું દાન કર્યું. તેણે તે જ્ઞાનકણદ્વારા તેના આત્માને ઓળખી લીધો કે પોતે દિવ્યતાયુક્ત માનવી છે. પોતે અન્ન, વસ્ત્ર મેળવી લીધાં અને વિધવિધ ભોગોથી સંપન્ન થયો. હવે તે બિલ્કુલ ભિક્ષા માગતો નથી.

अन्नेन क्षणिका तृप्तिः । ज्ञानेनामृतभोजनम् ।

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સાચું માનશો ?**

૬૦ × ૫ = ૩૭૮

૬૦ × ૧૦ = ૭૫૭

દર મહિને નિયમિત રૂપિયા **૫/-**

**સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના**

**રિકરિંગ ડિપોઝિટ ખાતામાં**

બચાવવાથી ૬૦ માસને અંતે રૂપિયા **૩૭૮/-** મેળવી શકાય.

આજે જ અમારી કોઈપણ શાખામાં

**રિકરિંગ ડિપોઝિટ ખાતું**

ખોલાવો અને આકર્ષક દરે વ્યાજ મેળવો

# સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર-૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments

From

# Natvarlal M. Shah

Consultant in Import Export Legal Matters.

Bulakhidas Building, 2nd Floor, Vithaldas Road,

BOMBAY 400002.

Office : 310524 Residence : 524731

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only